
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું અગ્રણી માસિક ૨૮૭ વર્ષ ૨૪મું · અંક ૧૧મો · નવેમ્બર ઈ. સ. ૧૯૪૭




કુમાર

નવેમ્બર ૧૯૪૭

અંક ૨૮૭

ચિત્રો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી. મુદ્રક અને પ્રકાશક - બચુભાઈ પોપટભાઈ રાવત.
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭, પરદેશમાં રૂ. ૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.



ધણ ચિત્રકાર: જગજીવન શાહ ('કુમાર' · ૨૮૭મા અંકનું મુખચિત્ર)

ઉદયાદિત્યને

· પૃથ્વી ·

પ્રકાશ રવિરાજ ! આજ અદકો દિગંતો ભરી,
ખડી છ અણમોલ આજ ઉગવા તણી જો ઘડી.
તરંગ રમણીયથી અધિક ઓપતી જાહ્નવી,
હિમાદ્રિ શિખરોનીં દિવ્ય લસતી જ શોભા બઢી.

કસૂંબલ ઝળેળતો ધ્વજ વિમુક્ત ને ઉન્નત,
પ્રતાપ પ્રસરાવતો શહુર-પ્રેમથી અંકિત.
ગભીર ગરજી સમુદ્ર ભરતી ઉછાળે ચઢયો,
વિદાય યુગઅંધકાર થઇ જાય આદિત્ય જો.

અદમ્ય બઢતા લઇ સ્વપન વિશ્વમાંગલ્યનું,
અમે પ્રગલ સ્કંધગે જગ ઉપાડવા ઇચ્છતા,
ઘવાયલ કુરંગ શું વિકલ જે પડયું હાંફતું,
રુધિર ખરડાયલું જીં ન કાજ ઝંખી રહ્યું.

ઘણા દિન તમિસ્રના તલ તળે દબાયા અમે,
અનસ્ત અજવાળજે પથ પિતા ! અમારો હવે.

બાલમુકુન્દ દવે



ભાગ્યપુરુષ

· શિખરિણી ·

તમાચા મારીને જીવતવધૂને ભાગ્યપુરુષ
ચૂમે બે ગાલોની સુરખિ; પણ એને નવ સુઝે
અભાગીને થોડા અનુનયથી, મીઠી નજરથી
હસીને શર્માવી સકલસુખ લજ્જારુણ કરી
ચૂમી લેવા કેરી સરલ પણથી કેરી જુગતી !

ઉશનસ્

તારું દર્શન

તારાં કમળકળી સમ લોચન
પ્રીતિની અરુણા થકી ઘેરાં નિત્ય રહે સંમોહન
તારાં

તુષારધૌત તું નીલ નભવદન,
તું જ પ્રાચી, તું ઉદિત રવિ-કિરણ,
તું જ સૃષ્ટિનું ગહન સત્ય /
મંગલમય તું રૂપ-શોભન તારાં

જાગૃતિ તું, તુંથી નિઃસંશય મન,
કરણ બન્યાં નિરલસ ભર ચેતન,
કર્મમહીં રમતાં, નવ રતિથી
થતું લહું બંધનમોચન તારાં

તુંથી વ્યાપ્ત જલ, થલ, જનપદ, વન,
તુંથી વ્યાપ્ત વળી સમયની ક્ષણક્ષણ.
તુજ રવ ગંધ વરણથી ભર્યાં મુજ
જીવનનાં શત જોજન તારાં

રાજેન્દ્ર શાહ



માસિક **સ્વાતંત્ર્યનો પાયો** મનન

મજબૂત કરવા માટે આજની તાત્કાલિક જરૂરિયાત

રાષ્ટ્રીય ભાવના

જગતના એક સ્વતંત્ર બલશાળી દેશમાં બીજા દેશના એક વિદ્વાન પુરુષ ગયા ત્યારે તેમણે ત્યાંની કે કે શાળાની મુલાકાત લીધી ત્યાંના સર્વ વિદ્યાર્થીને એક જ પ્રશ્ન પૂછયો: 'તમારી સૌથી મોટી ઈચ્છા શી?' અને આશ્ચર્યની વાત એ કે તે સ્વતંત્ર દેશની ઊગતી પ્રજાના એકે એક મુખેથી એક જ જવાબ આવ્યો: 'મારા દેશ ખાતર મરી ફીટવાની.'

પોતાના દેશ માટેની આ આત્મીયતા તથા પ્રાણાર્પણ કરવાની તત્પરતા તે રાષ્ટ્રીય ભાવના કહેવામાં આવે છે. દરેક સ્વતંત્ર દેશની તથા સ્વાતંત્ર્યેચ્છુ ગુલામ દેશની સૌ પહેલી અને છેલ્લી જરૂરિયાત છે આ રાષ્ટ્રીય ભાવના. તેના વગર સ્વાતંત્ર્ય મેળવવું કે ટકાવવું એ આકાશકુસુમવત્ છે.

જ્યારેજ્યારે આપણા આ દેશમાં સ્વરાજ્યની ભવ્ય મહેલાતો ઊભી થએલી ત્યારે-ત્યારે તેના પાયામાં હતું આ રાષ્ટ્રીય ભાવનાનું સીમેંટ. રામરાજ્યની ઝાંખી જે કાળે પ્રજાને થઇ હતી તે શિવાજીના વખતનો એક પ્રસંગ આજે પણ બોધદાયક થઇ પડે તેવો છે. શિવાજીના એક સરદાર તાનાજી માલુસરેને ત્યાં તેના દીકરાનું લગ્ન હતું. બારણે સરણાઇઓ વાગી રહી છે. ત્યાં શિવાજી મહારાજનો સંદેશો લઇ એક ઘોડેસ્વાર આવી પહોંચે છે. સંદેશો વાંચતાં જ લગ્ન પડતું મૂકી તાનાજી શિવાજી પાસે હાજર થઇ જાય છે. શિવાજીએ તેને કહ્યું, 'તાનાજી, આ સામે દેખાય તે કોંડાણા (પાછળથી સિંહગઢ)નો કિલ્લો મને તે ભોગે જીતી લેવાનો છે.' તાનાજીએ કહ્યું, 'આજ્ઞા કરો તેટલી જ વાર, સેવક તૈયાર છે.' પણ તાનાજી તો ઘેર તેના પુત્ર રાયબાનું લગ્ન પડતું મૂકીને આવ્યા છે એવી શિવાજીને ખબર પડતાં જ તેમણે તાનાજીને કહ્યું, 'તાનાજી, જા, પહેલાં તારા પુત્રનું લગ્ન કરાવી આવ. કોંડાણાની વાત પછી.' ત્યારે તે વીર નરે જે જવાબ વાળ્યો તે તે કાળના પ્રત્યેક મનુષ્યમાં દેશ માટે કુટુંબ-સુખનો ભોગ આપવાની કેવી ઉત્કટ તમન્ના હતી તેનો નમૂનો છે તાનાજી બોલ્યો, 'महाराज, आधी कोंडाण्याचें लगीन, मग रायबाचें लगीन.' ('પહેલાં કોંડાણાનું લગ્ન પછી રાયબાનું લગ્ન.').

જે વ્યક્તિના લોહીમાં આવી રાષ્ટ્રીય ભાવના ધબકતી હશે તે વ્યક્તિ પ્રાણાન્તે પણ સમાજ કે રાષ્ટ્રહિત આડે વ્યક્તિ હિત કે કુટુંબ-હિત નહિ આવવા દે. પોતે તો સમાજનો એક ઘટક માત્ર છે અને પિતૃઋણની માફક પોતાને રાષ્ટ્રઋણ પણ અદા કરવાનું છે એ ભાવનાની જ્યોત હમેશ તેના અંતરમાં જલતી રહેશે. જ્યાં સમાજના મોટા ભાગના લોકોમાં 'મારો ફાયદો થાય એટલે બસ, સમાજનું કે દેશનું પછી ગમે તે થાઓ' એવી ભાવના બળવાન થાય કે તે સમાજને અધઃપતનની ગર્તામાં સરકી પડતાં વાર કેટલી?

૧૫મી ઑગસ્ટ પછી આપણે બીજા સ્વતંત્ર દેશોની જોડાજોડ તો જઇને બેઠા; પણ તેને પ્રજાઓની માફક આપણા હૃદયમાં એ રાષ્ટ્રીય ભાવનાનો દીપ પ્રગટ્યો છે? આપણા આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષના અંતરમાં તે રાષ્ટ્રધારક પ્રબલ પ્રવાહ વહે છે? લાગે છે કે ગુલામીના કાળમાં આપણે જે લજ્જાસ્પદ જીવન જીવતા હતા તે જ જીવન હજુ પણ આપણે જીવી રહ્યા છીએ. વિદ્યાર્થીઓ તેમના નિઃસત્ત્વ પુસ્તકિયા શિક્ષણમાં મશગુલ છે; યુવાનો બીનજવાબદાર આછકલાઈથી ફૂલ્યા ફરે છે; અને વૃદ્ધો નિંદાકુથલીમાં આનંદ લઈ રહ્યા છે. વેપારી દેશને ભોગે પોતાની કોઠી ભરવાની વેતરણમાં છે, નોકરીઆતોને તેમની નોકરીની બહાર (અને શક્ય હોય ત્યાં લાંચરૂશ્વતની બહાર) ઉંકિયું કરવાની ફુરસદ નથી અને શ્રીમતો તેમના મોજશોખમાં જ મસ્ત છે અને વધારામાં બધા જ પોતાને થતી એક યા બીજી તકલીફ માટે સરકારને સ્વસ્તિ સંભળાવી રહ્યા છે. કોઈના પણ જીવનમાં દેશ, દેશહિત, રાષ્ટ્રીય ભાવનાને ક્યાંયે સ્થાન જણાતું નથી કે હૈયામાં દેશની અત્યારની કટોકટીની દાઝ વસતી લાગતી નથી. આમ આપણે સ્વાતંત્ર્યને લાયક બનતાં પહેલાં જ આપણે તેના શણગાર સજી લીધા છે. પણ રોગી માણસને ગમે તેવાં સુંદર આકર્ષક કપડાંથી સજાવવામાં આવે, પણ જ્યાં સુધી તેનો રોગ દૂર નથી થયો ત્યાં સુધી તો તે નિર્બળ જ છે, અસુંદર છે. રાષ્ટ્રીય ભાવનાના અભાવનો આપણને જે રોગ ઇ. ૧૭૫૭ થી લાગુ પડ્યો તે આપણે હજુ સુધી દૂર કરી શક્યા નથી એ એક હકીકત છે.

ભગવાન રામચંદ્રજીએ રાષ્ટ્રીય ભાવનાનો જે એક જ્વલંત દાખલો આપણી આગળ મૂક્યો છે તે પ્રત્યેક વ્યક્તિએ મનન કરવા જેવો છે. લંકા જીતી લીધા પછી વિભીષણને તે આપી દેવાની રામચંદ્રજીની દરખાસ્ત સાંભળીને લક્ષ્મણ બોલી ઊઠ્યો, 'આવો સુંદર વૈભવશાળી પ્રદેશ બીજાને શા માટે આપી દેવો જોઇએ? આપણે જ અહીં રહીને તેનો ઉપભોગ કરીએ.' રામચંદ્રજીએ શાંતિથી જવાબ આપ્યો:

'अपि सुवर्णमयी लंका न मे रोचते लक्ष्मण।
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी॥'

'હે લક્ષ્મણ, લંકા સોનાની હોવા છતાં મને ગમતી નથી. (કારણ) જનેતા અને જન્મભૂમિ એ તો સ્વર્ગ કરતાં પણ મહાન છે.'

સ્વાતંત્ર્યની ધોરી નસ જેવી આ રાષ્ટ્રીય ભાવનાની જ્વાળા જેના અંતરમાં જલતી હશે તે માણસનો પ્રત્યેક વિચાર, પ્રત્યેક વેણ તથા દરેક કાર્ય રાષ્ટ્રને પોષક હશે. તેના હાથે પોતાના દેશને બટ્ટો લાગે તેવું કોઈ પણ આચરણ નહિ થાય; રાષ્ટ્રોપયોગી દરેક કાર્યમાં તે તનમનધન પૂર્વક સાથ આપશે; જાતસુખ યા કુટુંબસુખ માટે તે દેશહિતનું બલિદાન નહિ આપે; તે સ્વદેશી વસ્તુ જ વાપરશે; દેશ પર આવેલી આફત કે દેશનું અપમાન તે પોતાની જ આફત તથા અપમાન સમજશે.

આ ગુણ આપણામાં ખિલવવો એ કંઈ અશક્ય વાત પણ નથી. તેને માટે ખાસ આગ્રહ, સતત રટણ તથા નાનપણથી જ પ્રબળ સંસ્કારની આવશ્યકતા છે.

જે દેશમાં આવી ભાવનાવાળા નાગરિકો વસતા હશે તે દેશના સ્વાતંત્ર્યને ઝૂંટવી લેવાની તાકાત હજારો મશીનગનો કે સેંકડો ઍટમ બૉમ્બમાં પણ નથી.

હવે

આપણી સમક્ષ કઠિન કાર્ય પડેલું છે. જ્યાંસુધી આપણે આપણી પ્રતિજ્ઞાને પૂર્ણ ન કરીએ, વિધાતાએ હિંદના પ્રજાજનોને જેવા બનવાને નિરધાર્યા છે એવા જ્યાંસુધી ન બનાવીએ ત્યાંસુધી આપણામાંના કોઇને પણ આરામ માટે અવકાશ નથી. હિંમતભરી પ્રગતિને આરે ઊભેલા એક મહાન રાષ્ટ્રના આપણે નાગરિકો છીએ અને આપણે એ ઉચ્ચ કક્ષાને અનુરૂપ બની રહેવાનું છે.

— જવાહરલાલ નહેરૂ

શીલ સંસ્કારિતા અને શૌર્યના વિરલ ત્રિવેણીસંગમ સમા વીર સેનાની અને પરાક્રમી ભદ્ર પુરુષ



(અવસાન પહેલાં થોડા જ માસ પર લેવાયેલો ફોટોગ્રાફ ૧૯૪૭)

કર્નલ જોરાવરસિંહજી ગોહિલ

આભિજાત જીવનની પરંપરાનો કોઈ પ્રતિનિધિ જ્યારે અદૃશ્ય થાય છે, આત્માના પુરુષાર્થના પ્રતીક સમો કોઈ જીવનદીપ જ્યારે હોલવાઈ જાય છે, પ્રાણના પરાક્રમનો કોઈ વીર સેનાની જ્યારે જીવનયુદ્ધમાં મૃત્યુની ભાઈબંધી કરે છે, ત્યારે અંતરને વેદનાનો એવો તો સ્વાભાવિક આંચકો લાગે છે કે જિંદગીની સિતારના બધા જ તારો ઝણઝણી ઊઠે છે. મધ્યમાંથી ઊઠેલો તરંગ જેમ કિનારે પહોંચતાં વિસ્તારમાં શમી જાય છે તેમ, જે કુટુંબમાંથી આવા આત્માઓ જાય છે ત્યાંથી વિષાદનું મોજું શરૂ થઈને સમાજના અનંત વિસ્તારમાં સમાઈ જાય છે.

ભાવનગરના રાજકુલના અંતેવાસી અને ઝડપથી અલોપ થતી સાચી ક્ષત્રિયવટના સુપુત્ર કર્નલ જોરાવરસિંહજીના, ગયા સપ્ટેમ્બરની ૫ મી તારીખ ને શુક્રવારની રાતે ૬૪ વર્ષની ઉંમરે થએલા અવસાનથી ગુજરાતે શીલ, સંસ્કારિતા અને શૌર્યના વિરલ ત્રિવેણીસંગમના તેજસ્વી પ્રવાહમાંથી જીવનનૌકા હંકારી જનાર એક વીર સેનાની અને પરાક્રમી ભદ્ર પુરુષ ગુમાવ્યો છે.

મારું એમનું પ્રથમ દર્શન હજી મારા માનસમાં સ્પષ્ટ અંકાએલું છે. ઈ. ૧૯૨૩માં કાઠિયાવાડમાં સીકા મુકામે મળેલી રાજપૂત પરિષદ પૂરી કરીને હું ભાવનગર ખાસ એમને મળવા જ ગયો હતો. સવાર હતું. એમના મહેલ જેવા વિશાળ મકાનના આગલા દીવાનખાનામાં એઓ બેઠા હતા. સામે બેઠેલા બે જાણીતા ચારણ કવિઓ પોતાનાં કવિતો સંભળાવતા હતા. આકાશી રંગનો સાફો, સફેદ મલમલનું સ્વચ્છ અંગરખું અને સુરવાળમાં સજ્જ થએલી એ આકૃતિએ મારા અંતરમાં અભિજાત વ્યક્તિત્વની સજ્જડ મહોર મારી દીધી. શીલવંતી તેજસ્વી મુખમુદ્રા, જીવનના પાણીનું ઊંડાણ બતાવતી આંખો અને ઉદારતા ફોરતી એમની શુભ્ર મૂછો મને હજીયે બરાબર યાદ છે. બસ, ત્યારથી અમારો જે સંબંધ બંધાયો તે પિતાપુત્રના સ્વરૂપમાં વિકાસ પામ્યો ને મૃત્યુ સુધી એમણે એ રૂપને પોતાના નિખાલસ ને નિર્મળ વાત્સલ્યથી અખંડિત રાખ્યું.

ભાવનગર રાજ્યના દીવાણી ભાયાત કુટુંબમાં, હરિસિંહજી જેસાભાઈ વજીરને ઘેર ભૂજપરામાં ઈ. ૧૮૮૬ની ૧લી એપ્રિલે એમનો જન્મ થયો. એમનાં માતાનું નામ માજીરાજબા. 'મા'ના વહાલસોયા નામથી ઓળખાતાં આ જાજ્વલ્યમાન વૃદ્ધાએ કુટુંબમાં વાત્સલ્યનું એવું તો વાતાવરણ જમાવ્યું હતું કે ૧૯૩૭માં પળામાં એમને જ્યારે એમના મૃત્યુનો તાર મળ્યો ત્યારે પંચાવન વર્ષના પીઢ જોરાવરસિંહજી પણ એક બાળકની માફક ધ્રુસ્કેધ્રુસ્કે રડી પડ્યા હતા.

હરિસિંહજી ભાવનગરના મહારાજા તખ્તસિંહજીના વજીર. કાઠિયાવાડના પહેલા મૅટ્રિક અને રાજદ્વારી વર્તુલમાં કુશળ મુત્સદ્દી તરીકે કાઠિયાવાડમાં જાણીતા વ્યક્તિ હતા. એટલે જોરાવરસિંહજીનો જન્મ ગર્ભશ્રીમંત અને ખાનદાન કુટુંબમાં બહુ જ અનુકૂલ વાતાવરણમાં થયો હતો. એમની કેળવણી રાજકોટની રાજકુમાર કૉલેજમાં તથા ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલ અને સામળદાસ કૉલેજમાં થઈ હતી. ૧૯૦૧માં ઇન્ટરની પરીક્ષા પાસ કરીને તેઓ દહેરાદૂનની ઈમ્પીરિયલ કેડેટ કોરમાં દાખલ થયા અને ત્યાં ૧૯૦૫માં લશ્કરી તાલીમ પૂરી કરીને આખરી પરીક્ષામાં પહેલે નંબરે ઉત્તીર્ણ થયા. આ જ સાલમાં એમની તેજસ્વી સિદ્ધિઓથી આકર્ષાઈને લશ્કરી કારકિર્દીમાં હિંદીઓને દુર્લભ એવું 'કિંગ્સ કમિશન' એમને આપવામાં આવ્યું. આ કમિશન મેળવનારા તેઓ પહેલા હિંદી હતા. સામળદાસ કૉલેજની કારકિર્દી વખતે ક્રિકેટના એઓ એટલા શોખીન હતા કે ઈન્ટર પછી એમણે બી. એ.ની ડિગ્રી લેવાની જરા યે દરકાર ન કરી. એ વખતે એઓ કાઠિયાવાડની ટ્રાયેંગ્યુલર ક્રિકેટમાં આગળ-પડતા ખેલાડી હતા. પછી જ્યારે કૉલેજના જૂના વિદ્યાર્થીઓ ઉપર પ્રતિબંધ નીકળ્યો ત્યારે બી. એ. માં પાસ થવાનું મુલતવી રાખેલું કામ પાછું હાથ ધરીને તેઓ પહેલે જ વર્ષે ૧૯૦૮માં બી. એ. થઈ ગયા.

દહેરાદૂનના જ્વલંત પરિણામે સ્વ. મહારાજા ભાવસિંહજી એમના ઉપર ખૂબ પ્રસન્ન થયા અને ભાવનગરના ઈમ્પીરિયલ લાન્સર્સના કમાન્ડિંગ ઑફિસર તરીકે એમને ભાવનગર લઈ આવ્યા. ઈ. ૧૯૧૧માં શહેનશાહ પાંચમા જ્યૉર્જની તાજપોશી વખતે હિંદનું જે લશ્કરી પ્રતિનિધિમંડળ લંડન ગયું તેના સભ્ય તરીકે પણ તેમની વરણી થઈ અને તે લંડન ગયા. ત્યાર બાદ ૧૯૧૪માં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે ભાવનગરે પોતાનું લશ્કર એમની સરદારી હેઠળ લડાઈમાં મોકલ્યું હતું. ભાવનગરની કુલદેવતા ખોડિયાર માતા છે, અને કહેવાય છે કે મહારાજા વખતસિંહજી જ્યારે લશ્કર લઈને જતા ત્યારે કાળીદેવ નામે પક્ષીના રૂપમાં તે મહારાજા વખતસિંહના ભાલા ઉપર



(૧) ૧૯૦૮માં બી.એ. થયા ત્યારે (૨) કૅપ્ટન ઝોરાવરસિંહજી પહેલા વિશ્વયુદ્ધમાં વીરતા માટે મિલિટરી ક્રૉસ મળ્યો ત્યારે (૩) ૧૯૨૩માં રાજપુત પરિષદમાં

આવીને બેસતાં, જેથી તેમને વિજયની પ્રતીતિ થતી. લડાઈમાં જતા ભાવનગરના લશ્કરને મહૂમ મહારાજા શ્રી ભાવસિંહજી તરફથી ખુલ્લા મેદાનમાં જ્યારે જ્યાફત આપવામાં આવેલી ત્યારે મહારાજા સાહેબના ચાબુક ઉપર કાળીદેવ આવીને બેઠી! એ પ્રસંગને ઝડપી લઈને ઝોરાવરસિંહજીએ સૈનિકોને લડાઈમાં જવા એટલા ઉત્સાહિત કરેલા કે તેઓ હસતે મોઢે લડાઈમાં ગયા હતા ને હસતે મોઢે પાછા આવેલા.

લશ્કરના પ્રત્યેક માણસ માટે તેમના દિલમાં ઊંડી લાગણી હતી અને યુદ્ધના મેદાન પર યુરોપિયન ઑફિસરને સરખે દરજ્જે રહીને શક્તિ, બહાદુરી ને બુદ્ધિમાં એમણે જે કામયાબી દેખાડી હતી તે ખૂબ અંગ્રેજ રાજસત્તાને હૈયે પણ બહુ ઊંડી વસી ગઈ હતી,



૧૯૨૬માં હિંદી લશ્કરી પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે લંડનમાં

અને તેની કદરદાનીમાં એમને 'એમ. સી.' (મિલિટરી ક્રૉસ)નું બહુમાન આપ્યું હતું. આ ચન્દ્રક મેળવનાર તેઓ પ્રથમ હિંદી હતા. ત્યાર બાદ તે વખતના વાઇસરૉય લૉર્ડ હાર્ડિંજના એ. ડી. સી. તરીકે તેમની નિમણૂક થઈ અને તે દરજ્જાનું તથા પછી લૉર્ડ ચેમ્સફર્ડના એ. ડી. સી. તરીકેનું પણ એમનું કામ મોટી કદરને પામ્યું હતું.

યુદ્ધ દરમ્યાનના એમના અનુભવો પણ બહુ રસિક અને પ્રેરક હતા. ઘણી વખત કુટુંબમાં રાતે જમીને બેઠા હોઈએ ત્યારે મોડી રાત સુધી એઓ પોતાના એ રોમાંચક અનુભવો કહીને અમને આશ્ચર્યમુગ્ધ બનાવતા. એક વખતે શ્રી અમૃતલાલ શેઠ રાણપુરથી આવેલા એ વેળા એમના 'સૌરાષ્ટ્ર'પત્રનો મધ્યાહ્ન તપતો હતો. જમ્યા પછી એ લડાઈની વાતો નીકળી તે એવી તો રસદાયક નીવડી કે શ્રી શેઠે આ અનુભવો શબ્દબદ્ધ કરવા આગ્રહ કર્યો અને આ જ આગ્રહને વશ થઈને 'સૌરાષ્ટ્ર'ના એક ખાસ અંકમાં એમણે 'સમરાંગણનાં સંસ્મરણો' લખ્યાં હતાં, જે બહુ જ લોકપ્રિય થયાં હતાં.

એમની કુશાગ્ર રાજદ્વારી કુનેહથી આકર્ષાઈને મહારાજા ભાવસિંહજીના સમયમાં જ પન્નાના મહારાજા સાહેબ એમને પોતાના દીવાન તરીકે લઈ ગયા. લશ્કરી શિસ્તબદ્ધ માનસને રાજદ્વારી ક્ષેત્ર મળતાં એમનું વ્યક્તિત્વ ખૂબ ખીલી ઊઠ્યું; અને એટલે, જ્યારે બે વર્ષ બાદ મહારાજા ભાવસિંહજીના દેહાંત પછી એઓ પોતાના રાજ્ય પ્રત્યેની સેવાભાવના ને કર્તવ્યબુદ્ધિથી પાછા આવ્યા ત્યારે તે વખતની કાઉન્સિલના એઓ મુખ્ય મંત્રી નીમાયા અને છેક ૧૯૩૬ સુધી એ કામ એમણે કર્યું. પછી બીજી વખતે એઓ પન્નાના મુખ્ય પ્રધાન તરીકે નીમાઈને પન્ના ગયા.

હિંદમાં લશ્કરી કૉલેજ ખોલવી ઇષ્ટ છે કે કેમ એ વિષય ઉપર તેમજ લશ્કરમાં હિંદી અમલદારોની ભરતી કરવા વિષે વિચારણા કરવા માટે ઇ. ૧૯૨૬માં હિંદી સરકારે બાહ્ય સ્કીન કમિશન નીમ્યું હતું. તેમાં રાજાઓના પ્રતિનિધિ તરીકે ઝોરાવરસિંહજીની નિમણૂક થઈ હતી. એ કમિશનમાં પંડિત મોતીલાલ નેહરૂ, કાયદે આઝમ ઝીણા, ફિરોઝ શેઠના અને કર્નલ ઝોરાવરસિંહજી એમ ચાર સભ્યો હતા. આ કમિશને યુરોપનાં જુદાંજુદાં રાષ્ટ્રોની લશ્કરી પરિસ્થિતિનો ખાસ અભ્યાસ કરીને જે નિવેદન તૈયાર કર્યું હતું તે નિવેદન ઉપર સહી કરતી વખતે પંડિત મોતીલાલજીએ કર્નલ ઝોરાવરસિંહજીનાં



માતા : માજીરાજબા



બહેન : આનંદકુંવરબા



પત્ની : સ્વ. સૌ. સુણજીબા

લશ્કરી જ્ઞાન ને દૂરંદેશી માટે ખાસ નોંધ કરી હતી.

ઈ. ૧૯૨૪માં વરતેજમાં કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતના રાજપૂતોની જે વિશાળ અને ભવ્ય પરિષદ ભરાઇ હતી તેનાં સર્જન અને સાફલ્ય પાછળનાં પુરુષાર્થ અને પ્રેરણા બને જોરૂભા સાહેબનાં હતાં. એવી પરિષદ અગાઉ કદી થઈ નહોતી અને આજ સુધી ફરી થઇ પણ નથી. એ પરિષદે રાજપૂતોમાં સંગઠ્ઠનની જે ભાવના જગાવી હતી તે સમય જતાં કોમના પોતાનાં જ અજ્ઞાન, આળસ અને પ્રત્યાઘાતી માનસને પરિણામે પાછી અદૃશ્ય થઈ ગઈ. એ પરિષદમાં રાષ્ટ્રીય સેવાનો ગાંધીજીનો સંદેશો લઇને સ્વ. પૂજ્ય કસ્તુરબા ને સરદાર વલ્લભભાઇ પટેલ ખાસ પધાર્યાં હતાં. ત્યાંથી દેશસેવાનો જે નવુવાળ લઇને રાજપૂતો ગયા તેની, જે તે રાજ્યોએ પોતાના સ્વાર્થની જમીન ઉપર ઓટ ઉતારી દીધી પણ જોરૂભા સાહેબ તો અજબ કર્તવ્યનિષ્ઠ માણસ હતા, અંતરના સાચા હતા અને ખરા વીર પુરુષ હતા. આ નેક દાનતનો એક પ્રસંગ સ્મરણે ચડે છે. નાગપુરમાં રાષ્ટ્રધ્વજનો સત્યાગ્રહ ચાલતો હતો. તે વખતે સરકારે પ્રજાને સર્વત્ર પોતાના મકાન ઉપર પણ રાષ્ટ્રધ્વજ ચઢાવવાની મનાઈ કરી હતી અને દેશી રાજ્યોએ એનું આંધળું અનુકરણ કરીને પોતાને ત્યાં પણ એની મનાઈ ફરમાવી હતી. એ મનાઇનો ભંગ કરવા માટે હિંદી રાષ્ટ્રીય મહાસભાએ જે તારીખ નક્કી કરી હતી તે દિવસે ઘણા દેશપ્રેમીઓ પોતાના મકાન પર રાષ્ટ્રધ્વજની પ્રતિષ્ઠા કરીને કાયદાભંગની સજા પામ્યા હતા. પણ તે દિવસે આખા ભાવનગરમાં એક માત્ર કર્નલ જોરાવરસિંહના મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકયો હતો! એમની આ વીરતા અને નિષ્ઠાથી આકર્ષાઇને કોંગ્રેસે એમને પોતાના તરફથી મુંબાઇની ધારાસભામાં ચુંટાવાનું આમંત્રણ આપ્યું હતું.

પણ મને તો મને પાંચ વરસ સુધી સતત એમના સહવાસ અને વાત્સલ્યનો લાભ મળ્યો હતો. ઈ. ૧૯૩૯માં જ્યારે બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું ત્યારે એમની તબિયત સારી નહોતી. એક દિવસ સવારે મને વહેલો ઉઠાડીને એમણે મારી પાસે મધ્ય હિંદના એ. જી. જી.ને એક પત્ર લખાવ્યો. લડાઈ માટે હિંદી સરકારને પોતાની સેવાઓ આપવાનું જાહેર કરતા એ પત્રની લખાવટમાં એમની ધબકતી રાષ્ટ્રપ્રીતિ અને ક્ષત્રિય તરીકેની પોતાની ફરજનું એવું તો સુભગ અને સન્નિષ્ઠાભર્યું મિશ્રણ હતું કે એની છાપ આજે પણ મારા હૃદય પર તાજી છે. એમની આ સત્યનિષ્ઠા અને નિર્ભેળ વીરતાને કારણે જ

જ્યારે સર સ્ટેફર્ડ ક્રિપ્સ એમની મશહૂર દરખાસ્ત લઇને આવ્યા ત્યારે એમની સાથે વાટાઘાટ કરવા માટે નરેન્દ્રમંડળ તરફથી પાંચ રાજવી અને પાંચ પ્રધાનોની જે કમિટી નિમાઇ હતી તેમાં કર્નલ જોરાવરસિંહજીનો ભાગ આગળ પડતો હતો, એટલું જ નહિ પણ તે વખતના રાષ્ટ્રપતિ મૌલાના અબુલકલામ આઝાદે પણ એમને લશ્કરી સમસ્યાઓની સલાહ માટે ખાસ ભલામણ મૂકીને બોલાવ્યા હતા.

જોરૂભા સાહેબ ભાવનગરની ઘણી જાહેર પ્રવૃત્તિઓના પ્રેરક, સંચાલક અને પિતા હતા. રાજપૂત પાઇ ફંડ સોસાયટી, કચ્છ-કાઠિયાવાડ-ગુજરાત રાજપૂત સમાજ, ગોહિલવાડ રાજપૂત સમાજ, ભાવનગર ગરાસિયા સમાજ, માજીરાજબા વિધવા સહાયક ફંડ જેવી જ્ઞાતિની સંસ્થાઓ ઉપરાંત કાઠિયાવાડ વ્યાયામ મંડળ વગેરેના



પિતા : હરિસિંહજી ભેસાભાઈ ગોહિલ-ભાવનગરના મંત્રી

પ્રમુખ તરીકે એમણે કરેલી કથાઓ અનેક છે. ભાવનગર મ્યુનિસિપાલિટીના ઇતિહાસમાં એક વખત એવો આવ્યો કે દરબારને એવા માણસને પ્રમુખ બનાવવા હતા કે જેને દરબાર અને પ્રજા બંને માન્ય રાખે. આખરે સર પ્રભાશંકર પટ્ટણીએ નેરૂભા સાહેબને પહેલી ચૂંટણીના પ્રમુખ બનાવ્યા. લડાયક ક્ષત્રિય કોમમાં જન્મ લઇને તેમણે બિનલડાયક કોમને લાયક અભ્યાસ કર્યો. સૈનિક તરીકેના જીવનમાં જેટલાં વરસો ગાળ્યાં તે કરતા વધારે વર્ષો તેમણે મુત્સદ્દી જીવનમાં ગાળ્યાં. આવી ઘણી પરસ્પર વિરુદ્ધ વાતોનો સુભગ સમન્વય તેમનામાં થયો હતો. તેઓ સૈનિક હતા અને સાક્ષર પણ હતા; તેઓ કડક હતા અને સ્નેહાર્દ્ર પણ હતા. સ્વભાવે ઉદાર છતા જાહેર બાબતોનો પાઇએ પાઇનો હિસાબ રાખતા. તેઓ વડીલો પ્રતિ આજ્ઞાંકિત, મિત્રો પ્રતિ સ્નેહાળ, સંતાનો તરફ વત્સલ, નીચેના માણસો પ્રત્યે સમભાવી અને દુષ્ટો પ્રતિ શાસક હતા. Last of the Romans કહીને આપણે જે અભિજાત જીવનની પરંપરાના કોઈ પ્રતિનિધિને આદરની અંજલિ અર્પીએ છીએ તેવા, એ જમાનાના ધીરોદાત્ત માનવતાના એ સ્પૃહણીય પ્રતીક હતા.

તેઓ પ્રાચીન કલામય વસ્તુઓના, તેમજ કેટલાક પ્રાચીન સારા રિવાજોના પ્રશંસક હતા. તેમના કુટુંબમાં એક જૂની પરંપરા એવી ચાલતી આવેલી કે રાજ્યની નોકરી તો ચોવીસે કલાકની જ હોય. આથી એમના ઘરની દિનચર્યા એવી ઘડેલી કે જેમાં કોઇ ને કોઈ તો જાગતું જ હોય! તેઓ પોતે એક જ વાર અને તે પણ રાતના મોડેથી જમતા ને સવારના તો વહેલા ઊઠી ગીતાનો નિત્યપાઠ કરતા.

શિકારી પણ તે ઊંચા દરજ્જાના હતા. મને તો એમની નિશાનબાજીનો પ્રત્યક્ષ અનુભવ છે. દોડતાં હરણો કે સાબરો પર જ્યારે જવાનોની ગોળી પણ ચૂકી જતી ત્યારે એમનું નિશાન અચૂક બનતું. એમને પાણીદાર અને ઊંચા ખવાસના ઘોડાઓનો અને ઘોડાની શરતનો પણ ખૂબ જ શોખ હતો. શિકાર ને શરતના આ બન્ને શોખ એઓ ક્ષત્રિય હતા તેથી જ એમને લાગેલા ને ક્ષત્રિય રહીને જ એમણે એ પોષેલા.

નેરૂભા સાહેબને પોતાના વિચારો નિખાલસતાથી કહી દેવાની ટેવ હતી. વરતેજ પરિષદનું ગાંધીજીને આમંત્રણ આપવા અગાઉ એક પ્રતિનિધિમંડળ એમની આગેવાની હેઠળ મુંબાઈ ગયું હતું. ગાંધીજી તે વખતે યરવડાની જેલ-ઈસ્પિતાલમાંથી ઑપરેશન કરાવીને તાજા જ છૂટા આવ્યા હતા. નેરૂભા સાહેબે આમંત્રણ આપ્યું અને બાપુજીને વરતેજ પરિષદમાં આવવાનો આગ્રહ કર્યો. ગાંધીજીએ એમના સ્વભાવ પ્રમાણે રાજપૂતો પાસે અહિંસાના સ્વીકારની પોતાની સ્વાભાવિક માગણી મૂકી. અમે સૌ વિચારમાં પડી ગયા. પણ નેરૂભા સાહેબે નિખાલસતાથી કહી દીધું: 'બાપુ, અહિંસાના પાલન વિષે કોલ ના આપી શકીએ. અમે રહ્યા રજસ્ પ્રકૃતિવાળા માણસો. અન્યાય અને ક્રૂરતા જોતાં અમારો હાથ તલવાર ઉપર જ જાય. પ્રકૃતિનું એ રૂપાંતર આમ એક જન્મમાં થવું શક્ય નથી એટલે માર ખાવાની જરૂર પડે ત્યારે નહિ પણ મરવાની ને મારવાની જરૂર પડ્યે અમને આપ આજ્ઞા કરશો તો અમે પાછા નહિ પડીએ!' બાપુજી હસી પડ્યા. આ નિખાલસ ઉત્તરથી તે ખૂબ રાજી થયા ને પોતાના પ્રતિનિધિ તરીકે પૂજ્ય કસ્તુરબા ને સરદાર વલ્લભભાઇને પરિષદમાં મોકલીને પોતાનાં પ્રેમ અને સહાનુભૂતિ દેખાડ્યાં.

રાજપૂતોની થએલી અવદશા વિષેની એમની ગ્લાનિ અને દેશપ્રેમની એમની સનિષ્ઠા એમના આ નીચેના પત્રમાં સ્પષ્ટ તરી આવતી હોવાથી તે ઉતારવાની ધૃષ્ટતા કરું છું. ૧૯૩૨માં સત્યાગ્રહની લડતમાં હું જેલમાં ગયો ત્યારે જેલમાં એમનો પત્ર મળ્યો:

પ્રિય ભાઈ કિશનસિંહ,

દેશની સ્વતંત્રતાને માટે તમે જેલને વધાવી લીધી એ મને બહુ જ ગમ્યું. વર્તમાનપત્રોમાં તમારા પકડાયાના સમાચાર વાંચીને મને પ્રથમ તો સ્હેજ આંચકો લાગ્યો; પણ એ તો મારો તમારા તરફનો જે અપાર સ્નેહ છે ને, તેને કારણે હતો. પણ પછી જ્યારે લાગણીનું પૂર શમ્યું ત્યારે આ પત્ર લખીને તમને અંતરનું આશ્વાસન આપવાનું મન થયું. આપણા દેશની આ સ્વતંત્રતાની લડતમાં રાજપૂતો પાછા પડ્યા છે એનું મને ખૂબ દુઃખ છે. બહાદુરી હોય તો કસોટીને કાળે એણે પ્રગટ થવું જ રહ્યું. પણ આપણી કોમ આળસ અને અજ્ઞાનને કારણે સ્વાર્થનો તથા પામરતાનો ભોગ થઈ પડી છે. રાજપૂત આટલો અધોગતિ પામશે એવી કલ્પના નહોતી. આ કોમની સેવા માટે તમે જે વરસો સુધી મહેનત કરી અને પરસેવો પાડ્યો તેનું રૂડું ફળ પણ શી રીતે આવે? જ્યાં આત્મા જ મૂર્છા પામ્યો હોય ત્યાં પ્રાણ ને શરીર આસુરી થઇ જાય તેમાં આશ્ચર્ય નથી. હવે તો આ કોમને સમય સિવાય કોઈ જ પહોંચી શકે તેમ નથી.

લિ. શુભેચ્છક નેરવરસિંહના આશીર્વાદ

એમના જીવનમાં પ્રીતિના કોમળ છોડને મૃત્યુ સુધી સજીવન રાખવાનું આકરું પણ અપૂર્વ કર્તવ્ય એમનાં તેજસ્વી અને નિર્ભય બહેન આનંદકુંવરબાએ જે નિઃસ્વાર્થતાથી બજાવ્યું છે એ તો કવિતા જેવું રૂપાળું અને રંગદર્શી છે. આવી સંવાદભરી, સમજણભરી અને આખીય પ્રીતિને આપભોગના પાયા ઉપર જીવાડનાર ભાઈબહેનની જોડી મેં જોઈ નથી. અને સ્નેહસૌન્દર્યની આ જ અભિલાષાએ નેરૂભાસાહેબને સાહિત્યપ્રીતિ પણ આપી હતી. ઉપનિષદ અને ગીતાના એ સારા અભ્યાસી હતા. સ્વ. રવીન્દ્રનાથ ટાગોરની અંગ્રેજી ગીતાંજલિના એમના કરેલા ગુજરાતી અનુવાદ માટે આપણા ચારુ કવિ 'કાન્ત'ને બહુ મમતા હતી. કાઠિયાવાડના લગભગ બધા જ જાણીતા ચારણ કવિઓએ એમના જીવનનાં વિવિધ રૂપો ઉપર કવિતો રચ્યાં છે. અને ચારણો માટે એમને પક્ષપાત પણ ઘણો હતો.

એમનાં પત્ની સુબાજીબા તો સુભાગી હતાં કે એક વરસ પહેલાં જ સૌભાગ્યનું કંકુ રાખીને સ્વર્ગે સિધાવી ગયાં. એમના મોટા પુત્ર કર્નલ અજીતસિંહ ભાવનગરના ઇમ્પીરિયલ લાન્સર્સના કમાન્ડિંગ ઑફિસર છે; બીજા કિરીટસિંહ મહારાજકુમારોના ગુરુજીનું જે કામ નેરૂભા સાહેબ કરતા હતા તે જ કામ આજ કરે છે અને ત્રીજા હારીતસિંહ લાન્સર્સમાં જ લેફ્ટેનન્ટ છે. એમની બંને પુત્રીઓ વઢવાણના રાજકુટુંબમાં પરણેલી છે.

આજે જ્યારે દેશમાં લશ્કરનું હિંદીકરણ અને રાષ્ટ્રીયકરણ થાય છે એ કાળે એમની સેવા ખૂબ કામમાં આવત. મૃત્યુ પહેલાં જ, પંદરમી ઑગસ્ટ પછી એમણે પૂજ્ય ગાંધીજીને પત્ર લખ્યો હતો કે દેશને પોતાની જે સેવાઓની જરૂર હશે તે પોતે નિઃસંકોચ આપશે. અને બાપુજીએ સ્નેહભરી ઉત્તર પણ લખ્યો હતો કે એમને નેરૂભા સાહેબમાં ઘણી શ્રદ્ધા છે અને જ્યારે કામ પડશે ત્યારે એ તેડું મોકલ્યા વિના નહિ રહે.

સૌજન્ય અને સંસ્કારિતા વિનાનું સામર્થ્ય આસુરી પરિણામો લાવે છે, વીરતા વિનાની બુદ્ધિ વાંઝણી હોય છે અને આત્મપરસ્તી વિનાની જિંદગી અકાળીબી ને દોદળી હોય છે. એટલે એવા કોઇ વિરલ સમન્વયવાળા ભદ્ર પુરુષ પોતાની જિંદગીનાં કમાડ સદાને માટે બંધ કરે છે ત્યારે આવા ઘણા મંગલ પ્રકાશમાંથી એક વધારે દીવો હોલવાયો હોય એવી કરુણ લાગણી વ્યાપી રહે છે.

કિશનસિંહ ચાવડા

(નવેમ્બર ૧૯૪૭) [illegible]

ખોવાએલું પ્રતિબિંબ

અસંભવિત લાગતી એક સંભવિત વાર્તા

મૂળ લેખક · મેસિમો બૉન્ટેમ્પેલી



કોઇ અદ્રશ્ય વસ્તુ પર ફીણવાળું બ્રશ ફરતું હતું.

આ શીસા વિષેની આ વાત કહેતાં પહેલાં જ એક બીજી વાત કહી દઉં. પણ આથી કોઈ એમ ન સમજી લેશો કે હું જિંદગીના બારે પહોર ને બત્રીસે ઘડી કેવળ અરીસા સામે જોઈને જ બેસી રહું છું ના; એથી ઊલટું, હું એ ગૂંચવણિયા ચીજ જેમ બને તેમ ઓછી વાપરું છું. છતાં રોજના વાપરનારને માટે પણ અસંભવિત એવી માયા એ નાનકડી વસ્તુ મારે માટે ખડી કરે છે!

આઠ વર્ષ પહેલાંની જ વાત છે. બપોર થયા હતા. એવામાં મારી ઘર માલિકણે મને ઉઠાડી એક તાર આપ્યો. તાર વિયેનાથી મારા ઉપર કરેલો હતો તાર વાંચતાં જ હું ચમકી ઊઠ્યો તાર કરવામાં આવ્યો હતો તો મારા ઉપર જ. હા, સરનામું પણ મારું જ હતું. તેમાં આ પ્રમાણે લખ્યું હતું: 'પરમ દિવસે રોમ તરફ ઊપડો —મેસિમો.'

હજી એ મહિના પર જ હું પંદરેક દિવસ વિયેનામાં રહી આવેલો. એ દરમ્યાન હું જેને જેને મળ્યો હતો તે બધાનાં નામ હું યાદ કરી ગયો: ટાઈબર, મારો હંગેરીનો વૃદ્ધ મિત્ર હતો. ઉપરાંત ફ્રાન્ઝ, રીશાર્ડ અને જ્હૉન પણ ત્યાં હતા. પણ મારા સિવાય બીજો કોઇ 'મેસિમો' હોય એવું મને યાદ ન આવ્યું.

ત્યારે તાર કોણે કર્યો? વિયેનામાં રહેનાર મેસિમો તો હું એક જ હતો. અને એ રીતે તાર કરનાર મેસિમો પણ હું પોતે હતો! એટલે કે મેં મને પોતાને જ તાર કર્યો હતો?!

'સમજ્યો; બરાબર સમજ્યો!' હું એકદમ બોલી ઊઠ્યો.

પણ તમે આ નહિ સમજ્યા હો. લ્યો, ત્યારે સમજાવું આવા તારના મને બીજા યે અનુભવો થયા છે. દાખલા તરીકે—

એક દિવસ હું મારા ઓરડામાં બધી વસ્તુઓને વ્યવસ્થિત ગોઠવતો હતો ત્યાં મને છત્રી ન જડી. હું દરરોજ જ્યાં છત્રી મૂકતો ત્યાં મેં જોયું. અરે, બેત્રણ વાર જોયું, પણ તે ન જડી તે ન જ જડી. આખરે 'ગઇ તો મુઇ' એમ મન વાળીને હું બીજા કામે વળગ્યો.

એ વાત તો પછી હું ભૂલી ગયો હતો. ત્યાં બે દિવસ બાદ મને છત્રીનો તાર મળ્યો: 'આજે રાત્રે આવીશ.—છત્રી.' આવા બેવકૂફ તારને મેં કંઈ જ મહત્ત્વ ન આપ્યું. બીજે દિવસે સવારે પથારીમાંથી ઊઠતાંવેંત જ મારી નજર પડી તો છત્રી એની જગ્યાએ પડી હતી! બરાબર હું જ્યાં મૂકતો હતો એ જ ખૂણામાં! ત્યાં જ, જ્યાં હું શોધીશોધીને થાક્યો હતો એ જ ખૂણામાં!

હજી જોકે વૈજ્ઞાનિક રીતે સાબિત થયું નથી, તો યે હું જાણું છું કે પહેલાં જ્યાં કેટલીયે વાર ચીજ શોધી વળ્યા હોઇએ એ જ જગ્યાએ ખોવાએલી ચીજને પાછી જોવી એ સાવ અસાધારણ બનાવ તો નથી જ. પરંતુ એ વાત તો જવા દઇએ, જાણે. પણ પાછી ખોવાએલી ચીજ પોતાનું પુનરાગમન તારથી જણાવે એ વાત તો ખરેખર અસાધારણ છે! આ દાખલા પરથી હવે, મને વિયેનાથી આવેલો તાર જેમ સાધારણ પ્રસંગ લાગ્યો તેમ તમને પણ સહજ જ બનાવ લાગશે. હવે મૂળ વાત ઉપર આવીએ.

બે માસ પહેલાં હું વિયેનામાં એક અરીસા સામે ઊભોઊભો ટાઇ બાંધતો હતો. મારે તે વખતે રોમ પાછું જવાનું હતું. તે સમયે શહેરની પરિસ્થિતિ ગંભીર હતી ને રાજકીય દેખાવો થયા કરતા હતા.

ત્યાં અચાનક ઘર હાલી ઊઠ્યું અને મોટા અવાજ સાથે મારા આ દર્પણના ટુકડા થઇ ગયા! પાછળથી અલબત્ત, એક બૉમ્બનું જ એ પરિણામ જણાયું હતું મેં અરીસાની મદદ વિના જ ટાઇ બાંધી લીધી અને સામાન ઉઠાવી, સ્ટેશને જઇ શહેર છોડ્યું.

રોમ આવ્યા પછી સવારે જેવો હું હાથમાં હજામતનું બ્રશ અને ટુવાલ લઇ અરીસા સામે જઇ ઊભો રહ્યો કે દંગ જ થઈ ગયો! વિસ્મય સાથે મેં જોયું તો અરીસામાં કશું દેખાતું ન હતું! એમાં મારા સિવાય બીજી બધી વસ્તુઓ દેખાતી હતી. ફક્ત હું જ દેખાતો ન હતો! કોઇ અદ્રશ્ય વસ્તુ ઉપર ફીણવાળું બ્રશ ફરતું હતું અને અદ્રશ્ય ખભા ઉપર ટુવાલ પથરાએલો હતો; બધું જ હતું, પણ હું-હું-હું મેસિમો ક્યાંયે દેખાતો ન હતો! મારું પ્રતિબિંબ જ પડતું નહોતું! હું અદ્રશ્ય હતો!

આ પરિસ્થિતિ સમજતાં હું મુક્તમને હસી પડ્યો.

હું માનું છું કે અરીસો વાપરનાર દરેકને—અને સ્ત્રીઓને તો સવિશેષ—અનુભવ હશે કે આપણે જ્યારે આપણું પ્રતિબિંબ જોતા હોઇએ અને જ્યારે તેનાથી વિખુટા પડીએ ત્યારે મનમાં એક સૂક્ષ્મ ખિન્નતાની લાગણી ફૂટી નીકળે છે. અરીસાથી દૂર જતાં હૈયું એક નાનોશો આંચકો અનુભવે છે. જાણે કે આપણે કદાચ દર્પણથી દૂર જતાં પહેલાં એક હળવો, અને ખ્યાલમાં પણ ન આવે એવો, એ પ્રતિબિંબ ખસેડી લેવાનો પ્રયત્ન કરીએ છીએ, એટલે જ આમ બનતું હશે.

વિયેનામાં પણ તે દિવસે આવું જ બન્યું હતું; મારો અરીસો એટલી બધી ઝડપથી ભાંગી ગયો કે તેનો નાશ થતાં પહેલાં હું મારી જાતને—મારી પ્રતિકૃતિને—તેમાંથી પાછી ન ખેંચી શક્યો. હું મારી પ્રતિકૃતિને પાછી લેવા જેટલો તૈયાર જ નહોતો રહ્યો.

એ વખતે તો મારે જવાની ઉતાવળ હોવાથી મેં આ પ્રસંગ ઉપર ધ્યાન જ ન આપ્યું. પણ પછી સવારે જ્યારે રોમમાં હું અરીસા સામે જઈ ઊભો ત્યારે જ શું થઇ ગયું હતું એનો મને ખ્યાલ આવ્યો.

આજે હવે છેલ્લા બે માસથી હું પ્રતિબિંબ વિનાનો થઇ ગયો છું! શરૂઆતમાં તો પ્રતિબિંબ વિના ચાલતું જ નહિ. મને ટાઇ બાંધતી વખતે કે દાઢી કરતી વખતે ખૂબ ત્રાસ પડતો. પણ ધીમેધીમે વખત જતાં હું ટેવાઈ ગયો અને હવે તો એ ટેવને આધારે જ હું

ટાઇ બાંધી લેતોઅને દાઢી તો ઠેઠ કાનના મૂળ સુધી હું મૂંડી નાખતો.

અને અરીસાને મેં હવે ઉઠાવીને પેટીમાં મૂકી દીધો હતો.

પછી તો શેરીમાં, કોઈ હૉટેલમાં કે કોઇને ઘેર પણ મને કોઈ અરીસા સામે ઊભેલો જોઇ ન જાય એની મારે કાળજી રાખવી પડતી. તમે તો જાણો છો જ કે લોકોને નજીવી બાબતોમાં પણ આશ્ચર્ય થાય છે. અને પાછા મારે એમના 'કેમ ?', 'શાથી ?' વગેરે પ્રશ્નોના જવાબ આપવા પડે અને મારે તેવખતે આત્મતત્ત્વવિદ્યા જેવા શાસ્ત્રની નકામી ચર્ચા કરવી પડે.

આ બનાવથી મને કંઇ બહુ મોટું નુકસાન થયું નહોતું. છતાં યે પેલો આઠ દિવસ પહેલાં આવેલો તાર વાંચતાં જ હું ખુશખુશ થઇ ગયો હું તરત જ સમજી ગયો (અને મને લાગે છે કે સાવ બોઘો વાચક પણ સમજી જશે) કે એ તાર મારા પ્રતિબિંબે જ મારા ઉપર મોકલેલો. એણે એના પુનરાગમનની મને ખબર આપેલી.

આમ છતાં યે મેં અરીસામાં મને જોવાની જરાકે ઉતાવળ કરી નહિ. મારે મારા પ્રતિબિંબને જાણવા દેવું નહોતું કે હું એની એટલી બધી પરવા કરું છું. હું એને માટે તલપાપડ થઇ ગયો હતો અને એના વિના મને જરાપણ ગોઠતું નહોતું એમ મારે કહેવડાવવું નહોતું. અને વિયેના છોડયે આઠ દિવસ થયા હતા. અને એમ ધારીએ કે એ પ્રતિબિંબ ઝડપી ટ્રેનમાં આવે તો યે ઓછામાં ઓછા ચાર દિવસ પહેલાં આવેલું હશે. છતાં યે મેં એની ગઇ કાલ સુધી કંઇ જ દરકાર કરી નહિ. કાલે–ગઈકાલે–મેં લહેરથી ગીત ગાતાંગાતાં પેટીમાંથી અરીસો કાઢયો અને એની સામે જોયા વિના જ એને એની રોજની જગ્યાએ બાથરૂમમાં લટકાવી દીધો. પછી નિરાંતે કંઈ જ સંબંધ ન હોય એમ મેં કૉલર ટાઈ ઠીક કરીને મારી તરફ જોયું.

હું ત્યાં જ હતો ! એ જ મારું પ્રતિબિંબ;–સહેજ પણ ફેર વિનાનું ! મને જોકે જરાક બીક હતી કે પ્રતિબિંબ સહેજ ચોળાઇ ગયું હશે; અથવા મારી બેદરકારીનો સામનો કરશે; અથવા આ લાંબી મુસાફરીના કારણે થાકી ગયું હશે. પણ એને બદલે એ તો સરસ મઝાની સ્થિતિમાં મળી આવ્યું. પ્રતિબિંબ પણ એના માલિકના જેટલું જ બેદરકાર અને શાંત હતું. **નિરંજન ત્રિપાઠી**

(મેસિમો બૉન્ટેમ્પ્લીની વાર્તાનો અનુવાદ)

આધુનિક ભારતનો એક અગ્રગામી કલાકાર અને ચિત્રકળામાં જીવંત રંગસિદ્ધિનો સ્વામી



સામાન્યરીતે હિંદી કલાકારો વિષે એવો આક્ષેપ છે કે તેઓ યુરોપી કલાનો મર્મ સમજ્યા વિના જ યુરોપનાં રંગો ને સાધનોનો પ્રયોગ કરવા લાગી ગયા છે; અથવા શાળામાં તેનું શિક્ષણ લે છે તો તે માત્ર ઉપલકિયું હોય છે; અને રંગો મારફત હવા તથા ઊર્મિ ઉપજાવવાની કલા બહુ થોડાને જ સાધ્ય થાય છે. પણ શ્રીયુત બેંદ્રેએ એ જ બાબતમાં અનેક યુરોપી કલાપરીક્ષકો પાસેથી પ્રશંસા અને પારિતોષકો મેળવી એક અપવાદ રૂપે પ્રતીતિ આપી છે. ચિત્રશાળાના ઓરડાની ચાર દીવાલોમાં જ પેન્સિલો અને રંગો ઘૂંટનારા વિદ્યાર્થીઓને બહારની કુદરતની તેજસ્વિતા અને જીવંત રંગભભકનો ઉલ્લાસ ભાગ્યે જ સાંપડે છે. કુદરતના સીધા સંપર્કમાં દિનરાત વિતાવતો અને તેનાં બદલાતાં સ્વરૂપોને સાશ્ચર્ય તથા ઊર્મિથી અંતરમાં ઉતારતો કોઇ વિરલ ઉપાસક જ તેનાં અનેકાનેક અવલોકનો અને અવતરણો કરતો કરતો તેની મધુરતમ લહરીઓનો પ્રસાદ પામે છે. એ પ્રકારના કુદરતના સામીપ્યમાંથી જ પોતાની રંગસિદ્ધિ પ્રાપ્ત કરનાર બડભાગી કલાકારોમાં શ્રી બેંદ્રેએ પોતાનું નામ નોંધાવ્યું છે. પરંતુ એવી સ્વસ્થ અને આત્મવિશ્વાસભરી સ્થિતિ મેળવતા બેંદ્રેને કેવી એકાગ્ર, એકલ અને સ્વાર્પણભરી જિંદગી વિતાવવી પડી છે તે એના મૂક જીવનના સાક્ષીમિત્રો જ જાણે છે. તે પૈકીના એક મિત્ર વિખ્યાત શિલ્પકાર શ્રી કરમારકરે તેમની શક્તિ પિછાનીને એક બીજા મિત્ર શ્રી નિંબકરના સહવાસમાં તેમને મૂકયા.

એ શ્રી નિંબકરનો પરિચય પણ જાણવા જેવો છે. તેઓ દક્ષિણના ફલ્ટન નામના દેશી રાજ્યમાં જન્મેલા અને કુમારવયે જ ઘર છોડી મુંબાઈ આવીને ત્યાં કૉલેજનો અભ્યાસ પૂરો કરી સ્વબળે અમેરિકા ગયા; અને ત્યાંથી પાછા જર્મની જઇ આગળ અભ્યાસ કર્યો. આજે તેમના નામની પાછળ આટલી ઉપાધિઓ છે: વી. નિંબકર, બી. એસસી., એમ. ઈ., એમ. એ., એસ. એમ. ઇ., એ. જે., લો. ઈ. અને આજે ઉદ્યોગ તથા યંત્રના ધંધામાં દુનિયાના એકેએક દેશમાં તેમનું નામ

નારાયણ શ્રીધર બેંદ્રે



અને લાગવગ આગળપડતાં છે. જાતે ખૂબ સાહસિક હોઇ દુનિયાના ટોચના કર્યાં વ્યક્તિઓને તેમનું કામ પડે છે. છતાં પોતે ગરીબ અને સાધારણ વર્ગના પક્ષપાતી છે. ઘરનું કોઇ પણ કામ કરતાં શરમ પામતા નથી. તેમના જ્ઞાન અને શક્તિની અસાધારણ છે અને કોઇ પણ તેજસ્વી તથા ઉત્સાહી યુવાનને જોતાં તેને સહાય કરવા તત્પર રહે છે. તે પોતે કળાના પ્રેમી છે, કળાને પીછાની તેની કદર કરી શકે છે અને કલાકારોની મુસીબતો સમજે છે. આ રીતે તેમણે જુદી-જુદી જાતના તરુણ વિદ્યાર્થીઓને સહાય કરીને ધંધાની જુદીજુદી શાખામાં આગળ ધપાવ્યા છે.

આથી શ્રી કરમારકરે બેંદ્રેના ગુણોની વાત તેમને કરી કે તરત તેમણે પોતાના મકાનમાં કેટલુંક ચિત્રકામ બેંદ્રેને સોંપ્યું અને તેમનાં ચિત્રો પણ ખરીદ્યાં. બેંદ્રેની પાંગરતી પ્રતિભા જોતાં જ નિંબકરને લાગ્યું કે એમણે પોતાના જીવનની સાધના તેના કલાભ્યાસ ક્ષેત્રમાં જઈ કરવી જોઈએ અને જગતનાં સર્વશ્રેષ્ઠ કલાધામોનો સંપર્ક મેળવવા ઉપરાંત આજની આધુનિક કલાનો અર્થ જાણવો જોઈએ. તે પરથી કોઈ રાજા કે શ્રીમંતને ન સૂઝ્યું તે આ શ્રી નિંબકરને સૂઝ્યું અને બેંદ્રેને પોતાના જ સ્વાશ્રય પર અમેરિકા જવાનો માર્ગ ચીંધાડ્યો. પરિણામે આજે ભાઈ બેંદ્રે પોતાનાં કેટલાંક ચુનંદાં ચિત્રો લઇ અમેરિકા ઊપડી ગયા છે અને ત્યાં એ ચિત્રોથી અનેક કલાકારો તથા કલાવિદોની પ્રશંસા પામ્યા છે. પ્રસિદ્ધિ તો હવે તેમને ચરણે પડી છે. આ પ્રસંગથી બેંદ્રેએ હિંદમાં સર્વત્ર એક નવીન જ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

તેમનો જન્મ ઇ. ૧૯૧૦માં ઇંદોરમાં મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પૂના નજીકના કોઈ ગામેથી તેમના પૂર્વજો ત્રણ પેઢીથી ત્યાં જઈ વસેલા. તેમના પિતા રાજ્યની નોકરીમાં હતા

ચિત્રમાં અવનવીન રંગસૃષ્ટિ ખડી કરનાર શ્રી બેંદ્રેનાં આ સાદાં ચિત્રોમાં મૂળ રંગભભકનો ખ્યાલ ન આવી શકે; પણ પ્રકૃતિના ધબકાર તો તેમાં અવશ્ય જણાશે.



સામેના પાને: 'કરગઠિયાં વીણતી ગામ નારીઓ'; મથાળે: 'નાગરી નદી આગળનું દૃશ્ય'; નીચે: 'કાઠિયાવાડી ભેંસો'; ઉપર શ્રી બેંદ્રે પોતે. (ફોટો: ર. મ. રાવળ)



અને હાલ તેમનાં માતાપિતા, બેન વગેરે હયાત છે.

ઇંદોરમાં તેમણે શાળાના અભ્યાસની સાથેસાથે ચિત્રમાં પણ ખાસ પ્રીતિ અને શક્તિ બતાવેલી. મૅટ્રિક થઇને ઈંદોરની હોળકર કૉલેજમાં બી. એ. નો અભ્યાસ કરતાંકરતાં તેમણે ઇંદોરની કળાશાળામાં શ્રી દેવલાલીકરની પાસે ચિત્રકલાનું શિક્ષણ પણ લીધું અને ૧૯૩૩ના અરસામાં ગ્રૅજ્યુએટ થયા તે સાથે મુંબાઇની સ્કૂલ ઑવ આર્ટની ડિપ્લોમા પણ મેળવી. ઇંદોરમાં તે મુખ્ય વિદ્યાર્થી ગણાતા. ઈ. ૧૯૩૩માં તેમણે પ્રદર્શનોમાં ચિત્રો મોકલવાં શરૂ કર્યાં અને આજ સુધી ભાગ્યે જ કોઈ સ્થળેથી તેમને પ્રશંસાપત્ર તથા પારિતોષિક મળ્યા વિના રહ્યાં હશે.

ઈ. ૧૯૩૬થી ૧૯૩૯નાં વર્ષોમાં તેમણે હિંદુસ્તાનના ઘણા પ્રદેશોમાં પ્રવાસ કર્યો અને ચિત્રો તેમજ વિવિધ શૈલીનો અભ્યાસ કર્યો. આરંભમાં કાશ્મીર રાજ્યના પ્રકાશન ખાતામાં ત્રણ વર્ષ સુધી નોકરી કરી. એમાં રાજ્યના મહેમાનોને બધે ફેરવવા, બતાવવું વગેરે કરવું પડતું. પણ તે સાથે તેમણે ત્યાંની રંગસૃષ્ટિનો તૃપ્તિપૂર્ણ આસ્વાદ લીધો. આપણા ગુજરાતી કલાકાર ભાઈ છગનલાલ જાદવનો તે વખતે તેમનો ત્યાં સારો સમાગમ થએલો. તે કહે છે કે એ ત્રણ વરસના માળામાં બેંદ્રેએ ત્રણ હજાર જેટલા સ્કેચ કરી નાખેલા !

તેમણે વતન સાથે બહુ જ ઓછો પરિચય રાખ્યો છે. ખરું જોતાં તે એક ખરા અખિલ ભારતીય પ્રવાસી ચિત્રકાર છે. ૧૯૪૩માં તે આજની હિંદી ચિત્રકળાનો પરિચય મેળવવા શાંતિનિકેતન પણ જઇને રહ્યા હતા અને ત્યાં નંદબાબુની સારી પ્રીતિ મેળવેલી. તે સાથે ત્યાં ફ્રેસ્કો, ટેમ્પેરા વગેરે ચિત્રશૈલીઓમાં સરસ સિદ્ધિ મેળવી બીજા અનેક કલાકારોનો પણ સમાગમ સાધ્યો. કળામાં પળેપળે આગળ વિકાસ કરવા માટે નવુંનવું શીખવા ઉપર તે પોતાની સર્વ એકાગ્રતા કેન્દ્રિત કરે છે, અને ઘરની તેમજ પૈસાની મુશ્કેલીઓ છતાં પોતાનું ધ્યેય પાર પાડ્યે જ જંપે છે.

છેલ્લાં દસેક વર્ષમાં તેમને બધાં મળીને ત્રીસેક જેટલાં પારિતોષિકો અને કલકત્તા તેમજ મુંબાઇની આર્ટ સોસાએટીના સુવર્ણચંદ્રકો મળેલા છે. ઈ. ૧૯૪૬માં 'આર્ટ સોસાએટી ઑવ ઈન્ડિયા'નું ૩૦૦ રૂપિયાનું ઈનામ તથા વિજયપદક તેમણે મેળવ્યાં અને એ સોસાએટીના પ્રમુખ થયા.

મદ્રાસ તરફ કંઈક કલા-કામગરીને અંગે જવું થતાં તેમને તેમનાં ભાવિ પત્ની મોન્નાદેવીનો પરિચય થયો. તેઓ વૈશ્ય મુદલીઆર કુટુંબનાં એક સુશીલ પુત્રી છે. તે પણ કલાપ્રેમી હોઇ શ્રી બેંદ્રેનાં વ્યક્તિત્વ અને આદર્શોથી મુગ્ધ થઈ તેમણે લગ્ન માટે ઈચ્છા પ્રદર્શિત કરી. સુશીલ અને સુજ્ઞ કન્યારત્ન જોઈ શ્રી બેંદ્રેએ તેનો સ્વીકાર કર્યો. એકબીજાને વધુ સમજવાને એક વર્ષથી વધુ સમય ગાળી તેમણે અંતે અન્યોન્યનાં માતાપિતાની સંમતિથી ૧૯૪૬માં તેમણે લગ્ન કર્યાં. સમાજનાં બંધનો વચ્ચે આવું લગ્ન કરવામાં શ્રી બેંદ્રેએ નીડરતા અને સ્વતંત્રતા દાખવી છે. આ દંપતી ઘણી સાદાઈ અને કરકસરથી મુંબાઇમાં પોતાનું ગૃહ ચલાવે છે અને શ્રીમતી બેંદ્રે હંમેશા પતિના કલાકાર્યમાં સહાય, સહકાર તથા પ્રેરણા આપે છે. એ શ્રીમતી બેંદ્રેની અનેક અવનવીન રંગયોજનામાં થએલી તસ્વીરો મુંબઇનાં પ્રદર્શનોમાં પ્રેક્ષકોને જોવા મળે છે. શ્રી બેંદ્રે ગૃહજીવનને કેવી રંગભીની આંખે જુએ છે તેનાં એ સાક્ષી છે. હવે તેમાં એક બાળજન્મનો વધારો થયો છે અને શ્રી બેંદ્રેનાં ચિત્રોમાં બાળક પાત્ર પણ નવીનની રીતે રજૂ થતું દેખાય છે.

અમેરિકા જવાની તૈયારીમાં તેમણે હિંદના જુદાજુદા ભાગોનાં અવનવા પ્રયોગોવાળાં અસંખ્ય ચિત્રો તૈયાર કર્યાં છે છેવટના ભાગમાં તેમણે કાઠિયાવાડનો એક માસનો પ્રવાસ કરી ત્યાંનાં પાત્રો અને દૃશ્યોનો નવો આકર્ષક ફાળો કર્યો હતો.

તે ઉપરાંત, તેમણે પોતાની વિવિધ રૂપશક્તિને કસોટીએ મૂકવા ઉમર ખય્યામની રૂબાઇઆતના શ્લોકો ઉપર ૭૫ ચિત્રોનો એક સેટ તૈયાર કર્યો છે. ગંજીપાના પાના જેવડાં કદનાં એ ચિત્રો પ્રથમ નજરે જોતાં રંગોની એક બિછાત જ દેખાય; પણ સ્થિર આંખે ધીમેથી જોતાં તેમાં પાત્રો પ્રાણીઓ અને દૃશ્યો દેખાય છે. તેમનાં આજ-સુધી કરેલાં ચિત્રોની છેવટની ગણત્રી અનુમાને ૮૦૦૦ જેટલી થવા જાય છે ! આવી વિપુલ અને કષ્ટસાધ્ય કલાસાધના કેટલા હિંદી કલાકારોએ કરી હશે ?

તેમનો આદર્શ માત્ર 'કાર્ય' જ છે અને તેમાં જ તે આનંદ તથા સંતોષ માને છે. મોટીમોટી ચિત્રવિવેચના કે ચિત્રકારોની ચર્ચાની ભાંજગડમાં તે ઓછા જ પડે છે. એ કહે છે કે જે વસ્તુ આપણને આનંદ આપે તે જ કળાનો વિષય અને તે રજૂ કરવામાં જ સાચી કળા. કળાકારનો એક જ ધર્મ છે કે તેને કલાસ્વરૂપ આપવું. જે ચિત્રોમાં ચિત્રની વાર્તા કે શીર્ષક જ માત્ર લોકોની પ્રશંસા પામે છે તે ટકતાં નથી; પણ જેમાં ચિત્રકળાનું મુખ્ય તત્ત્વ હોય તે જ ચિરંજીવ બનશે. સીનેમાનાં ગીતોની જેમ ચાલુ લોકપ્રિયતાવાળાં ચિત્રો અંતે વિસરાઈ જ જવાનાં.

શ્રી બેંદ્રેનાં ચિત્રોમાં લોકજીવનની વિશેષતાઓ અને પ્રસંગો આગળપડતાં હોય છે. નદીકિનારા, કૂવા, ઘાટો, મંદિરો, બજારો, દુકાનો, શાકભાજી વેચનારા વગેરે તેમની પીંછીની સોબત છે.

એ વારંવાર કહે છે કે ચિત્ર આંખોથી જ નહિ પણ મનથી પણ જોવું જોઇએ. ચિત્ર ભલે સ્થળ પર બેસીને કરો, પણ તેમાં જે વસ્તુની વિશેષ છાપ મન પર પડી હોય તે ભુલાવી ન જોઇએ.

શ્રી બેંદ્રે ચિત્રકળાના એક જબરા પ્રયોગકાર છે. શાંતિનિકેતનમાં નવ માસ રહીને ત્યાંથી તેમણે માટી ને પથ્થરના રંગોની ક્રિયાઓ પૂરી શીખી લઈ કેટલાંક ચિત્રો કર્યાં છે. તે માને છે કે હિંદની ભીંતો માટે આ જ રંગો સુયોગ્ય છે. તે વરસાદ કે તાપમાં ઊડી જતા નથી અને આંખને એક ઠંડી તથા આકર્ષક તેજી આપે છે. તેમણે લીનોકટ, વૂડકટ અને ઍચિંગમાં પણ પ્રશંસાજનક આલેખનો કરી બતાવ્યાં છે. રંગચિત્રોમાં તેમણે ગાઉચ, એગ-ટેમ્પેરા (ઈંડાંના રસમાં જમાવેલા રંગોનું કામ) અને ટેમ્પેરા (રંગની ભૂકીને ચિકાશ જોડે મેળવી કરેલું કામ) કરવામાં પૂર્ણ સિદ્ધિ મેળવી છે. ઉપરાંત મુંબાઈમાં તેમણે શ્રી નિંબકરના મકાનમાં હિંદના ગ્રામજીવનનું જે મોટું ભીંતચિત્ર કર્યું છે તે તો એક પ્રશંસનીય કૃતિ ગણાશે. તેમાં તેમણે ૨૦૦ જેટલી તો વિવિધ વૃક્ષોની જાતો સ્પષ્ટ વિગતો સાથે આલેખી છે. મોટી ચિત્રની છાપ અહીં નાના કાગળ પર આપવી મુશ્કેલ છે; પરંતુ શ્રી બેંદ્રેનાં ધૈર્ય, સદ્ભાગ્ય અને અભ્યાસને તેણે તેમાં પૂર્ણ કસોટીએ મૂક્યાં છે.

આવી સર્વાંગ તૈયારી કરી તેમણે અમેરિકા તરફ પ્રયાણ કર્યું છે. ત્યાં તે વ્યક્તિગત પ્રદર્શનો કરતા સર્વ કલાકેન્દ્રોમાં ફરશે, મહાન કલાકારો અને કલાકૃતિઓનો સંપર્ક કરશે અને ત્યાર બાદ યુરોપમાં ફ્રાંસ ને ઇટાલીની મુલાકાત લેશે. આવી રીતે જીવનભર કલાસાધનામાં એકનિષ્ઠ રહી તેના વિકાસ ને અભ્યાસ પાછળ જીવન વહેતુ મૂકનાર ભારતીય કલાકારોમાં તે અગ્રણી છે. તેમના એ પ્રવાસ તથા અમનસાંથી ભારત વિશેષ સમૃદ્ધ થશે એવી ભાવના સાથે તેમના એ પ્રવાસને સફળતા ઈચ્છીએ.

રવિશંકર મ. રાવળ

નવેમ્બર ૧૯૪૭) ૩૧૭

અનંત કાણેકરના અવળા વિચાર જેમાં આ વખતે એક નવો જ મુદ્દો રજૂ થાય છે:

મોટાં વિશેષણો

એમનાથી ખરેખર ચેતવા જેવું છે

આજકાલ થતાં કોમી હુલ્લડો કેવી રીતે બંધ કરવાં એ વિષે ઘણા લોકો અનેક પ્રકારના રસ્તા બતાવે છે. એક વખત કોઈકે સૂચવ્યું કે જેમને પોતાના પ્રાણની જરા યે પરવા ન હોય એવા ચુનંદા લોકોનું એક સ્વયંસેવક દળ ઊભું કરવું, ને જ્યાંજ્યાં હુલ્લડ થાય ત્યાંત્યાં બંને ધર્મના લોકો વચ્ચે જઈ આ સ્વયંસેવકોએ હુલ્લડ બંધ પાડવાના તથા લોકોના જાન બચાવવાના પ્રયત્ન કરવા. આ વિચાર મેં મારા એક મિત્રને કહેતાં એણે એકદમ પૂછ્યું, 'આ સ્વયંસેવક દળ શા માટે સ્થાપવાનું? લોકોના જીવ બચાવવાની ખાતર જ ને?'

મેં કહ્યું, 'હા'. ત્યારે ભાર દઈને એ બોલ્યો, 'એ લોકો બીજાના જાન જરા યે બચાવી શકવાના નથી.' મેં પૂછ્યું 'કેમ?' તેણે કહ્યું, 'પોતાના પ્રાણની જેને પડી નથી તે બીજાના જાન શું બચાવવાના હતા? પ્રાણ બચાવનારે પહેલાં પ્રાણની કિંમત તો જાણવી જોઈએ ને? ભલે પોતાનો જ હોય, પણ જેમને 'પ્રાણ' એ ચીજ આટલી નજીવી લાગે છે, તે બીજાના પ્રાણ બચાવવાની કોશિશ કેટલા મનથી કરવાના હતા?'

એના જવાબથી પહેલાં તો હું જરા ગોટાળામાં પડી ગયો. પોતાના જાન કુરબાન કરવા તૈયાર થયેલા શૂરવીરોને એ બીજા લોકોનું સંરક્ષણ કરવા માટે નાલાયક લેખતો હતો, એ મને બરોબર લાગ્યું નહિ. પણ થોડો ઊંડો વિચાર કરતાં એના કહેવામાં ઘણો અર્થ છે એવું મને લાગવા માંડ્યું. પહેલે ઝપાટે આપણી આંખો આંજી નાખનારી અનેક વસ્તુઓનો આપણે જ્યારે શાંતિથી વિચાર કરીએ છીએ ત્યારે તેમાંની લગભગ મોટા ભાગની વસ્તુઓ કેવળ નિરુપયોગી જ નહિ, પણ ઉલટી અપાયકારક પણ હોવાનું જણાઈ આવે છે. 'પોતાના પ્રાણ નિછાવર કરવા' એ શબ્દપ્રયોગ સાંભળી આપણું અંતઃકરણ મલકી ઊઠે છે, પણ મારા ઉપર્યુક્ત મિત્ર જેવા કોઈ વાસ્તવવાદી કાન પકડીને આપણને જ્યારે ઠેકાણે લાવે છે ત્યારે જ આપણને વસ્તુસ્થિતિનો ખરો ખ્યાલ આવે છે. પોતાના જીવની પરવા ન કરનારો માણસ બીજાના જાન બચાવવાનું તો દૂર રહ્યું, પણ કોઈક વાર બીજાના જાન બેશકપણે લઈ-પણ લે; કારણ કે 'જાન'ની એને કંઈ જ કિંમત હોતી નથી!

આ જ પ્રમાણે એક વાર હું 'અસામાન્ય બુદ્ધિ' એવા શબ્દોથી પણ એમ જ અંજાઈ જતો. પણ નિશાળમાં હતો એ દરમિયાન જ એક વાર 'નહિ જોઈએ આવી અસામાન્ય બુદ્ધિ,—સામાન્ય જ સારી' એવું કહેવાનો પ્રસંગ આવ્યો! અમારી સ્કૂલમાં એક વખત ગણિતના નવા માસ્તર આવ્યા. એક અસામાન્ય બુદ્ધિના ગણિતશાસ્ત્રી હોવાની એમની ખ્યાતિ અમે સાંભળી હતી, એટલે એમની પાસેથી અમને ઘણુંઘણું શીખવાનું મળશે એ વિચારે અમે ખુશ હતા. માસ્તર વર્ગમાં આવ્યા ને ગણિતના અત્યંત માથાફોડિયા પ્રશ્નો તથા ભૂમિતિના અઘરાઅઘરા દાખલા પાટિયા ઉપર એક પછી એક ઝપાટાબંધ કરી બતાવી તે આગળ વધવા લાગ્યા. વચ્ચે અમારામાંથી કોઈ કંઈ મુશ્કેલી પૂછે, તો 'આટલી સાદી વસ્તુ તમને નથી સમજાતી?' એમ કહી અમારા ઉપર એ ઘાંટા પાડવા લાગ્યા!

અને એમની વાત પણ બરાબર હતી. એમની 'અસામાન્ય' બુદ્ધિને અમારા પ્રશ્નો તદ્દન સાદા લાગતા હતા. આટલી સાદી વસ્તુ યે ન સમજી શકનારા માણસો જગતમાં હશે એનો એમને બીચારાને ખ્યાલ જ નહોતો. પણ આ પરથી અમને હવે એમના કરતાં અમારા અગાઉના 'સામાન્ય' બુદ્ધિવાળા માસ્તર સારા લાગવા માંડ્યા. સર્વસામાન્ય માણસોને કઈકઈ મુશ્કેલી નડે એનો એમને પોતાના અનુભવ પરથી પૂરો ખ્યાલ હતો; અને અમને જણાતી કોઈ પણ મુશ્કેલી એ અમને ફરીફરી ધીરજથી સમજાવતા.

એવી જ રીતે આજકાલ મને હવે 'ઉદાર' એ શબ્દની પણ એવી જ બીક લાગવા માંડી છે. ફલાણો ફલાણો પોતાના મિત્રો પાછળ છૂટે હાથે પૈસા ખરચે છે. એવું હું ક્યાંય સાંભળું તો પહેલાં મને એનું કૌતક લાગતું; પણ આજકાલ હવે બીક લાગે છે. આવા ઘણા ઉદાર લોકો મેં જોયા છે, અને કેટલાકનો તો અનુભવ પણ થયો છે. પોતાના પૈસાની પરવા ન રાખનાર માણસને બીજાના પૈસાની પણ બિલકુલ કદર હોતી નથી. પોતાના પૈસા બેદરકારીથી ઉડાવનારો માણસ બીજાના પૈસા એટલી જ બલ્કે એનાથી યે વધારે બેદરકારીથી ઉડાવે; અથવા ટૂંકામાં કહીએ તો જેમની પાછળ એ પૈસા ઉડાવે છે તે અ, ક, બ ભલે એને ઉદાર યા મોટાદિલ કહીને એની આગળપાછળ ફર્યા કરતા હોય; પણ જેમના પૈસા એ ઉડાવતો હોય છે, એટલે કે જેમને એ બનાવતો હોય છે, તે ક, ખ, ગ, ઘ, માણસો તો એને ગાળો જ દેતા હોય છે! એટલે જ, ફલાણો ફલાણો પોતાના પૈસા બીજા પાસેથી લેણા હોય તો પણ કદી માગતો નથી એવું મને કોઈ કૌતુકથી કહેવા માંડે, તો હું તરત જવાબ આપું છું કે 'બરાબર છે, એને કદી કોઈનું દેણું આપવાનું હોતું નથી, એટલે એ પોતાના પૈસા માગે શા માટે?"

પોતાના પૈસા સીધી રીતે માગી લેનારો ઘણુંખરું બીજાના પૈસા સીધી રીતે માગી દેતો હોય છે. ઉદારતાનો ઢોંગ કરી પોતાના પૈસા ન માગનારાએ ઘણું કરીને પોતાની ઉદારતાની મૂડી વ્યાજે મૂકેલી હોય છે, અને વ્યાજ સાથે તે પાછી આવશે એવી એ અપેક્ષા કરતો હોય છે. કોઈ એક કંપનીના બે ભાગીદારોની વાત હું જાણું છું. એમાંનો એક ઘણો હિસાબી વૃત્તિવાળો અને બીજો હાથનો છૂટો, મન જાણીતા હતા. નોકરોને જે છૂટે હાથે બક્ષિસ આપતો તેના પર નોકરચાકર બેહદ ખુશ હતા ને બીજાને એ કંજુસ કહેતા. આગળ જતાં ધંધો બેસી ગયો અને કંપની બંધ પડવાનો વખત આવ્યો. એ વખતે નોકરો જ્યારે ચડી ગયેલા પગાર માગવા આવ્યા, ત્યારે પેલો ઉદારહૃદયી ભાગીદાર સાત્ત્વિક ગુસ્સામાં એમના પર તડૂક્યો, 'આટલો વખત મારા પૈસાનો છૂટથી લાભ લીધો હતો, અને હવે પગાર માટે બેસી રહ્યા છો? શરમ નથી આવતી?' બીજો ભાગીદાર શાંતિથી ઊઠી ઘેર ગયો, અને બૈરીનાં ઘરેણાં વેચી નાખી એણે નોકરોના પગાર ચુકતે કર્યા.

સ્વાર્થત્યાગ કરવો હોય તોપણ ભલે ને 'ત્યાગ' કરવાને માટે પણ 'સ્વાર્થ' તો જોઈએ જ ને? નહિતર 'ત્યાગ' થાય એકનો અને 'સ્વાર્થ' જાય બીજાનો! જેવી રીતે આજુબાજુ કોઈ ચોર કે ખીસાકાતરુ હોય ત્યારે ચેતવણી આપવામાં આવે છે, તેવી જ રીતે આવા ઉદાર માણસો વિષે હું મારા મિત્રોને હમેશાં કહું છું, 'સંભાળજો હોં,—એ ઉદાર છે!'

(મૂળ મરાઠી ઉપરથી) માલતી જોશી

યુરોપ-અમેરિકા કરતાં આપણી વધુ નજીક આવેલો અને છતાં આપણને તદ્દન અજાણ્યો

દુનિયાનો પાંચમો ખંડ

ઑસ્ટ્રેલિયા

એનો અવનવો પરિચય

હિંદુસ્તાનના અગ્નિ ખૂણે આવેલો ઑસ્ટ્રેલિયા ખંડ ઇંગ્લંડ-અમેરિકા કરતાં આપણાથી વધુ નજીક છે, છતાં મુકાબલે તેના વિષે આપણે બહુ ઓછું જાણીએ છીએ. થોડાંક વર્ષોથી આપણો ઑસ્ટ્રેલિયા સાથે સંબંધ વધતો જાય છે. બન્ને દેશમાં એકબીજાના હાઈ કમિશનરો નિમાયા છે અને હાલમાં જ વેપારી શિષ્ટ મંડળોએ એક બીજાના દેશની બન્ને દેશના વેપારને અંગે મુલાકાતો લીધી છે આમ ભવિષ્યમાં બન્ને દેશો પરસ્પર સાથે ગાઢ સંબંધમાં આવશે એમ લાગે છે.


ભૌગોલિક દૃષ્ટિએ ઑસ્ટ્રેલિયા ખંડ અતિ જૂનો હોવા છતાં તેનો ઇતિહાસ તો માત્ર છેલ્લા બસો વર્ષથી જ શરૂ થાય છે. તે પહેલાં ત્યાં આદિવાસીઓ જંગલી દશામાં રહેતા. દુનિયા તે વખતે ઑસ્ટ્રેલિયા વિષે ખાસ કંઈ જાણતી નહોતી. ત્યાં સૌથી પહેલાં પગ મૂકવાનો દાવો અરબો, સ્પૅનિયાર્ડો અને પોર્ચુગીઝો કરે છે પણ ખરું જોતાં તો સિકંદરની સાથે હિંદમાં આવેલા ગ્રીક સિપાહીઓએ સૌ પહેલી હિંદીઓ પાસેથી જ ઑસ્ટ્રેલિયાની વાતો સાંભળેલી, અને તેમની દ્વારા જ પશ્ચિમની દુનિયાએ દક્ષિણમાં આવેલા આ મોટા પ્રદેશ વિષે પહેલી ખબર સાંભળી હતી. એટલે હિંદીઓને તો એ ખંડ ઘણા પ્રાચીન કાળથી જ્ઞાત હતો. ૧૭ મી સદીમાં તો ડચ લોકો ઑસ્ટ્રેલિયાની વારંવાર મુલાકાત લેતા. તેમણે તેનું નામ 'ન્યૂ હૉલૅન્ડ' પાડ્યું હતું. પણ તેમણે ત્યાં કાયમી વસવાટ શરૂ કર્યો નહોતો.


પરંતુ એ દેશની સંપૂર્ણ માહિતી મેળવી કરવાનું તથા ત્યાં કાયમી વસવાટ શરૂ કરવાનું પહેલું માન જેમ્સ કૂક નામના અંગ્રેજ સાગરખેડુ શોધસફરીને ફાળે જાય છે. ઈ. ૧૭૬૯ અને ૧૭૭૦ માં તે ઑસ્ટ્રેલિયાનો ૧૩૦૦ માઈલનો પૂર્વ કિનારો ખૂંદી વળ્યો અને તેની ઉપર ઇંગ્લંડની સત્તા જાહેર કરી. ઈ. ૧૭૮૮ માં, પૂર્વ કિનારે, હાલના સીડની બંદર પાસે પોર્ટ જૅક્સન બંદરની સ્થાપના કરીને તેણે ત્યાં પહેલી વસાહત શરૂ કરી. પણ ત્યાં ખરેખરો વસવાટ વધ્યો તે તો અમેરિકા બ્રિટનના હાથમાંથી ગયા પછી જ; કારણ કે ત્યાં સુધી તો બ્રિટન પોતાના ગુનેગાર કેદીઓને અમેરિકામાં દેશનિકાલ કરતું હતું. પણ અમેરિકા ગુમાવ્યા પછી તેને બીજું કોઈ સ્થળ શોધવાની જરૂર પડી. આ જ અરસામાં કૅપ્ટન કૂકે ઑસ્ટ્રેલિયામાં બ્રિટનને નામે કબજો મેળવ્યો હોવાથી ઇંગ્લંડે હવે પોતાના ગુનેગારોને ઑસ્ટ્રેલિયામાં દેશનિકાલ કરવા માંડ્યા. આમ ઑસ્ટ્રેલિયાનો પહેલો વસવાટ અંગ્રેજ ગુનેગાર લોકોથી શરૂ થયો. પછી બીજા અંગ્રેજો પણ ત્યાં રહેવા માટે જવા માંડ્યા. એવામાં ૧૮૫૧માં ઑસ્ટ્રેલિયાના વિક્ટોરિયા સ્ટેટમાં જંગી સોનાની ખાણોની શોધ થઈ અને તે એકદમ જગત આગળ પ્રકાશમાં આવ્યો. જલદી પૈસાદાર થઈ જવાની તૃષ્ણાથી હવે જુદા-જુદા દેશના લોકો ત્યાં જવા માટે પડાપડી કરવા લાગ્યા અને ઇ. ૧૮૫૦માં જ્યાં ચાર લાખની વસતી હતી ત્યાં એક જ વર્ષમાં ૧૦ લાખની થઈ ગઈ! ત્યાર પછી ધીમેધીમે ત્યાં વસતિ વધતી જ ગઈ. જો કે બહારથી ત્યાં જઇ વસનારા લોકોમાં મોટો ભાગ ઇંગ્લંડના જ લોકોનો છે હાલ તેની કુલ વસતિ ૭૦ લાખની છે.

ઑસ્ટ્રેલિયાની ગણત્રી જગતના છ ખંડોમાં થાય છે. તેનું કુલ ક્ષેત્રફળ ૩૦ લાખ ચોરસ માઈલ છે, જે હિંદ કરતાં લગભગ બમણું છે; અને યુરોપ ખંડ તો આખો તેમાં સહેલાઇથી માઈ શકે એટલો તે મોટો છે. તેના આ ક્ષેત્રફળના પ્રમાણમાં તેની વસતિ ઘણી જ ઓછી કહેવાય. ઑસ્ટ્રેલિયાના ભૂગિતળનો ઘાટ પણ કંઇક અંશે રકાબી જેવો છે. જેમ રકાબીમાં કિનારી ઊંચી હોય છે અને વચ્ચે ખાડો હોય છે તેમ તેનો ચોમેરનો કિનારો ઊંચો અને ફળદ્રુપ છે જ્યારે તેની વચમાં વિશાળ વિરાટકાય રણ આવેલું છે, જે જગતનું બીજા નંબરનું મોટું રણ છે.

એકંદરે જોવા જઇએ તો ઑસ્ટ્રેલિયા એક વેરાન દેશ છે. તેના ⅔ ભાગમાં ૨૦ ઇંચ કરતાં યે ઓછો વરસાદ પડે છે અને ઘણા મોટા ભાગમાં તો ૧૦ ઇંચ કરતાં યે ઓછો વરસે છે. અને જ્યાં વરસાદ પડે છે ત્યાં પણ તે બહુ અનિયમિત રીતે પડતો હોવાથી તેના પર આધાર રાખી શકાતો નથી. વળી ચાલુ ઉપયોગ થઇ શકે એવા કાયમી પાણીના પ્રવાહો પણ ત્યાં નથી. ફક્ત અગ્નિ ખૂણામાં આવેલી મુરે નદીનો એની માટે ઉપયોગ થઈ શકે છે. જોકે ત્યાં બોરિંગ મૂકીને પાતાળ કૂવાઓ (Artesian well) ખોદીને પાણીની આ ખોટ પૂરી પાડવાનો પ્રયત્ન થઈ રહ્યાં છે, પણ તે ય ખાસ આશાદાયક નથી. આમ એકંદરે જોતા ઑસ્ટ્રેલિયાનો મોટો ભાગ સુક્કો અને વેરાન છે.

ઑસ્ટ્રેલિયા ઘણો મોટો દેશ હોવાથી ત્યાં હિંદની માફક વિવિધ જાતની આબોહવા તથા વનસ્પતિ છે. તેનો ૪૦ ટકા ભાગ ઉષ્ણ કટિબંધમાં છે, જ્યારે બાકીનો ભાગ સમશીતોષ્ણ કટિબંધમાં છે. તેના પૂર્વ તથા અગ્નિ ખૂણા તરફના કિનારાના પ્રદેશમાં હવા ઘણી જ ખુશનુમા હોય છે. ત્યાં શિયાળામાં ખૂબ ઠંડી હોતી નથી કે ઉનાળામાં બહુ ગરમી હોતી નથી; અને વરસાદ પણ વરસ દરમિયાન ત્યાં માફકસર પડતો હોવાથી લોકોને તે પ્રદેશ સૌથી વધુ ફાવી ગયો છે.





ઉપર: ઑસ્ટ્રેલિયાનો અજ્ઞાત ખંડ માનવીને ધીમે ધીમે જે રીતે જ્ઞાત થતો ગયો તેનો ક્રમશઃ આલેખ. શરૂમાં ૧૮૧૫માં પ્રથમ ચિત્રમાં નીચલે જમણે છેડે દેખાતા સફેદ ટપકાં જેટલો જ પ્રદેશ જાણીતો હતો. તે પછી ક્રમશઃ ૧૮૪૦, ૧૮૫૦ ને ૧૮૭૫માં જેમ જેમ માનવી એ વિશાળ ખંડને આવરતો ગયો તેના તબક્કાના નકશા આપ્યા છે. ડાબી બાજુ: ઑસ્ટ્રેલિયાના ભૂગિતળનો રકાબી જેવો ઘાટ કઈ રીતે છે તે દર્શાવતો આલેખ, જેની વિશેષ વિગતો સાથેના લેખમાં આપી છે.

તેથી જ તે ભાગમાં વસતિ ગીચ છે અને સીડની, મેલબોર્ન, બ્રિસ્બેન ઈત્યાદિ મોટાં શહેરો ત્યાં આવેલાં છે.

પર્વતમાળાઓ ઑસ્ટ્રેલિયામાં ઘણી છે. જેમાં 'ઑસ્ટ્રેલિયન આલ્પ્સ' મુખ્ય છે. તેનું 'કોશીયુસ્કો' (Kosciusko) નામનું શિખર ૭૩૦૦ ફૂટ ઊંચું છે. તેના દક્ષિણ ભાગમાં શિયાળામાં બરફ પડતો હોવાથી તે શિયાળાની બરફાફ રમતો માટે આકર્ષક સ્થળ છે. કિનારાના જે પ્રદેશમાં ખૂબ વરસાદ પડે છે ત્યાં ઘણાં ગીચ જંગલો આવેલાં છે. આ જંગલોમાં રાક્ષસી કદનાં 'ગમ' અથવા 'યુકૅલિપ્ટસ'નાં જંગી ઝાડો ઊગે છે. આ ઝાડને ડાળીઓ હોતી નથી. જમીનથી સીધું ઊંચું તે ઊગે છે અને માત્ર ટોચ ઉપર નાનાં ઝૂમખાં લીલા રંગના પાંદડાં હોય છે.

પ્રાણીઓ પણ ઑસ્ટ્રેલિયામાં વિચિત્ર જાતનાં થાય છે. જેમાં કાંગારૂ સૌથી જાણીતું છે. પોતાનાં બચ્ચાંને સાચવવા માટે તેના પેટના ભાગમાં જે એક કુદરતી કોથળી હોય છે તેને લીધે તે જગતમાં ખૂબ પ્રખ્યાત છે. આ પ્રાણી સામાન્યતઃ નિરુપદ્રવી છે અને ફક્ત ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલાંડમાં જ મળી આવે છે. હિંસક પ્રાણીઓમાં તો ત્યાં ફક્ત જંગલી કૂતરા જેવું ડીંગો નામનું પ્રાણી થાય છે જે ઘેટાંને મારી ખાય છે. કૉકેટુ (કાકાકૌવા), કુકેબુરા (kookaburra), ઈમુ (Emu) ઈત્યાદિ ત્યાંનાં જાણીતાં પંખીઓ છે. પણ આમાંનું એકે પશુપંખી મનુષ્યના જીવનવ્યવહારમાં ઉપયોગમાં આવે તેવું નહિ હોવાથી ઘણાંખરાં પશુઓ લોકોને બહારથી જ ત્યાં લઈ જવાં પડ્યાં છે. રણના પ્રદેશને માટે જરૂરી ઊંટ પણ બહારથી જ લાવીને વસાવવું પડ્યું છે. આમ, લઈ જવામાં આવેલાં પાલિત પશુઓમાં કેટલાક લોકો શોખને ખાતર થોડાં સસલાં ત્યાં લઈ ગયા. અને એ પશુના કુદરતી દુશ્મન ત્યાં કોઈ નહિ હોવાથી તેમની પ્રજા ત્યાં થોડાંક વર્ષોમાં એટલી બધી વધી ગઈ કે પાકનું નુકસાન કરીને તેમણે કાળો કેર વર્તાવી મૂક્યો અને આજે તો તેમનો નાશ કરવા લાખો રૂપિયા ખરચવા છતાં યે લોકોએ એવી સફળતા હજુ મળી નથી!

ઑસ્ટ્રેલિયાના મુખ્ય ઉદ્યોગધંધાઓ ત્રણ: ઘેટાંનું ઊન ઉત્પન્ન કરવાનો, ખેતીનો અને ડેરીનો. ઊનની પેદાશમાં તો ઑસ્ટ્રેલિયાનો નંબર જગતભરમાં સૌથી પહેલો આવે છે અને આખા જગતના ઊનની કુલ પેદાશનો ચોથો ભાગ એકલું ઑસ્ટ્રેલિયા પેદા કરે છે. ઊન આપનારાં ઘેટાં ત્યાં ૧૨ કરોડ છે, જે દર વર્ષે ૧ અબજ રતલ ઊન આપે છે. ઊનની આ કુલ પેદાશનો ૮૦ ટકા પરદેશ ચડે છે. વળી ત્યાં માંસને માટે ઢોરો ઉછેરવામાં આવે છે ને દર વર્ષે લગભગ ૨॥ કરોડ (૧ કરોડ ૯૫ લાખ ઘેટાં, ૩૫ લાખ ઢોર ને ૨૦ લાખ ડુક્કર)ની કતલ થઈને તેમનું માંસ બજારમાં તથા પરદેશ મોકલાય છે. આ ઢોરોનાં ચામડાંનો પણ ત્યાં મોટો ઉદ્યોગ ચાલે છે.

બીજે નંબર ભોગવતા ખેતીના ઉદ્યોગમાં મુખ્ય પેદાશ ત્યાં ઘઉં છે અને દર વર્ષે ત્યાં ૧ કરોડ ૬૦ લાખ બુશલ ઘઉં પેદા થાય છે, જેમાંથી ૧ કરોડ બુશેલ પરદેશ ચડે છે આને લીધે તે દુનિયાનો ઘઉંની જંગી નિકાસ કરનારો મહત્ત્વનો દેશ ગણાય છે. ત્રીજે નંબરે આવતો ડેરીનો ઉદ્યોગ ખાસ કરીને શહેરોની આસપાસ ચાલે છે ને દિવસેદિવસે વધતો જાય છે. ૧૯૨૮માં દૂધ આપનારી જેટલી ગાયો ત્યાં હતી તેના કરતાં આજે લગભગ બમણી સંખ્યા (૩૫ લાખ ગાયો) ત્યાં છે અને દર વર્ષે ૫૦ લાખ રતલ માખણ પેદા થાય છે.


ગત સૈકા સુધી ઑસ્ટ્રેલિયા ખેડૂત અને ખાણોમાં કરનાર મજૂરોનો દેશ ગણાતો. પણ હવે ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ તેની પ્રગતિ થઈ રહી છે અને યુદ્ધના સમયમાં તો ત્યાં એટલાં બધાં કારખાનાં શરૂ કરવામાં આવ્યાં છે કે તેનો વિકાસ ચાર ગણો થયો છે.

સોના ઉપરાંત ત્યાં ચાંદી, તાંબુ, સીસું, કલાઈ ઇત્યાદિ બીજી ધાતુઓની પણ સમૃદ્ધ ખાણો મળી આવી છે


ઑસ્ટ્રેલિયાનાં પક્ષીઓ







ડાબી બાજુ ઉપર—એમુ: શાહમૃગ જેવું પણ તેનાથી જરા નાના કદનું આ જંગલી પંખી માત્ર ઑસ્ટ્રેલિયા અને તેની આજુબાજુના ટાપુઓનાં અરણ્યોમાં થાય છે. તેની પાંખો નાની ને નહિવત્ જ હોય છે પણ ઘણી ઝડપથી દોડી તથા તરી શકે છે કેવળ વનસ્પતિ-આહારી આ પંખીના નર કરતાં માદા જરા મોટી હોય છે અને લીલા રંગનાં ઈંડાં મૂકે છે. નીચે: કાકાકૌઆ; જમણી તરફ: ઑસ્ટ્રેલિયાનું જાણીતું પંખી કૂકાબર્રા અને તેનો શિકાર બનેલો અજગર.



વિવિધ દૃષ્ટિબિંદુથી ઑસ્ટ્રેલિયાનો પરિચય આપતા કેટલાક આલેખ: પહેલાં બે ચિત્રોમાં હિંદ તથા યુરોપના નકશા તેના નકશા પર મૂકી બતાવીને કદનાં પ્રમાણ દર્શાવ્યાં છે. પછીનાં ત્રણ ચિત્રોમાં તેની જમીનના ઉપયોગ, ઊનની ઉપજ તથા વસતિ દર્શાવતા આલેખ છે.



ગરુડિયા જેવા ગેહેલા શરીરનો, ભારેખમ વાળવાળી પૂંછડીવાળો, ભૂખરા રેતાળ રંગનો ને દીપડા જેવડો વરુ સમો વિકરાળ આ ઑસ્ટ્રેલિયાનો જંગલી કૂતરો ત્યાંનાં ઘેટાંઓને માટે મોટા ભયરૂપ છે. ઑસ્ટ્રેલિયાના અતિ વ્યાપક અને જગતભરમાં પ્રખ્યાત પ્રાણી કાંગારૂનો સચિત્ર વિસ્તૃત પરિચય આ અંકના માધુકરીમાં આપ્યો છે.

આજે હિંદ ઑસ્ટ્રેલિયા વચ્ચેના વેપારી સંબંધો વધુ ને વધુ ગાઢ થઈ રહ્યા છે. હિંદ ઑસ્ટ્રેલિયાને કાપડ, ગુણપાટ, ચા આદિ મોકલે છે. જ્યારે ઑસ્ટ્રેલિયાથી ઘઉં, ઊન વગેરે આવે છે. ૧૯૪૫માં ઑસ્ટ્રેલિયાએ કુલ ૧॥ કરોડ પાઉન્ડનો માલ આપણે ત્યાં મોકલેલો અને આપણે ૧ કરોડ પાઉન્ડનો માલ ઑસ્ટ્રેલિયા રવાના કરેલો.

ઑસ્ટ્રેલિયા ખંડ છ વિભાગમાં વહેંચાયેલો છે. તે દરેક વિભાગ 'સ્ટેટ' કહેવાય છે: (૧) ન્યૂ સાઉથ વેલ્સ, જેનું મુખ્ય શહેર સીડની છે; (૨) વિક્ટોરિયા—મુખ્ય શહેર મેલબોર્ન; (૩) ક્વીન્સલૅન્ડ—મુખ્ય શહેર બ્રિસ્બેન; (૪) દક્ષિણ ઑસ્ટ્રેલિયા જેનું મુખ્ય શહેર ઍડીલેડ; (૫) પશ્ચિમ ઑસ્ટ્રેલિયા, જેનું મુખ્ય શહેર પર્થ અને (૬) ટાસ્માનિયાનો ટાપુ જેનું મુખ્ય શહેર હોબાર્ટ. જેમ હિંદની દક્ષિણે સિલોન બેટ આવેલો છે તેવી રીતે ઑસ્ટ્રેલિયાના અગ્નિ ખૂણામાં બેટના રૂપમાં ટાસ્માનિયા આવેલું છે.

શરૂઆતમાં આ છ યે સ્ટેટો અલગ અને સ્વતંત્ર હતાં પણ ઈ. ૧૯૦૦માં તેમનું ફેડરેશન થયું આ ફેડરેશન અમેરિકાના ફેડરેશન જેવું છે. ફેડરલ સરકારને અમુક વિષયોમાં નિયંત્રિત અધિકાર છે, જ્યારે બાકીનાં ખાતાંમાં સર્વ સત્તા સ્ટેટોની છે. આ સ્ટેટોમાં જોકે અંદરઅંદર તેમજ ફેડરલ સરકાર સાથે ઘણી વખત સંઘર્ષણ થાય છે. આવે વખતે તેનો નિકાલ ઑસ્ટ્રેલિયાની હાઈકોર્ટ કરે છે. સ્ટેટોનું તથા ફેડરલ સરકારનું રાજ્યબંધારણ બ્રિટન જેવું છે. આમ ધારાસભા (Legislative assembly) અને વડી ધારાસભા (Legislative council) એમ બે સભાઓ ત્યાં છે. આમ ધારાસભા ઇંગ્લંડના 'હાઉસ ઑવ કૉમન્સ' જેવી છે અને વડી ધારાસભા 'હાઉસ ઑવ લૉર્ડ્સ' જેવી. માત્ર ક્વીન્સલૅન્ડમાં એકલી ધારાસભા જ છે. ફેડરલ સરકારની સેનેટ દરેક સ્ટેટના છ છ પ્રતિનિધિ મળી ૩૬ પ્રતિનિધિઓની બનેલી છે. પ્રધાન મંડળ પણ ઇંગ્લંડના જેવું છે. ઑસ્ટ્રેલિયા બ્રિટિશ કૉમનવેલ્થમાં હોવાથી ત્યાં ઇંગ્લંડના તાજના પ્રતિનિધિ તરીકે ગવર્નર જનરલ નિમાય છે અને દરેક સ્ટેટમાં ગવર્નર નિમાય છે. જે સ્થાન અને સત્તા ઇંગ્લંડના રાજ્યબંધારણમાં રાજાને છે તે સ્થાન અને સત્તા ઑસ્ટ્રેલિયામાં આ ગવર્નર જનરલ અને ગવર્નરોનાં છે. આમ ઑસ્ટ્રેલિયા સ્વતંત્ર છે. ત્યાં જે રાજકીય પક્ષો છે તેમાં મજૂર પક્ષ (Labour party) સૌથી વધુ સંગઠિત અને બળવાન છે અને દરેક સ્ટેટ સરકારમાં તથા ફેડરલ સરકારમાં તે જ પ્રભુત્વ ધરાવે છે. ફેડરલ સરકારની રાજધાની કૅનબેરા (Canberra) છે.

ઑસ્ટ્રેલિયાની વસતિનો મોટો ભાગ શહેરોમાં આવેલો છે અને ૧૯૩૩ની વસતિગણત્રી મુજબ ૬૪ ટકા લોકો શહેરમાં વસે છે. એકલા સીડની અને મેલબોર્ન એ બન્ને શહેરોમાં મળીને જ કુલ વસતિનો ત્રીજો ભાગ તો વસે છે જ્યારે કૅપ્ટન કૂક ઑસ્ટ્રેલિયામાં આવ્યો ત્યારે આદિવાસીઓની સંખ્યા આશરે ૩ લાખ હતી પણ જેમજેમ પરદેશીઓ તેમના દેશમાં આવતા ગયા તેમ તેમ તે અંદરના ભાગમાં ચાલ્યા ગયા. તેમની સંખ્યા ધીમેધીમે ઓછી થઈને આજે લગભગ ૬૦ હજાર જેટલી રહી છે. તેમનો મોટો ભાગ ઑસ્ટ્રેલિયાના ઉત્તર અને પશ્ચિમ ભાગમાં છે.

ઑસ્ટ્રેલિયાની ૭૦ લાખની જનસંખ્યા તેના વિસ્તારના પ્રમાણમાં ઘણી જ ઓછી હોવાથી ત્યાંના લોકો પોતાના દેશની વસતિ વધારવા બહુ આતુર છે. હમણાં જ ત્યાંના ડેપ્યુટી મુખ્ય પ્રધાન મિ. ફોર્ડે જાહેર કર્યું છે કે આ સદીની આખર સુધી ઑસ્ટ્રેલિયા પોતાની લોકસંખ્યા ૭૦ લાખ પરથી બે કરોડ સુધી લઈ જવા માગે છે. આ માટે દર વર્ષે ૭૦ હજાર પરદેશીઓને તે પોતાના દેશમાં લાવવા ચાહે છે. પણ પરદેશમાંથી ઑસ્ટ્રેલિયામાં વસવાટ કરવા આવનાર માટે ઑસ્ટ્રેલિયાની સરકારે બહુ કડક કાયદા કર્યા છે. ૧૯૦૧માં ઈમિગ્રેશન રિસ્ટ્રિક્શન ઍક્ટ પાસ કરીને એશિયા ખંડના કોઈ પણ દેશના લોકોને ઑસ્ટ્રેલિયામાં વસવાટ કરવા સામે પ્રતિબંધ મૂક્યો છે. માત્ર હિંદના વેપારીઓ, વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને થોડી છૂટ મૂકવામાં આવી છે. પોતાની રહેણીકરણી, ધર્મ, સંસ્કૃતિ તથા રીતરિવાજોથી સાવ જુદા આચારવિચારો ધરાવનાર એશિયાના લોકો જો પોતાના દેશમાં આવે તો બીજા દેશની માફક પોતાના દેશમાં પણ વાંશિક ભિન્નતાને લીધે ગૂંચવણો પેદા થશે એમ તેઓ માને છે. પણ આ પ્રતિબંધની પાછળ રંગભેદ તથા ઘૃણાની લાગણી નહિ જ હોય એમ કહી શકાય નહિ, કેમકે ઑસ્ટ્રેલિયા ખાસ કરીને ઇંગ્લંડમાંથી જ પોતાના દેશમાં વસવાટ કરવા માટે લોકો લાવવાની ઈચ્છા રાખે છે. આમ, હિંદની વધતી જતી વસતિના નિકાલ માટે ઑસ્ટ્રેલિયાએ પોતાનાં બારણાં બંધ કરી દીધાં છે.

ઑસ્ટ્રેલિયાની સંસ્કૃતિ એ અંગ્રેજ સંસ્કૃતિની જ સુધારેલી આવૃત્તિ છે તેમનાં જીવન ને ભાષા, ધર્મ ને સંસ્કાર, ખોરાક ને રમતો બધું અંગ્રેજો જેવું જ છે. તમે જો ઑસ્ટ્રેલિયાના કોઈ શહેરમાં જાઓ તો તે તમને ઇંગ્લંડના શહેર જેવું લાગે ઑસ્ટ્રેલિયનો Transplanted British (બીજા દેશમાં જન્મેલા અંગ્રેજો) જ છે તેઓ પોતાના દેશને લાડમાં 'ઑસ્સી' કહે છે

મહાત્માજીએ કહ્યું છે કે હવે પછી જે ત્રીજું વિશ્વયુદ્ધ થશે તે કાળા-ધોળાના રંગભેદનો નાશ કરવા માટે થશે જો કદાચ એમ થાય તો તેવે વખતે એશિયા ખંડ પાસે આવેલું ઑસ્ટ્રેલિયા એક આફત તો ઊભી નહિ કરે ને?

નિબંધ-હરીફાઈ: શ્રી નૂતન પ્રવૃત્તિ સંઘ તરફથી ૧૪થી ૨૧ વર્ષના ગુજરાતીઓ માટે નીચેના વિષય પર એક નિબંધ-હરીફાઈ રાખવામાં આવી છે: (૧) આપણું કવિતાસાહિત્ય; (૨) ભારતીય સંસ્કૃતિની અન્ય સંસ્કૃતિ પર અસર; (૩) ભાવી હિંદ—એક વિચારણા; (૪) સામાજિક પ્રશ્નોનું નિવારણ આ પૈકી કોઈ પણ એક વિષય પર ઓછામાં ઓછા ૧૨૫ લીટીનો નિબંધ તા. ૩૦-૧૧-૪૭ પહેલાં મોકલવો. શ્રેષ્ઠ નિબંધોને અનુક્રમે રૂપિયા ૧૫, ૧૦ અને ૫ નાં તથા આશ્વાસન ઇનામો અપાશે નિબંધ મોકલવાનું સ્થળ: શ્રી નૂતન પ્રવૃત્તિ સંઘ, C/o ચંદુલાલ બી. સેલારકા, શામજી કરમશીની વાડી, કિરોલ રોડ, ઘાટકોપર, મુંબાઈ.

ઋણ-સ્વીકાર: અંક ૨૮૩ ના પૂંઠા પર-પ્રકટ થયેલું 'શારદ લક્ષ્મી'નું રેખાંકન મુંબઈના શ્રી પ્રબોધ મહેતાના સૌજન્યથી, તથા ગયા અંકમાં પ્રકટ થયેલું શ્રી નંદલાલ બસુનું રીંછનું રેખાંકન કલાકાર શ્રી એ. પેરૂમલના સૌજન્યથી અમને મળ્યું છે.

[સૂચના: આ આખી નાટિકા કલ્પિત છે; માટે કૃપા કરી કોઈએ બંધબેસતી પાઘડી પહેરવી નહિ]

કાળાબજારના કીમિયાગરો

★ નાટિકા

જે પોતાની વાત પોતે જ કહે છે

સમય : ઈ. ૧૯૪૭

સ્થળ : ન્યૂ દિલ્હીમાં આવેલું એક મકાન

પાત્રો : જેમ આવતાં જાય તેમ

[પડદો ઊંચકાય છે ત્યારે એક મોટા દીવાનખાનામાં પૈસાથી તર થએલા સ્થૂળ શરીરવાળા ગૃહસ્થો ખડકાએલા નજરે પડે છે. દીવાલ ઉપર પાછલાં વર્ષોની સમિતિના પ્રમુખોની છબીઓ ટાંગેલી છે. મંચ ઉપર એક ટેબલ છે અને તેના પર કેટલાક કાગળો પડેલા છે. સભાના સેક્રેટરી જેવા દેખાતા એક ગૃહસ્થ હાથમાં કેટલાક કાગળો લઈ મંચ પર ચડતા દેખાય છે અને ટેબલ પાસે ઊભા રહી ભાષણ શરુ કરે છે]

સેક્રેટરી : માનનીય કૉન્ટ્રૅક્ટર સાહેબો, દલાલ સાહેબો, કમિશન એજન્ટ સાહેબો અને...કહી શકું તો સજ્જનો! અખિલ હિંદ કૉન્ટ્રૅક્ટરોના એસોસીએશનની આ સભા ૧૯૪૮ના વર્ષ માટે નવા પ્રમુખની ચૂંટણી કરવા માટે બોલાવવામાં આવી છે. આ વર્ષના નિવૃત્ત થતા પ્રમુખશ્રીએ મને આજે એક તાર મોકલ્યો છે, જેમાં તેઓ જણાવે છે કે તેમના કુટુંબમાં એક ગંભીર માંદગીને પરિણામે પોતે સભામાં હાજરી આપી શકે તેમ નથી અને તે બદલ તેઓ પોતાની દિલગીરી પ્રદર્શિત કરે છે.

એક અવાજ : તેઓ તેમના જમાઈને કોઈ સારી એજન્સી અપાવવા મુંબાઈ ગયા છે. ('શરમ' 'શરમ'ના પોકારો)

બીજો અવાજ: જૂઠું બોલવા માટે સેક્રેટરીને કેટલા પૈસા ખવડાવવામાં આવ્યા છે?

સેક્રેટરી (ગુસ્સે થઈને) : હું તમને જે કહું છું તે સત્ય છે.

પ્રથમ અવાજ : આવી જાઓ! લગાવો શરત!

સેક્રેટરી : હા, હા, સો સો રૂપિયાની શરત!

પ્રથમ અવાજ : એટલી મામૂલી રકમમાં હું જીવ ઘાલતો નથી. હજાર રાખો.

બીજો અવાજ : પાંચ હજાર!

(શરતો બોલવાના પોકારો વધી જાય છે અને સભામાં પુષ્કળ ઘોંઘાટ થાય છે.)

સેક્રેટરી : (ટેબલ પર મુક્કાઓ મારીને બધાને શાન્ત પાડતાં) આ પ્રશ્ન આપણે પછી ચર્ચીશું; હાલ તો નવા પ્રમુખના ચૂંટણીનો પ્રશ્ન આગળ કરીએ. એસોસીએશનના પ્રમુખની ઉમેદવારી કરવાની જેઓ ઇચ્છા રાખતા હોય તેઓ કૃપા કરી એક હાથ ઊંચો કરે!

(દરેક જણ હાથ ઊંચો કરે છે)

સરદારજી, બે હાથ ઊંચા કરવાની જરૂર નથી. એક હાથ ચાલશે. હાં; હવે હાથ નીચે મૂકો, સજ્જનો! (હાથ નીચા થાય છે.)

મહેરબાની આપની. આપ બધા જ પ્રમુખ તરીકે ચુંટાવા માગો છો એટલે મત લેવાનો પ્રશ્ન ઊડી જાય છે. હવે પરિસ્થિતિ ઘણી મુંઝવણભરેલી બની છે. આપનામાંથી કોઈ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવા તૈયાર છે? તૈયાર હોય તે કૃપા કરી હાથ ઊંચો કરે.

(બધા શાંત બેસી રહે છે અને એક બીજા સામે ટગરટગર જોયા કરે છે.)

વારુ, આવી પરિસ્થિતિ માટે સભાના નિયમોમાં કોઈ જાતનો પ્રબંધ કરેલો ન હોવાથી હું દિલગીર છું કે આ સભા વારણારેત કરવાની કહોર ફરજ મારે બજાવવી પડશે. આપણી સભાને દોઢસો પ્રમુખો તો ન જ હોઈ શકે.

મિ. આઈ. એમ. એકલપેટા (એક જૂના કૉન્ટ્રૅક્ટર): હું એક સૂચના કરવાની રજા લઉં છું. એનાથી બધાને સરખો ન્યાય થશે. આપણામાંથી દરેક જણ ઊભો થઈ પોતાની લાયકાત અને આવડતનો પરિચય આપે. જે પોતાની હોશિયારી વડે સૌથી આગળપડતો જાહેર થાય તે પ્રમુખ તરીકે ચુંટાય. અહીં પ્રત્યક્ષ પ્રમાણો રજૂ કરવાનાં હોવાથી પૈસા આપીને મત ખેંચી જવામાં આવે છે તેવી ફરિયાદ પણ આથી દૂર થશે.

સેક્રેટરી : આ સૂચના માટે હું આપનો આભાર માનું છું સૂચના બધાવી લેવા જેવી છે અને હું આશા રાખું છું કે આપ બધા એને અનુમોદન આપશો. (સભામાંથી સંમતિના અવાજો)

સેક્રેટરી : વાહ વાહ! આભાર આપનો. હવે સૌ પ્રથમ હું લાલા સીધેલાલને પોતાના વિચાર બોલવા વિનતિ કરીશ.

(લાલા સીધેલાલ મંચ પર આવે છે. આ ધંધામાં હજુ તેઓ નવા જ છે. તેમનો પ્રમુખ તરીકે ચૂંટાવાનો સંભવ ઓછો છે, પણ તેમને સાંભળી લેવાને હરકત નથી.)

સીધેલાલ : હું તો આ ધંધામાં નવો જ છું (શ્રોતાઓમાંથી 'બેસી જાઓ'ના અવાજો), છતાં પણ મેં ઘણી સારી પ્રગતિ કરી છે. કર્ઝન રોડ પર મેં બે બંગલા બંધાવ્યા છે. મકાનો બાંધવાના કૉન્ટ્રૅક્ટમાં સીમેન્ટ કરતાં રેતી વધારે વાપરીને અને નવીની જગ્યાએ જૂની ઈંટો વાપરીને આપણા ધંધાનું ધોરણ મેં ઊંચું જ રાખ્યું છે..

એક કૉન્ટ્રૅક્ટર : લે' આ તો છેક મુઘલાઈના જમાનાથી હાલતું આવ્યું છે; કામાં બાયડીએ જણ્યું ઘાડ મારી નાખી!

(વિરોધના અવાજો વધતા જાય છે અને શેઠ સીધેલાલ વીલું મોં કરી બેસી જાય છે)

સેક્રેટરી : મિસ્તર મહોબ્બતખાન પહેલવાન!

(મહોબ્બતખાન મંચ તરફ આગળ વધે છે. એમની છ ફૂટની ઊંચાઈમાં એમનો પઠાણી ફેંટો બારસો એક ફૂટનો વધારો કરી આપે છે. ઊંચાઈ અને જાડાઈ બન્ને સમપ્રમાણ હોવાથી એમની કાયા રાક્ષસી લાગે છે.)

મહોબ્બતખાન: હું તો છું જાતનો પઠાણ, અને મને આપના જેવી યુક્તિઓ અજમાવતાં નથી આવડતી. આપણે તો સીધી વાત. હું તો મેજર સાહેબ પાસે જાઉં અને કહું, 'જુઓ એમ્બેસખાન! આ અંગુરનો ઈંતરો મને જ આપો.' મને પૂછે, 'તમે ટેન્ડર ભર્યું છે?' તો કહું, 'હું ટેન્ડર ફેન્ડરમાં સમજું નહિ. મને જો કૉન્ટ્રૅક્ટ નહિ મળે તો જેને મળશે તેને હું મારી નાખીશ, સમજ્યા? મેં બધા ઈજારા આમ જ મેળવેલા. ભાઈઓ, જો આપ મને પ્રમુખ બનાવશો તો ડિન્ગોઝલ અને સપ્લાઈના બધા અમલદારોને હું સીધા કરી નાખીશ. આડા ચાલે તેને તો હાંસે પાર!

(બસકો મારીને મંચ પરથી કૂદી પડે છે. સમગ્ર શ્રોતામંડળ તેની વાતથી ડઘાઈ ગયું હોય એવી સ્તબ્ધતા સભામાં વર્તાય છે.)

આપણા અનુભવી અને હોશિયાર ધંધાદારીઓએ જે અભ્યાસપૂર્ણ પ્રવચનો કર્યાં છે તેમાં ટોપ લેવાની મારી હિંમત નથી, પણ હું જ્યારે એમ કહીશ કે એ બધા વક્તાઓએ માત્ર પૈસા ઉપર જ ભાર મૂક્યો છે; અને પૈસા વિના બીજા કશાથી કામ સરતું નથી એ માન્યતાને હું તોડી પાડવા માગું છું તો આપ બધા મને માફ કરશો એવી આશા રાખું છું. એક સદ્‌ગૃહસ્થ બિઝ રમીને હજારો રૂપિયા આપી દે છે, બીજા કોઈ ઑફિસરનો આખો સ્ટાફ પોતાના પગારે રાખી કામ કાઢવાની તરકીબ કરે છે, તો ત્રીજા વળી બધી દીવાસળીઓ હાથ કરી લઈ કૃત્રિમ દુષ્કાળ ઊભો કરવાની તજવીજ કરે છે. આ બધાને મારે શું કહેવું? મને લાગે છે કે કરન્સી નોટોના બંડલમાં એમની અક્કલનું પણ બંડલ વળાઈ ગયું છે. પૈસાથી જ જો બધું બની શકતું હોત તો મારા જેવા માણસો અત્યારે ભીખ માગતા હોત. તે ઉપરાંત પૈસા ઉપર આટલો બધો ભાર મૂકવાથી આપણો ધંધો કેવળ પૈસાદાર વર્ગનો જ હોય એવો ભ્રમ ઉત્પન્ન થયો છે જ્યારે વસ્તુતઃ એથી ઊલટું જ છે. ('હિયર' 'હિયર'ના પોકારો)

એક સભ્ય: તો તમારા જ વિશે સભાને જણાવો.

બુદ્ધિધન: ગયે વર્ષે મેં છ લાખ રૂપિયા મેળવ્યા,—એક પાઈની પણ મૂડી રોક્યા વિના, અને તે પણ આવકવેરાથી મુક્ત! તમને નવાઈ લાગશે, પણ હું તો એક મામૂલી આદમી છું. મારી પાસે નથી કોઈ ઑફિસ, ગાડી, ટેલિફોન કે નામ છાપેલાં નોટપેપરો!

શેઠ હરિગમનાહર(સાશ્ચર્ય): આવકવેરાથી મુક્ત?! ઓ ભગવાન!!

બુદ્ધિધન: મારી હિકમત-ટેકનિક-નું દૃષ્ટાંત હું આપના સમક્ષ રજૂ કરીશ. કેટલાક વખત પહેલાં મને ખબર પડી કે સરહદ પ્રદેશમાં લશ્કરી હીલચાલ માટે પાંચ હજાર ઊંટની જરૂર હતી. મેં બધા ઊંટ પૂરા પાડવાનું માથે લીધું અને નક્કી કરેલે દિવસે બપોરે એક વાગે તેમને ઈન્સ્પેક્ટર પાસે રજૂ કરવાનું સ્વીકાર્યું. હું ઠરાવેલા સમય કરતાં બે કલાક વહેલો પચીસ ઊંટ અને કેટલીક બીયરની બાટલીઓ લઈને ઈન્સ્પેક્ટરને બંગલે પહોંચ્યો. મેં સઘળા ઊંટોને બંગલાની પાછળના ભાગમાં ઊભા રાખ્યા અને સાહેબને આસ્તે આસ્તે બીયર પાવાનું શરૂ કર્યું. તેણે મારો આભાર માન્યો અને પૂછ્યું, 'આપણે બધા ઊંટ જોઈ લઈએ તો કેમ? જો જો દો, હું બહુ કડક માણસ છું અને એકેએક ઊંટ હું મારી જાતે ગણીને લઈશ! અમે બહાર વરન્ડામાં ખુરશીઓ નાખી બેઠા. દરમ્યાનમાં મેં સાહેબને પુષ્કળ બીયર પાઈ દીધો હતો. સાહેબે પછી પૂછ્યું, 'તમે બધા જ ઊંટ લઈ આવ્યા છો?' મેં કહ્યું, 'થોડા વધુ લાવ્યો છું.—કદાચ આપને કેટલાક પસંદ ના પડે એ હિસાબથી.' તેણે કહ્યું. 'સારું, લાવવા માંડો.'

મારા તરફથી ઈશારો થતાં ઊંટના સવારોએ ઊંટ લાવવા માંડ્યાં. તેમણે બંગલાની આસપાસ પચીસ ઊંટોને બસો વખત પ્રદક્ષિણા લેવડાવી. આમ સાહેબે અંતે જ પાંચ હજાર ઊંટ ગણી લેવાં! ગણત્રી પૂરી થઈ એટલે સાહેબે મને ચેક લખી આપ્યો ને તરત જ મેં બેંકમાં તેને વટાવી દઈ પૈસા લઈ ઘેર પહોંચ્યો.

('શાબાશ', 'ખૂબ કરી' વગેરે અવાજો)

શેઠ સીધેલાલ: પછી તમારું પોલ પકડાયું કે નહિ?

બુદ્ધિધન: અલબત્ત! એ ડોબાએ મને તેડાવ્યો અને દમ બતાવવા માંડ્યો. મેં કહ્યું, જુઓ સાહેબ, મેં બધાં ઊંટો આપને ગણી બતાવ્યાં છે. હવે મારો કોઈ ઉપાય નથી. કોઈ ચોરી કરી જાય તેને માટે હું જવાબદાર નથી. હવે આપે ચોરી સંબંધે તાકીદે તપાસ કરાવવી જોઈએ. (હર્ષના પોકારો)

સરદાર ગબ્બનસિંહ: પછી?

બુદ્ધિધન: પછી તો એ છેક નરમ થઈ ગયો. આ મુશ્કેલીમાંથી ઊગરવા તેણે મારી મદદ માગી. મેં રસ્તો બતાવ્યો કે એ બધા ઊંટોને તોફાનવાળા વિસ્તારમાં મોકલવા અને કેટલાકને ઘાયલ કરીને પાછા આવી રીપોર્ટ કરવો કે મોટાભાગના ઊંટ કપાઈ ગયા છે.

સેક્રેટરી: એ યુક્તિ ચાલી ખરી કે?

બુદ્ધિધન: કેમ નહિ? અમે પછી ખાસ દોસ્તો બની ગયા અને એ જ પ્રમાણે મેં બીજા હજારો ઊંટો સરકારને પૂરાં પણ પાડ્યાં! સરહદમાં શાંતિ સ્થપાઈ તે પૂર્વે સરકારનાં બધાં મળી વીસ હજાર ઊંટ કપાઈ મૂઆં હતાં! (હર્ષના લાંબા પોકારો)

એક ગમ્મત થઈ તે હવે જણાવું. બહુ જાણવા જેવી છે. એક વખતે ઉપરના સત્તાવાળાઓને કંઈક ગંધ આવી ગઈ અને ફરમાવ્યું કે ડેપ્યુટી કૉન્ટ્રોલર ઑફ મિલિટરી ઍકાઉન્ટ્સ સમક્ષ જ્યાં સુધી મરેલા ઊંટોની પૂંછડીઓ સાબિતી રૂપે રજૂ કરવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ ઊંટ મરેલું ગણવામાં આવશે નહિ. મારો ઈન્સ્પેક્ટર મિત્ર તો ગભરાઈ ગયો. પણ મેં એને બધું મારી પર છોડી દેવા કહ્યું. પછી હું ગયો પંજાબ ને ત્યાંનાં ગામડાંમાંથી મેં આખા ડામે ઊંટના પૂંછડીઓ ખરીદી લેવા મારા માણસો મોકલી આપ્યા. ત્યાંથી અમે એક લારી ભરીને ઊંટની પૂંછડીઓ લઈ આવ્યા અને ચીકલો પ્રશ્ન જગાવ્યો. તમારે જો પંજાબ તરફ જવાનું થાય અને ત્યાં બાંડાં ઊંટો જુઓ તો જાણજો કે આ હરતાઈનું એ પરાક્રમ હતું!

(બેસી જાય છે. બધા સભ્યો પુષ્કળ તાળીઓથી એનું માથનું વધાવી લે છે અને બહુ વખતે શાંતિ થાય છે.)

સેક્રેટરી: આજે આપણે જે સુંદર ભાષણ શ્રી 'બુદ્ધિધનભાઈ પાસેથી સાંભળ્યું તે ખરેખર અદ્‌ભુત છે! ખોરાકમાં ભેળસેળ, ખાંડને બદલે રેતી, અનાજને બદલે પથરા વગેરે આપણા ધંધાની ચમત્કારિક રીતરસમો કોઈએ વર્ણવી નથી, એટલે મને લાગે છે કે આ મુસલમાનોમાંથી હવે નવીનતા ચાલી ગઈ છે અને આપણા વિશાળ થતા ધંધાના ક્ષેત્રમાં એવી બાબતોનું મહત્ત્વ ઓછું થઈ ગયું છે.' સદ્‌ગૃહસ્થો, આપનો હું આભાર માનું છું અને હવે મતગણત્રી શરૂ કરવાની દરખાસ્ત રજૂ કરું છું.

અનેક પોકારો: મતગણત્રી માંડી વાળો. બુદ્ધિધનભાઈને જ પ્રમુખ થવાનું કહો.

(સર્વે ખુશાલીના પોકારો સાથે બુદ્ધિધનની પ્રમુખ તરીકેની વરણીને વધાવી લે છે).

સેક્રેટરી: ત્યારે હવે હું શ્રીમાન બુદ્ધિધનભાઈને પ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કરું છું.

મહોબ્બતખાન: તેઓશ્રી ઘણા સજ્જન છે અને મારા મિત્ર છે. એમની જગ્યાએ બીજા કોઈની ચૂંટણી થઈ હોત તો હું કહી શકતો નથી કે મેં શું કર્યું હોત!

સેક્રેટરી: હવે છ ઉપર પાંચ મિનિટ થઈ ગઈ છે, અને આપ સર્વે ભૂલી નહિ ગયા હો કે સવા છ વાગે તો મિનિસ્ટરીની માલમિલકતનું જાહેર લીલામ થવાનું છે...

(બધા એકદમ ખડા થઈ જાય છે અને સભા છોડી જવા માંડે છે. ધસારામાં કેટલાય સભ્યો ખુરશીઓ સાથે અથડાઈ પડે છે અને ફર્નિચરનો ભૂકો સારા પ્રમાણમાં થઈ જાય છે. પડદો પડે છે.)

જયકાંત ર. શાહ

['ડૅરમન' માસિકમાં પ્રસિદ્ધ થએલી નાટિકા ઉપરથી, ટૂંકાવીને સાભાર.]

પ્રાચીન નાટ્યશાસ્ત્ર

તથા તેની અનુષંગી નૃત્યાદિ કળાઓનો પરિચય આપતી લેખમાળા [૧૫]

અભિનય

લેખક - યોગેન્દ્ર પ્રિયદર્શી

૨–આહાર્યાભિનય

આહાર્યાભિનય એટલે વેષભૂષા તથા અલંકારો દ્વારા દર્શાવવામાં આવતો અભિનય. તેને વેષાભિનય પણ કહી શકાય. અલંકાર એટલે અંગ-ઉપાંગો માટે યોજાતાં વિવિધ આભરણો તથા પુષ્પ, વસ્ત્ર અને રંગની અનેકવિધ રચના. તેના પ્રકાર નીચે મુજબ છે:

ચતુર્વિધ આભરણ : શાસ્ત્રમાં સર્વ આભરણોને મુખ્ય ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યાં છે. તે આ પ્રમાણે છે : (૧) આવેધ્યમ્, (૨) આરોપ્યકમ્, (૩) બંધનિયમ્ અને (૪) પ્રક્ષેપ્યમ્.

કુંડલ આદિ કાનના અલંકાર તે આવેધ્યમ્, હેમસૂત્રાદિ હાર વગેરે કંઠના અલંકાર તે આરોપ્યકમ્. બાજુબંધ, મેખલા (કંદોરો) વગેરે કેડનાં આભરણો તે બંધનિયમ્ અને નૂપુર, ઝાંઝર વગેરે પગના અલંકારો તે પ્રક્ષેપ્યમ્.

પંચવિધ પુષ્પ : શાસ્ત્રમાં પુષ્પની માળા વગેરે રચનાઓના પાંચ પ્રકારો દર્શાવ્યા છે. તેનાં નામ આ પ્રમાણે છે: (૧) વેષ્ટિતમ્, (૨) વિતતમ્, (૩) સંઘાત્યમ્, (૪) ગ્રથિતમ્ અને (૫) પ્રલંબિતમ્.

પુરુષ-ભૂષણ : પુરુષના અલંકારો પણ શાસ્ત્રમાં નક્કી કરવામાં આવ્યા છે. તે આ મુજબ : મુકુટ ચૂડામણિ (મસ્તકનો અલંકાર), કુંડલમ્ (કાનનો અલંકાર), મુક્તાવલિ (ગળાનું આભરણ), ત્રિસરહારમ્ (છાતીનું આભરણ), કેયૂરમ્ તથા અંગદમ્ (કોણીની ઉપરનો બાજુબંધ), મુદ્રિકા (આંગળીનું ભૂષણ), તરલમ્ તથા સૂત્રમ્ (કેડનું આભૂષણ), મુક્તિકાહાર (કેડ સુધી લટકતો હાર) વગેરે.

કેટલાક સંસ્કૃત ગ્રંથો ઉપરથી કેયૂરમ્ પુરુષનું નહિ પણ સ્ત્રીનું ઘરેણું હોવાનો આધાર મળે છે. જેમકે ભવભૂતિના ઉત્તર રામચરિતમાં રાવણ સીતાને ઉપાડી જાય છે ત્યારે માર્ગમાં પડી ગયેલા અલંકારોમાં કેયૂરનો ઉલ્લેખ આવે છે. સ્ત્રીની જેમ પુરુષ પગમાં કશું આભરણ પહેરતો નથી. વળી નાટ્યશાસ્ત્રમાં પુરુષના કાંડાના આભરણનો પણ નિર્દેશ નથી આથી તે સમયમાં કાંડાનું આભરણ પુરુષોચિત નહિ મનાતું હોય એમ જણાય છે.

સ્ત્રી-ભૂષણ : નાટ્યશાસ્ત્રમાં દેવો, રાજા ને સ્ત્રીઓનાં આભરણો એક જ પ્રકારનાં મનાવ્યાં છે. એ અલંકારો અત્યારે જોકે અસ્તિત્વમાં નથી અને તેમના નામોલ્લેખ સિવાય નાટ્યશાસ્ત્રમાંથી તેમના વિષે કશી વધુ માહિતી મળી આવતી નથી. પણ તેમનાં નામો માત્રથી પણ આપણી પુરાતન અલંકારસમૃદ્ધિ અને કલાવૈભવની ઝાંખી થાય છે. તે નામો આ પ્રમાણે છે:

કર્ણાભરણ : શિખાપાશ, શિખાજાલ, ચૂડામણિ, મકરિકા, મુક્તાજાલમ્, ગવાક્ષકમ્, કુંડલમ્, શિખિપત્રમ્, વેણીગુચ્છમ્, લલાટતિલકમ્, પરિગુચ્છમ્, કુસુમાનુકૃતિ, કર્ણિકા, કર્ણવલય, પત્રકર્ણિકા, કર્ણમુદ્રા, કર્ણભૂષણમ્, કર્ણપુર, વગેરે.

ગંડવિભૂષણ : તિલકમ્, પત્રલેખા.

કંઠાભરણ : મુક્તાવલિ, મંજરી, રત્નમાલિકા, રત્નાવલિસૂત્રમ્, શૃંખલિકા, વ્યાલપંક્તિ ઇત્યાદિ.

વક્ષાભરણ (છાતીનાં ઘરેણાં) : ત્રિવેણી, વિક્ષેપમ્.

સ્તનભૂષણ : મણિજાલમ્, હારવલયમ્, સુવર્ણપત્રમ્.

બાહુભૂષણ : શંખ, કલાપી, કટકમ્, પત્રપૂરક, ખર્જૂરક, અંશોપાતિક.

બાહુમૂલભૂષણ : અંગદમ્, વલયમ્.

બાહુનાલીભૂષણ : ખર્જૂર, સ્વેચ્છિતિકા.

અંગુલિભૂષણ : મુદ્રા, કલશાખા, હસ્તપત્રમ્, સુપૂરકમ્, અંગુલિકમ્.

કટિભૂષણ : કાંચી, મૌક્તિકજાલમ્, કુલકમ્, મેખલમ્, રશના, કલાપમ્, મુક્તાહાર ઈત્યાદિ. આમાં કાંચી એક સેરની, રસના આઠ સેરની અને કલાપ પચીસ સેરની થાય છે. મુક્તાહાર આઠ, સોળ, બત્રીસ, ચોસઠ અને સો સેરની પણ હોય છે અને તે દેવની સ્ત્રી કે રાણીને યોગ્ય ગણાય છે.

ઉરુભૂષણ (સાથળનું ઘરેણું) : પાદપત્રમ્

ગુલ્ફોપરિ-ભૂષણ : (ઘૂંટીનાં ઘરેણાં) નૂપુરમ્, કિંકિણીકમ્, રત્નજાલક, સંઘોષ, કટકમ્ ઈત્યાદિ.

અંગુષ્ઠભૂષણ : તિલકમ્

નાટ્યશાસ્ત્રમાં નાકનાં ઘરેણાંનો બિલકુલ ઉલ્લેખ જ નથી. એટલે નાકનાં ઘરેણાંની પ્રથા ઘણી પાછળથી–ઘણું કરીને મુસલમાનોના આવ્યા પછી-દાખલ થએલી હોવી જોઈએ.

વેષવિધિ : વેષ ત્રણ પ્રકારના છે શુદ્ધ, વિચિત્ર અને મલિન.

શુદ્ધ : શુભ્ર અને સ્વચ્છ વેષ.

વિચિત્ર : રંગીન અને વિવિધ ભાતવાળો વેષ.

મલિન : અશુદ્ધ અને અસ્વચ્છ વેષ.

ઉત્તમ, મધ્યમ અને અધમ પાત્રોમાં અથવા સાત્ત્વિક, રાજસિક અને તામસિક પ્રકૃતિનાં પાત્રોમાં અનુક્રમે શુદ્ધ, વિચિત્ર અને મલિન વેષની યોજના કરવી. જેમકે દેવર્ષિ, સિદ્ધપુરુષ, વિદ્યાધર, બ્રાહ્મણ, વિપ્ર ઈત્યાદિ સાત્ત્વિક અને ઉત્તમ પાત્રોનો વેષ શુદ્ધ; દેવ, દાનવ, દક્ષ, ગાંધર્વ, રાજા, પ્રધાન, પુરોહિત, વણિક, ક્ષત્રિય આદિ રાજસિક અને મધ્યમ પાત્રોનો વેષ વિચિત્ર; અને રાક્ષસ, ભૂત, પિશાચ, શૂદ્ર કે હલકી વર્ણના તામસિક કે અધમ પાત્રોનો તેમજ ઉન્મત્ત, પ્રમત્ત, પ્રવાસી, અતિવ્યસની વગેરેનો વેષ મલિન યોજવો.

શાસ્ત્રમાં કહ્યું છે કે વેષની યોજના પાત્ર, સમય, સ્થાન અને અવસ્થા અનુસાર કરવી. તેની વિરુદ્ધનો વેષ છાતીમાં બાંધેલા કંદોરાની જેમ હાસ્ય ઉત્પન્ન કરે છે.

મુકુટ-ધારણ-વિધિ : સ્થાન, અવસ્થા, જાતિ અને સમયાનુસાર દેવ અને રાજાઓના મુકુટના ત્રણ પ્રકાર કહ્યા છે. તે આ પ્રમાણે : (૧) પાર્શ્વગત, (૨) મસ્તકિન્, (૩) અને કિરીટિન્.

રાજા, ગાંધર્વ, યક્ષ, સર્પ, રાક્ષસ અને કનિષ્ઠ પ્રકારના દેવો માટે પાર્શ્વગત મુકુટ, મધ્યમ વર્ગના દેવો માટે મસ્તકિન્ અને ઉત્તમ પ્રકારના દેવો માટે કિરીટિન્ મુકુટ પ્રયોજવામાં આવ્યો છે. આ સિવાય બીજા કેટલાક મુકુટો અને શિરબંધ છે. તે આ પ્રમાણે પ્રયોજવાના કહ્યા છે : સેનાપતિ અને યુવરાજને અર્ધમુકુટ; વિદ્યાધરો, સિદ્ધો અને વાનરોને ઉચિત કેશમુકુટ (કેશની ગૂંથણીથી રચવામાં આવતો મુકુટ જેવો આકાર); યોદ્ધાને માથે ટોપ; પુરોહિત, કારભારી, ધનિક વૈશ્ય, ક્ષત્રિય વગેરે મધ્યમ કોટિના મનુષ્યોને માથે વિવિધ પ્રકારના શિરબંધ; ચાકર વગેરે નીચલા વર્ગને ટૂંકા વસ્ત્રબંધ; અને તપસ્વી ભૂત, પિશાચ, તેમજ ઉન્મત્ત (ગાંડા)ને ખુલ્લા કેશ તથા બાળકોને માથે ત્રણ શિખા રાખવી મુનિને મુકુટ પહેરાવવો.







પ્રાચીન કાળના સંસ્કૃત સાહિત્યમાં વિવિધ આભૂષણો તથા વસ્ત્રાલંકાર સહિત માનવો, દેવો તથા મૂર્તિઓનાં વર્ણનો આવે છે એ વખતે કયાં ઘરેણાં કયાં પહેરાતાં તે એ કાળની મળી આવેલી મૂર્તિઓ પરથી સપ્રમાણ નક્કી થયું છે. ડાબી તરફના ચિત્રમાં તે અલંકાર, તેમનાં નામ તથા સ્થાન બતાવ્યાં છે. એ દરેક અલંકારના કેટલાક પ્રકારો અન્યત્ર આપ્યા છે. જમણી તરફના ચિત્રમાં પ્રાચીન કાળમાં મુકુટના જે ઘણા પ્રકારો હતા તે પૈકી ત્રણ કિરીટ મુકુટ, કરંદ મુકુટ ને જટામુકુટ આપ્યા છે ચિત્રમાં આકૃતિ ૧-૨ જટામુકુટના તથા ૩,૫ કિરીટ મુકુટના ને ૪ કરંદ મુકુટના નમૂના છે. ૬ઠ્ઠી આકૃતિમાં કિરીટ મુકુટના સર્વ નાનામોટા વિભાગોનાં વિગતવાર નામો આપ્યાં છે.

હોય તો મયૂરપિચ્છનો પહેરાવવો. વિદૂષકને માથે કાકપદ (કાગડાના પગના આકાર જેવો) મુકુટ પહેરાવવો.

વર્ણવિધિ : સ્વાભાવિક એટલે મૂળ વર્ણો (રંગ) ચાર જ છે : (૧) શ્વેત-સફેદ. (૨) કૃષ્ણ-કાળો, (૩) પીત-પીળો અને (૪) રક્ત-લાલ. આ ચાર વર્ણોના સંયોગથી અનેક રૂપવર્ણો થાય છે. તે આ પ્રમાણે :

શ્વેત અને પીતના સમાયોગથી પાંડુ;
શ્વેત અને રક્તના સમાયોગથી પદ્મ;
શ્વેત અને કૃષ્ણના સમાયોગથી કપોત;
રક્ત અને પીતના સમાયોગથી ગૌર;
પીત અને કૃષ્ણ(નીલ)ના સમાયોગથી હરિણ;
હરિણ અને નીલ ના સમાયોગથી કાષાય.

આ પ્રમાણે બીજા વર્ણના સંયોગથી અન્ય વર્ણો પણ થાય છે.

રંગ રચના : સ્વાભાવિક (મૂળ) વર્ણ અને તેના સંયોગપ્રકાર જાણી દેશ, જાતિ તથા વય પ્રમાણે રંગયોજના કરવી જોઇએ. નાટ્યશાસ્ત્રમાં જુદાજુદા દેવ, દેવતા વગેરેના રંગ નીચે પ્રમાણે કરવાના કહ્યા છે:

શ્વેત : સોમ, બૃહસ્પતિ, શુક્ર, વરુણ, તારક, સમુદ્ર, હિમવાન, ગંગા વગેરેનો.
શ્યામ : નર, નારાયણ, (વિષ્ણુ), વાસુકિ, દૈત્ય, દાનવ, રાક્ષસ, ગુહ્યક, પર્વત, પિશાચ, યમ, આકાશ આદિનો.
પીત : બુધ, અગ્નિ આદિનો.
રક્ત : અંગારિક (મંગલ) આદિનો.


મનુષ્યોના વર્ણવિધિ : જુદાજુદા ખંડોમાં વસતા લોકો તેમજ જુદીજુદી જાતિઓના મનુષ્યોનો વર્ણ આ પ્રમાણે દર્શાવ્યો છે: પદ્મગુણ દ્વિપમાં રહેનાર મનુષ્યોનો વર્ણ કનકપ્રભા કે તપેલા સોના જેવો; જમ્બુ દ્વિપમાં જુદાજુદા વર્ણના લોકો વસે છે તેથી તેમનો વર્ણ તે તે પ્રકારનો; ઉત્તરકુરુમાં વસતા લોકોનો વર્ણ શ્વેત; અને કેતુમાલ ખંડના લોકોનો વર્ણ નીલ જાણવો. આ ખંડો તે કયા તે વિષે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. મોટા ભાગના વિદ્વાનોના મતાનુસાર આ ખંડોનો કાળના પ્રવાહમાં વિલય થઇ ગયો છે.

ભરતખંડમાં મનુષ્યો તાંબાના જેવા વર્ણવાળા છે તેમાં જ્ઞાની મનુષ્યો પદ્મ જેવા ગૌર કે શ્યામ વર્ણના હોય છે. બાકીના ખંડમાં ગૌર વર્ણના લોકો વસે છે. ઉત્તર તથા પશ્ચિમના દેશોમાં રહેનારા તેમજ શક, મુસ્લિમ, બાલ્હિક વગેરે જાતિઓના વર્ણ પણ ગૌર છે. ભરતદેશ (હિંદ)માં પાંચાલ, શૂરસેન, માહિષ, મગધ, અંગ, કલિંગ વગેરે ભાગોમાં વસતી જાતિઓ શ્યામવર્ણી છે. બ્રાહ્મણનો વર્ણ ગૌર, ક્ષત્રિય અને વૈશ્યનો ઘઉંવર્ણો અને શુદ્રનો વર્ણ શ્યામ છે.

સુખી મનુષ્યોનો વર્ણ ગૌર કરવો; રોગગ્રસ્ત, કુકર્મી, ગ્રહગ્રસ્ત તેમજ મનુષ્યોનો વર્ણ શ્યામ કરવો અને ઋષિઓનો વર્ણ રાતા બોર જેવો કરવો આમ દેશ, જાતિ, કર્મ અને પાત્રાનુસાર વર્ણની યોજના કરવી એમ કહ્યું છે.

શ્મશ્રુકર્મ : નાટ્યશાસ્ત્રમાં દાઢીઓ પણ જુદાજુદા ચાર પ્રકારની દર્શાવવામાં આવી છે: (૧) શુદ્ધ (૨) વિચિત્ર (૩) શ્યામ અને (૪) રોમસ.

બ્રહ્મચારી, પ્રધાન, પુરોહિત વગેરેની દાઢી શુદ્ધ (શ્વેત); રાજા, વિલાસી, વિદ્યાધર, સિદ્ધલોક, દિવ્ય પુરુષ, દીક્ષિત ને મધ્યસ્થની દાઢી વિચિત્ર; તપસ્વી, દુઃખી ને વ્યસનીની દાઢી શ્યામ; તથા ઋષિ, તપસ્વી વગેરેની દાઢી રોમસ (પાતળા અને લાંબા વાળ વાળી) રાખવી ... કાળ તથા અવસ્થાનુસાર યોજના કરવી. (ચાલુ)



પ્રાચીન ભારતનાં આભૂષણો

પુરાતન કાળની જે મૂર્તિઓ મળી આવી છે તે પરથી પ્રાચીન કાળમાં પહેરાતાં ઉચ્ચ કારીગીરીવાળાં અનેક ઘરેણાંની પ્રતીતિ થાય છે તથા તે કાળની ઉત્કૃષ્ટ કલાસમૃદ્ધિ તથા વૈભવની પણ કલ્પના આવે છે. તે સર્વ આભૂષણો તેના વિવિધ પ્રકાર સાથે અહીં આપ્યાં છે

તે કાળે કાનમાં પહેરવાનું ઘરેણું કુંડળ હતું. તેના ૬ પ્રકારો ડાબી બાજુના ઉપરના ચિત્રમાં બતાવ્યા છે. • ડોકનાં પણ ત્રણ ઘરેણાં હતાં: (૧) ઉપગ્રીવા—આપણી કંઠી જેવું; (૨) હાર—ઉપગ્રીવા કરતાં મોટો અને (૩ હીરામાળા-સૌથી મોટું ઘરેણું ડાબી બાજુના વચલા ચિત્રમાં નાની આકૃતિઓ ઉપગ્રીવાની તથા મોટી આકૃતિ હારની છે; છેલ્લા ચિત્રમાં હીરામાળાના અનેક પ્રકારો બતાવ્યા છે • જમણી બાજુએ ઉપરના ચિત્રમાં બાવડાં પર પહેરવામાં આવતા કેયૂર નામના ઘરેણાંના સુંદર કારીગીરીવાળા પ્રકારો બતાવ્યા છે. • પેડુ અને છાતી જ્યાં મળે છે તે સ્થાન પર ઉદરબન્ધ નામનું એક ખાસ આભૂષણ પહેરાતું. છન્નવીર નામનું, યજ્ઞોપવિતની પેઠે પણ બંને ખભા પરથી ઊતરી આવતું, છાતીની વચ્ચે મળીને પાછળ જતું એક ઘરેણું હતું. જમણી બાજુના વચ્ચેના ચિત્રમાં નાની આકૃતિમાં ઉદરબન્ધ ને મોટી આકૃતિમાં છન્નવીર દેખાય છે. • કેડ પરનું વસ્ત્ર બાંધવાને કટિસૂત્ર નામનું ઘરેણું હતું. છેલ્લા ચિત્રમાં તેમના ગણલખ કારીગીરીવાળા વિવિધ પ્રકારો બતાવ્યા છે.



બહારવટાને પંથે

[૩] ક્રાન્તિકારી દળ સાથેનાં જીવન-સંસ્મરણો આલેખતી આપકથા

લેખક
જીવરામ જોષી

આપણે આપણો ભૂતકાળ તપાસીએ તો એ વીત્યો ભવ કેવળ એક સ્વપ્નના સંભારણા વિના બીજું શું છે? એ બધામાં અથવા જીવનકાર્યની સમગ્ર આથડામણમાં એષણા—ઇચ્છા લાલસા એ જ એક રસ છે. કોઇ પણ પ્રકારની કામનાથી માનવી અકથ્ય યાતનાઓ સહીને પણ ગાયનો જ રહે છે. જીવનપ્રવૃત્તિની બધી મિઠાશ એ કામનામાં છે. એ કામના શમે છે ત્યારે એનાં બધાં સાધનો નીરસ લાગે છે. ત્યારે એ સાધનો વડે સાંપડેલું સુખ એ સુખ મટી જાય છે. ઐહિક સુખની બધી કામનાઓમાં આમ જ બને છે.

પણ કર્તવ્ય અને નિષ્કામ ભાવનાથી થતાં કાર્યોમાં એનનું સંભારણું સદા સુખદ બને છે જાણ્યે અજાણ્યે થતાં એવાં કાર્યોનું ફળ ગમે તે હો, પણ એનું સ્મરણ અપૂર્વ સંતોષ આપે છે. આત્મતત્ત્વને આવાં કાર્યો રુચે છે અને જેનામાં એ તત્ત્વ વધારે બળવાન તેના જીવનમાં એવાં કર્મો વધારે પ્રિય પ્રવૃત્તિ બની રહે છે.

અમદાવાદની ધરતી પર પગ પડ્યો અને જે પ્રથમ પરિચિત મળ્યા તેને સૌ પહેલો પ્રશ્ન એ કર્યો કે 'ગાંધીજી ક્યાં હશે?'

'જેલમાં.' 'કેમ?'

'સરકારની વિરુદ્ધ બોલ્યા એટલે જેલમાં નાખ્યા.'

લડાઈમાં કોઈ રાજા પકડાય કે મરાય તો લડાઈ પતી ગઈ કહેવાય તેવું મેં ધારી લીધું. મારી કલ્પના તો એવી હતી કે ગાંધીજીનો કાઠ કોઈ બહારવટિયા સરદાર જેવો હશે અને પાસે એવા જ ભડવીરોની સેના હશે.

બીજે દિવસે રવિવાર હતો. સવારમાં હું અમદાવાદ જોવા નીકળ્યો. 'ગાંધીજીનું નવજીવન' એવી બૂમો સાંભળી ચૂપચાપ ગભરાઈને કિનારે ઊભો રહ્યો અને એ બૂમો પાડનાર પાસેથી પસાર થયો ત્યારે સમજી ગયો કે એ એક ફરફરિયું છે. ભૂલા ન પડાય તેવો રાહ શોધીને પકડીને સ્ટેશન તરફ આવ્યો. ત્યાંથી સીધો ભદ્ર ભાગી ચાલ્યો વચ્ચે એક ચોપડીની દુકાન આવી. ત્યાં ગયો. ત્યાં 'નવજીવન' જોયું, લઈને વાંચવા બેઠો. આ પરદેશી સરકાર સામે કેમ લડવું તેની વાતો વાંચી. આખું વાંચી ગયો. ત્યાર પછીના બેત્રણ રવિવારોની આતુરતાથી રાહ જોઇને 'નવજીવન' વાંચ્યાં. ગાંધીજીના બહારવટાની કંઈક ઝાંખી થઈ. વાતાવરણમાંથી પણ કંઈક ભાન થયું ને ઓઢવાની કાળી ટોપી જે ખીંટીએ લટકાવેલી તે ત્યાં જ રહી ગઈ. એને અડકવામાં ય 'પાપ' સમજ્યો. સ્વાધીનતાના સૈનિક તરીકેની એ પહેલી આહુતિ! ઉઘાડે માથે બહાર નીકળ્યો અને ભાઇએ ટોક્યો કે ઉઘાડે માથે ન ફરાય. ટોપી ક્યાં? 'એ તો કાળી ટોપી—'

ભાઈ સમજી ગયા અને ખાદીની ટોપી મળી ગઈ.

મારે કઈ નિશાળમાં ભણવું, એ વિષે ભાઈ અને બીજા હિતેચ્છુને વાતો કરતા સાંભળ્યા. હિતેચ્છુનો અભિપ્રાય નજીકની સુધરાઈ શાળામાં મૂકવાનો હતો. પાસે જઈને ધીમેથી મેં કહ્યું: 'ગાંધીજીની શાળામાં જ મને મોકલો.

તે વેળા અમદાવાદમાં માત્ર એક જ એવી શાળા હતી. તે સારંગપુર-સુથારની વાડીમાં 'નવી ગુજરાતી શાળા.' તેમાં પ્રવેશ કર્યો. પછી તો એના રાષ્ટ્રીય વાતાવરણમાં એવો તો મસ્ત થઇ ગયો કે એક સ્વપ્નમાંથી બીજામાં સરી પડ્યો એ રીતે કેટલાંક વર્ષો વહી ગયાં. જાણે મીઠી નિંદમાં ગરક થઈ ગયો.

એક દિવસે સાંકડી શેરીમાં ચાલ્યો જાઉં. બપોરનો સમય. વચ્ચે એક વાચનાલય આવે છે ઘણુંખરું છાપાં વાંચવા હું ત્યાં જ જતો. ગયો તો વાચનાલય બંધ. ત્યાં ઓટલે બેસીને એક કિશોર કોઈ પુસ્તક વાંચતો હતો. કુતૂહલથી નજરે જોયું તો પાનાને મથાળે 'બોમ્બયુગનું બંગાળા' એવું નામ વાંચ્યું. શાળાના પુસ્તકાલયમાંથી શ્રી અરવિંદનું જીવન ચરિત્ર વાંચેલું. તેમાંથી બૉંબ અને બંગાળની વિગત જાણેલી. ધીમેથી તે કિશોર પાસે બેસી ગયો અને વચ્ચેથી જ વાંચવા માંડ્યો. ત્યાં એ કિશોરને પોકારતો કોઇનો બોલ સંભળાયો, એટલે 'તું વાંચ ને, હું હમણાં જ આવ્યો' કહેતો કિશોર ઊઠ્યો અને મારા હાથમાં 'બૉંબ' મૂકતો ગયો!

પહેલે પાનેથી મેં આરંભ કર્યો. કિશોર આવ્યો ત્યારે ઠીકઠીક વાંચી ગયો હતો. વાચનાલય ઉઘડી ચૂક્યું હતું એટલે મને વાંચતો મૂકી તે છાપાં વાંચવા ગયો. હું ઘણાં પાનાં વાંચી ગયો. પુસ્તકનું હાર્દ પણ પકડી શક્યો. પણ સભાન વાંચતો થયો ત્યાં તો પેલા કિશોરે આવીને ચોપડી લઈ લીધી અને ચાલ્યો ગયો. જે પાનાં વાંચી ગયો તેમાંથી બંગાળના ક્રાંતિકારીઓ પ્યારા દેશને વિદેશીઓના સકંજામાંથી છોડાવવા કેવા મરણિયા પ્રયત્નો કરી રહ્યા છે તેનો ભાસ થઈ ગયો.

હવે એ મરણિયા ક્રાંતિવીરોની વિશેષ કથા જાણવા હું બેચેન બની ગયો. શોધે તે પામે. બે ત્રણ મહિનાને અંતે એક નહિ, બે નહિ, ત્રણ વાર વાંચી ગયો એ બાંકા વીરોની મૂર્તિઓ કલ્પી, તેમના ગળામાં શ્રદ્ધાના હાર પહેરાવતો થયો.

જીવવું તો એવું જીવન. કોઈ અંગ્રેજનો આકડતો દેહ કલ્પું. ભરી બંદૂકે પહેરા બેઠા હોય ત્યાં પહોંચું. ગોરો દેખાય કે ઝબ કરતો તમંચો ખેંચું. ધાય, ધાય કરતી ગોળી છોડું ને પલાયન થઈ જાઉં. આહાહાહા! કેવો એ આનંદ!

પણ ક્યાં મળે એ પિસ્તોલ અને ક્યાં મળે એવા ગોઠિયા?

સંસાર અથવા જીવન બીજું કંઈ જ નથી. તમારા વિચારો, તમારી કલ્પનાઓ અને તમારી વાસનાઓનો સમૂહ તમારામાંથી નીકળીને તમને જ બાંધે છે. તેના બંધનની મર્યાદામાં જ તમે ઘૂમી શકો છો. પણ તમે તેને સમજી શકવા ક્યારેક જ ભાગ્યશાળી બનો છો વિચાર, કલ્પના અને વાસનાનું સામર્થ્ય અકથ્ય છે. એકવાર કરેલો કાંઈ વિચાર, કલ્પના કે વાસના શાનમનંત્રમાં ચોંટી રહે છે. પચીસ વર્ષનો ગાળો વીતે છે પછી તેને અનુકૂળ એવો સમય સાંપડી જાય છે ત્યારે તે જાગી ઊઠી તમને દોરે છે. તેની ઝાંખી ક્યારેક તમને સ્વપ્નમાં થાય છે અને ક્યારેક જીવનમાં આચરણ રૂપે ઊતરે છે.

એક જ વાતનું નિરંતર ચિંતન થવાથી તે વાત જીવનમાં ઘર કરી જાય છે. વ્યસનની પેઠે તે અળગી કરવા મથો તો ય ન થાય. ક્રાંતિકારી જીવનની એટલી તીવ્ર ઉત્કંઠા જાગી કે અભ્યાસમાં ય બેધ્યાન થવા માંડ્યો. પહેલે જ અનુક્રમે ઉત્તીર્ણ થનાર અને એકેએક વિષયમાં પ્રથમ રહેનાર હું આવી સ્થિતિમાં મુકાયો જોઇ શિક્ષકોએ મોટાભાઇને જાણ કરી ભાઇએ ઠપકો દીધો. કદાચ માર્યો પણ હશે.

એવામાં શ્રી ઇંદુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકમાં વીર સાવરકરની જીવનકથા પ્રગટ થવા માંડી. વાંચીને મુગ્ધ બની ગયો એ ચાર

કલ્પના વાંચીને અધીરા બની ગયા.

મારી જ વયનો, મારા જ ગામનો અને કુટુંબનો પ્રભુરામ અમદાવાદ આવ્યો હતો. મારી સાથે જ તે પણ ભણવા બેઠો. એક દિવસે મેં તેને વાત કહી. પ્રભુરામે કહ્યું, 'આપણે લશ્કરમાં નોકરી કરીએ. પછી બંદૂક મળે તે લઈને બહારવટે નીકળીએ.'

'એ તો મોટા થઈએ ત્યારે. અત્યારે એ નોકરી ન મળે.'

'તો શું થાય?'

મેં કહ્યું: 'આપણે કાશી જતા રહીએ. ત્યાં ક્રાંતિકારી દળ રહે છે.'

'ભાડું ક્યાંથી કાઢીશું?' પ્રભુરામે કહ્યું.

અમે મુંઝાયા. સ્ટેશને જઈ તપાસ કરી તો કાશીનું ભાડું પંદર કે અઢાર રૂપિયા હતું.

મેં કહ્યું, 'એમ કરીએ. અહીંથી વડોદરા જઈએ. ત્યાં જઈને કંઈ નોકરી કરીએ. પૈસા મળે એટલે કાશી ભેગા થઈએ.'

આ ઠરાવ પસાર થયો

એક દિવસ હું ને પ્રભુરામ પાસ લઈને સ્ટેશનમાં ઘુસી ગયા ને વડોદરા જતી ગાડીમાં બેસી ગયા. વિના ટિકિટે બેઠાના ભાને હૃદયના ધડકા વધારી મૂક્યા હતા. કોઈ તપાસનાર આવી જશે તો? એ ડરે કોઈ પણ સફેદ કોટ પાટલુન અને ટોપો પહેરેલાને દેખીએ કે આડું મોં કરી લઈએ. પછી તો એટલો ડર લાગ્યો કે તેથી બચવા, બિલાડી તરાપ મારે ત્યારે કબૂતર આંખો મીંચી લે છે પણ નાસતું નથી તેમ, અમે ય આવળી બાજુ મોં કરી બેઠા. જોઈએ તો ડર લાગે ને? કબૂતર સમજે કે પોતે આંખો મીંચી એટલે બિલાડીનો ડર ગયો. ગાડી ઝટ ઊપડે એવી મનોમન પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુએ પ્રાર્થના સાંભળી જરૂર પણ ગાડી ખાંચી. નહિ તો ટિકિટ તપાસનારને શી જાણ કે અમે વિના ટિકિટ છીએ? ભગવાને જ તેને પ્રેરણા આપી!

'એ ય . . . ટિકિટ?' તપાસનાર આવી પહોંચ્યો.

અમે ઘીલાં કે દયામણાં મોં કરીને તેને જોઈ રહ્યા.

'ચલો, ઊતરો. નાલાયકો, ભટકવા ઊપડ્યા છો? બાપાની ગાડી છે, ખરું?'

એવામાં કોઈએ તેને દોડતા આવી કંઈક કહ્યું અને તપાસનાર ઉતાવળો બીજી બાજુ જતો રહ્યો. અમે છૂટી ગયા. વાહ પ્રભુ! દયા આવી ખરી. ગાડી પણ એ જ પળે ઊપડી. ભગવાન કરે તે રૂડું જ કરે ને?

ગાડી વડોદરા પહોંચી. સ્ટેશન બહાર નીકળ્યા. બપોર વહી ગયા હતા. સીધે માર્ગે વડોદરા જોતા ચાલ્યા. હવે નોકરીની તપાસ કરવી જોઈએ. હું તો શરમાળ. પ્રભુરામને કહ્યું કે તું જઈને વીશીમાં પૂછી આવ. પીરસણિયા તરીકે આપણને રાખશે?

પ્રભુરામ ગયો ને નકાર લઈને પાછો આવ્યો. હવે? સાંજ થતાં ભૂખે સતાવ્યા. પાસે બે જ આના હતા, તેના પાસ લીધા હતા. હવે પાઈ પણ નહોતી. વિશ્વામિત્રીને કિનારે જઈને બેઠા. અંધારું થતાં શ્રીમંત મહારાજા સાહેબના કોઈ સગાના સમાધિમંદિરમાં સૂઈ ગયા.

બીજે દિવસે એ જ ઉપાધિમાં ભટકતા રહ્યા. પ્રભુરામ ભૂખનો માર્યો હારી ગયો. કહે કે, 'તારે રહેવું હોય તો રહે; હું તો જઈશ.' ઘણો સમજાવ્યો, પણ માને જ નહિ.

ન્યાયમંદિર પાસે જૂનાં કપડાં વેચતો બાઘરી જોયો. પ્રભુરામ કહે, 'મારો કોટ વેચી નાખીએ.' હા, એ ઠીક. કોટ કાઢ્યો. બે ચાર જણને બતાવ્યો. કોઈ લેવા તૈયાર ન થયું.

બીજા દિવસના કડાકાએ મને ય નબળો તો બનાવ્યો જ, છતાં હારવું થવા ઈચ્છતો નહોતો. ઘેરથી નીકળ્યા, તો પછી ચાલું કરીને જ જંપ લેવો. પ્રભુરામ ઢીલા પડ્યાં. છેવટે ચારેક વાગે સ્ટેશને ગયા. ગાડી ઊપડવાની જ હતી. બેસી ગયા. ગાડી પાછી અમદાવાદ લઈ ચાલી. ચાલતી ગાડીએ ટિકિટ તપાસનાર આવ્યો અને બે તમાચા મારી આગળના ગોઠાજ સ્ટેશને ઉતારી મૂક્યા. એ ગોઠાજ નામ સ્મૃતિની ભૂગોળમાં અમર અક્ષરે લખાયું છે. તપાસનારે સ્ટેશન માસ્તરને ભલામણ કરી કે બરાબર તપાસજો. ગાડી ચાલી ગઈ.

'ઘેરથી ચોરી કરીને નાઠેલા છો?' સ્ટેશન માસ્તરે ચાવીના ઝૂડાની કડી એક આંગળીમાં પરોવીને ગોળગોળ ફેરવતાં કહ્યું.

'ના સાહેબ, ગરીબ બ્રાહ્મણ છીએ. નોકરી કરવા વડોદરા ગયા હતા. નોકરી ન મળી તે પાછા આવ્યા. બે દિવસના ભૂખ્યા છીએ.'

આવા તો સેંકડો ઉત્તરો અમારા જેવા વિના ટિકિટના યાત્રીઓ પાસેથી નિત્ય સાંભળનારો સ્ટેશન માસ્તર અમારી વાત કેમ માને? તે હસ્યો અને સાંધાવાળાને જડતી લેવાનું કહી ચાલ્યો ગયો.

સાંધાવાળો જાણે કે આખી ગાડીની માલિકી ધરાવતો હોય તેમ અકડીને દમદાટી આપવા લાગ્યો. પોલિસનો ડર બતાવ્યો. છેવટે ખિસ્સાં, કમર બધું તપાસ્યું. પાઈ પણ ન નીકળી.

'જવા દે, ગાંડા! બીજી ગાડીમાં બેસાડી દેજે' સ્ટેશન માસ્તરે ઘેર જતાં આ આશીર્વાદજનક બોલ કહ્યા.

છૂટ્યા. બીજી ગાડીમાં રાતે અમદાવાદ પહોંચ્યા. સ્ટેશને ઊતરીને હું પસ્તાયો. પ્રભુરામને કહ્યું કે, 'તું ઘેર જા. હું નહિ આવું.'

'કેમ?'

'એક વાર ઘર છોડ્યું તે છોડ્યું. ફરીને પાછા વળવું એ કાયરતા.'

મારો તો ઘેર પાછા ન જવાનો સંકલ્પ પાકો થઈ ગયો. મેં તેને કહ્યું: 'તું કોઈને આ કહીશ મા. હું ગમે તેમ કરીને કાશી જઈશ. ત્યાંથી તને લખું ત્યારે તું આવજે.'

પણ મારે ખાવું શું? પ્રભુરામ સાથે ઠરાવ કર્યો કે તેણે ભાઈની દુકાનમાંથી રોજ ચાર આના ચોરવા અને મને રાણીબાગમાં આવીને સાંજે પાંચ વાગ્યે નિત્ય આપી જવા. બે આનામાં દાળભાત સાંજે ને બે આનામાં સવારે ખાઈને જીવીશ. એ વેળા હૉટલમાં બે આનાની દાળભાતની થાળી (અને સાથે શાકની વાટકી મફત)થી ધરાઈ જવાતું.

પ્રભુરામ ઘેર ગયો અને માર ખાઈને હતો તે સ્થિતિમાં મુકાઈ ગયો! ઠરાવ્યા પ્રમાણે મને ચાર આના મળતા રહ્યા!

પાંચેક દિવસ એમ વીત્યા. છઠ્ઠે દિવસે રાણીબાગમાંના એક બાંકડા પરથી મોટાભાઈએ મને પકડી લીધો. માર તો ખાવાનો જ,

વડીલો બાળકોની કાલીઘેલી જીવનલીલાને આદરથી સમજે અને સમજીને વર્તે તો બાળકોના જીવનને અમૂલો સાથ આપી શકે. બાળક જે કરે તે સરાહનીય ન જ હોય પણ તેને ગુસ્સા વિના સમજી પ્રેમાળ રીતે દોરવણી આપી હોય તો એમનો જીવનમાર્ગ સુધરી જાય.

અનમનો થઈ હું ફરી નિશાળના આંટાફેરા ખાતો થઈ ગયો.

તાંબું-(અનુસંધાન પૃષ્ઠ ૩૩૪થી) ઘણું ઉપયોગી હોવાથી તેની વિગતો નીચે આપી છે: શુદ્ધ મોરથુથુના સ્ફટિક(૬૯ ગ્રામ= ૨.૪૪ ઔંસ)ને ૩૩.૩૩ ઔંસ પાણીમાં ઓગાળી, તેમાં એક ટીપું સલ્ફ્યુરિક ઍસિડ નાખવું. આને સોલ્યુશન અ તરીકે ઓળખવું. ૩૫૦ ગ્રામ (=૧૨.૪ ઔંસ) સોડિયમ પોટાશિયમ ટાર્ટરેટ (રોશેલ સૉલ્ટ)ને તથા ૧૦૦ ગ્રામ કૉસ્ટિક સોડાને પણ ૩૩.૩૩ ઔંસ (=૧ લીટર) પાણીમાં ઓગાળવું. આને સોલ્યુશન બ તરીકે ઓળખવું. બંને સોલ્યુશન જુદાં રાખવાં. જ્યારે પેશાબ તપાસવો હોય ત્યારે બંને સોલ્યુશનનું સરખા પ્રમાણમાં મિશ્રણ કરવું અને તેમાં પેશાબ નાખવો. પછી તેને ઉકાળવું. જો તેમાં સાકર હશે તો લાલ રંગનો પદાર્થ પેદા થશે. ગ્લુકોઝ પણ આ રીતે તપાસી શકાશે.


(નવેમ્બર ૧૯૪૭)

રોજિંદા જીવનમાં વિજ્ઞાનની લેખમાળાનો ૯મો હપ્તો ધુમાડિયું

તાંબું ધાતુ અને ક્ષારો

લેખક
ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ. એસસી. પીએચ. ડી.

નીચેની આકૃતિ: પર્યાવર્તન ભઠ્ઠી



પશ્ચિમના આધુનિક વિજ્ઞાનની વિદ્યુત્-વેગી પ્રગતિમાં અંજાઇ જઈ ઘણી વાર આપણે ભૂલી જઇએ છીએ કે હજારો વર્ષો પૂર્વે આપણા આ આર્યાવર્તના પ્રદેશમાં અહીંના વતની આર્યો વિજ્ઞાનની ખૂબીઓનું ઉત્કૃષ્ટ જ્ઞાન ધરાવતા હતા. આપણા પ્રાચીન ગ્રંથોમાંથી એવા ઘણા ઉલ્લેખ મળી આવે છે; ધાતુઓ, ઔષધો તથા બીજા એવા પદાર્થો બનાવવાની રીતો, તેમજ એ વસ્તુઓના ગુણ અને ઉપયોગો સંબંધીનું જ્ઞાન આર્યોને હોવું જ જોઇએ એમ સ્પષ્ટ સાબિત કરે છે. ખનિજ પદાર્થોમાંથી ધાતુઓના શોધનમાં તથા રાસાયનિક પ્રક્રિયાઓ દ્વારા ઔષધો બનાવવામાં તો આર્યોએ નિપુણતા પ્રાપ્ત કરી હોવી જોઇએ. આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોયે તેમના 'હિંદુ રસાયનનો ઈતિહાસ' નામના પુસ્તકમાં પુરવાર કરી બતાવ્યું છે કે વેદકાળથી માંડીને તે સતરમી-અઢારમી સદી સુધી હિંદુઓએ એ જમાનામાં અન્યત્ર અજ્ઞાત એવી અનેક રાસાયનિક ક્રિયાઓ સિદ્ધ કરી હતી. પ્રો૦ પંચાનન નિયોગીએ તેમના 'પ્રાચીન હિંદમાં લોઢું' નામના પુસ્તકમાં પણ સાબિત કર્યું છે કે દુનિયાની ઐતિહાસિક તવારીખમાં પ્રાચીન હિંદનો લોઢાનો ઉદ્યોગ ખરેખર અદ્વિતીય હતો. મધ્ય યુગમાં દમાસ્કસની સુપ્રસિદ્ધ સમશેરો હિંદના ગજવેલમાંથી જ તૈયાર કરવામાં આવતી હતી.

ધાતુઓ ગાળવાની પોતાની આવડત હિંદુઓએ માત્ર એક જ ધાતુ પૂરતી ખીલવી હોય એમ માની લેવું મુનાસિબ લાગતું નથી. હિંદુસ્તાનની ભૂસ્તર વિદ્યાના અભ્યાસીઓના અભિપ્રાયો અનુસાર હિંદમાં અનેકવિધ ખનિજ પદાર્થો ધરતીના પડમાં પુષ્કળ પ્રમાણમાં વેરાએલા પડ્યા છે. તે ખનિજમાંથી લોઢું કાઢવાનું કાર્ય બીજી ધાતુઓના મુકાબલે ગૂંચવણભર્યું અને મુશ્કેલ છે. તેને માટે તો રસાયનનું સારું જ્ઞાન હોવું જોઇએ; એટલે લોઢા ઉપરાંત બીજી ધાતુઓનું શોધન કરવાનું જ્ઞાન પણ હિંદમાં વિસ્તરેલું હોવું જોઇએ.

પ્રાચીન હિંદમાં, ખનિજમાંથી તાંબાનું શોધન થતું અને દેશમાં આ વિષયનું ઉત્કૃષ્ટ જ્ઞાન ધરાવતા કુશળ કારીગરો મોજૂદ હતા. રાજપુતાનાની એક વખતની સમૃદ્ધ તાંબાની ખાણો આજે સૂની પડી છે. જનવસવાટથી દૂર જંગલ પ્રદેશોમાં રહેતી મૂળ વતનીઓની જાતિઓમાંથી કોઇકોઇએ અને અન્ય જૂજજાજ માણસોએ આ વિદ્યા હજુ સાચવી રાખેલી માલૂમ પડે છે. બાકી તો આ જૂના ઉદ્યોગની જાહોજલાલી સેંકડો વર્ષો થયા પડી ભાંગી છે અને આજે તો પરદેશથી આયાત થતું તાંબું જ હિંદુસ્તાનમાં પુષ્કળ વપરાય છે.

ઈ. સ. પૂર્વે ૧૦૦૦થી ૫૦૦ સુધીના કાળના બ્રાહ્મણ ગ્રંથોમાં તાંબાને 'રાતી ધાતુ' તરીકે વર્ણવવામાં આવી છે તે પહેલાંના ઋગ્વેદમાં જોકે તાંબા સંબંધે કશો ઉલ્લેખ નથી; પણ અથર્વ વેદમાં 'તાંબાની છરી'નો ઉલ્લેખ મળી આવે છે. એ સંભવિત છે કે તાંબાની છરી યજ્ઞમાં ઉપયોગમાં લેવાતી હશે; કારણ કે હિંદુઓમાં તાંબું પવિત્ર ધાતુ મનાય છે. વળી તેમણે તાંબાના ખનિજો વજનમાં ભારે, રંગમાં લીલા, ભૂખરા યા લાલ એવા વર્ણવ્યા છે. આ વર્ણન મેલેચાઇટ, પાઈરાઈટીઝ અને રેડ કૉપર ઓર તરીકે અત્યારે જાણીતા તાંબાના ખનિજોને બરાબર લાગુ પડે છે.

સંસ્કૃતિનો આદિ યુગ 'પ્રસ્તર યુગ'થી શરૂ થએલો મનાય છે. પછી આવ્યો 'નવ-પ્રસ્તર યુગ'. આ બંને યુગોની વિશેષતા એટલે પથ્થરમાંથી બનાવેલાં ઓજારો તથા હથિયારોનો વિશેષતઃ ઉપયોગ. તે પછી સંસ્કૃતિના વિકાસની ઉત્તરોત્તર ભૂમિકાઓમાં લોઢું, તાંબુ, કાંસુ વગેરે ધાતુઓ મનુષ્યે વાપરવા માંડી. તેથી ત્યાર પછીના યુગો લોહયુગ, તામ્રયુગ, ને કાંસ્યયુગ કહેવાયા. હિંદમાં પણ તામ્રયુગ ચોક્કસ આવ્યો હશે એમાં શંકાને સ્થાન નથી એમ વિદ્વાનોનું માનવું છે.

તાંબું, રૂપું ને સોનું એ ધાતુ-ત્રિપુટી જૂના કાળથી સિક્કાની બનાવટમાં વપરાતી આવે છે. એટલે તે સિક્કાની ધાતુઓ (coinage metals) તરીકે ઓળખાય છે.

તાંબાના ખનિજો—કુપરાઇટ (કૉપર ઑક્સાઈડ) અને મૅલાચાઇટ (કૉપર કાર્બોનૅટ)—ને કોલસા સાથે તપાવવાથી તાંબુ જુદું કાઢી શકાય છે. પણ આ ખનિજોનો ઉપયોગ મર્યાદિત છે. તાંબું ગંધક સાથે સહેલાઇથી સંયોજાતું હોવાથી કુદરતમાં ગંધકિત તાંબાના ખનિજો પુષ્કળ મળી આવે છે. અને તાંબું કાઢવા માટે મુખ્યત્વે આ જ ખનિજ વપરાય છે. તેમાં ૧॥–૨ ટકા તાંબું હોય તોપણ તેમાંથી તાંબાનું શોધન પરવડે છે આ ગંધકિત ખનિજોમાં પાઈરાઈટીઝ, કૉપર ગ્લાન્સ અને ઈન્ડીગો તથા કૉપરનો સમાવેશ થાય છે. આ બધાં ખનિજોમાં તાંબું તેના સલ્ફાઇડ રૂપે રહેલું હોય છે. વળી તેની સાથે ગંધકિત લોહ પણ હોય છે. ઉપરાંત તેમાં થોડા પ્રમાણમાં સોમલ, સીસું, કલાઈ પણ હોય છે. આવા મોટા મિશ્રણમાંથી તાંબું છૂટું પાડવાનું કામ મુશ્કેલીભર્યું થઈ પડે છે.

એ ખનિજમાંથી તાંબાનું શોધન કરવા માટે પ્રથમ ખનિજને હવામાં પકવવામાં (calcine) આવે છે. આ કાર્ય ખાસ વિશિષ્ટ પ્રકારની ભઠ્ઠીઓમાં કરવામાં આવે છે. યા ખનિજનો ઢગલો કરી તેને નીચેથી ગરમી આપવામાં આવે છે. આ ક્રિયાથી વધારાનો ગંધક સલ્ફર ડાયોક્સાઈડ રૂપે નીકળી જાય છે; સોમલ પણ તેના ઑક્સાઇડ રૂપે જુદું પડી જાય છે; લોહના સલ્ફાઇડો તેના ઑક્સાઈડમાં પરિવર્તન પામે છે; પરંતુ મોટેભાગે તાંબાના સલ્ફાઈડમાં કાંઇ પણ ફેરફાર થતો નથી. ત્યાર બાદ લોહ કાઢી નાખવા માટે પર્યાવર્તન ભઠ્ઠીમાં તેને રેતી સાથે ઓગાળવામાં આવે છે. આ ક્રિયા બે વાર કરવાથી ૭૦–૮૦ ટકા તાંબાવાળો કૉપર સલ્ફાઇડ બનાવી શકાય છે. આ કૉપર સલ્ફાઇડમાંથી તાંબું જુદું પાડવા સલ્ફાઇડને હવામાં ભૂંજવામાં આવે છે. એટલે તાંબું બને છે. આ તાંબું 'બ્લિસ્ટર કૉપર' કહેવાય છે, કારણ કે આ ક્રિયામાં પ્રવાહી તાંબામાંથી સલ્ફર ડાયોક્સાઈડ નીકળે એટલે ફોલ્લા થયા હોય એવો દેખાવ થઈ જાય છે. આ તાંબામાં પણ ૩ ટકા જેટલી અશુદ્ધિઓ હોય છે એટલે તેને શુદ્ધ કરવાની ક્રિયાઓ કરવામાં આવે છે.

હવે તાંબાના શોધનમાં વીજળીનો ઉપયોગ થવા માંડ્યો છે. સલ્ફ્યુરિક ઍસિડની બનાવટમાં સલ્ફર ડાયોક્સાઇડ કાઢી લીધા પછી બાકી રહેલો પાઇરાઈટીઝનો કચરો આ રીતે ઉપયોગમાં લઇને

તેમાંથી તાંબુ કાઢવામાં આવે છે. આ વીજળિક રીતનો ફાયદો એ છે કે તેમાં તાંબું વધારે શુદ્ધ અને સહેલાઈથી તૈયાર થઈ શકે છે. આમ સૈદ્ધાંતિક રીતે તાંબાનું શોધન સહેલું લાગે છે પણ પ્રત્યક્ષ કાર્યમાં મુશ્કેલીઓ ખૂબ આવે છે; એટલે તાંબાનું શોધન ઘણું અટપટું ગણાય છે.

વીજળીના આ યુગમાં તાંબાનો મુખ્ય ઉપયોગ તાર અને દોરડા બનાવવામાં થાય છે. તાંબુ વિદ્યુત-વાહક છે, પણ જો તેમાં જરાક પણ અશુદ્ધિ હોય તો તેની વિદ્યુત-વાહકતા એકદમ ઘટી જાય છે. એટલે તાંબાનું શુદ્ધિકરણ ખૂબ કાળજીપૂર્વક કરવું પડે છે. આ કાર્યમાં વીજળી વાપરવામાં આવે છે. તાંબાના ક્ષારનું દ્રાવણ કરી તેનું વિદ્યુત-પૃથક્કરણ (eletrolysis) વડે શુદ્ધિકરણ કરવામાં આવે છે. આથી તેમાં રહેલું જુજ રૂપું-સોનું પણ જુદું પાડી શકાય છે. અમેરિકાની કંપનીઓ આ રીતે હજારો ઔંસ રૂપું અને સોનું પેદા કરે છે.

શુદ્ધ તાંબું રાતા રંગની ચળકતી ધાતુ છે. તેને ટીપી શકાય છે તથા તેના તાર પણ ખેંચી શકાય છે. લોઢાની માફક તે કટાઈ જતું નહિ હોવાથી હુન્નરઉદ્યોગોમાં તેનો બહોળો ઉપયોગ થાય છે. જાતજાતનાં વાસણો, કડાઈઓ અને બીજી અનેક ચીજો તેમાંથી બનાવવામાં આવે છે. તે ખૂબ ઉષ્ણતાવાહક હોવાથી તેની નળીઓ બૉઇલરમાં વપરાય છે.


તાંબાનો બીજો મોટો ઉપયોગ તેની મિશ્ર ધાતુઓ (alloys)ની બનાવટમાં થાય છે. શુદ્ધ તાંબું પોતે પોચી ધાતુ છે, પણ બીજી ધાતુઓ સાથે મિશ્ર થવાથી તાંબાના ગુણમાં મોટું પરિવર્તન થાય છે. તાંબાની મિશ્ર ધાતુઓમાં પિત્તળ, કાંસું, જર્મન-સિલ્વર વગેરેનો સમાવેશ થાય છે. આ મિશ્ર ધાતુઓ પણ આપણા જીવનમાં તાંબા જેટલો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. હુન્નરઉદ્યોગમાં તે ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે અને મોટા પ્રમાણમાં વપરાય છે. નીચેના કોષ્ટકમાં તાંબાની મિશ્ર ધાતુઓમાં કઈકઈ ધાતુ કેટલા પ્રમાણમાં આવેલી છે તે આપ્યું છે:

	તાંબું	જસત	કલઈ	નિકલ
પિત્તળ (Brass)	૪	૧	–	–
કાંસું (ગન-મેટલ)	૯	–	૧	–
કાંસું (બેલ-મેટલ)	૪-૫	-	૧	–
ડેલ્ટા મેટલ	૫·૫	૪·૧	–	–(·૪ભાગ લોઢું ઈત્યાદિ)
મોનેલ મેટલ	૭	–	–	૩
જર્મનસિલ્વર	૫	૨	–	૩
ફૉસ્ફર-બ્રૉન્ઝ	૮·૨-૯·૪	–	·૫-૧·૫	–(૦·૨૫ ૨-૫ ફૉસ્ફરસ)
મુંત્ઝમેટલ(Muntz)	૬	૪	–	–

ઢાળામાં વપરાતા કાંસામાં તાંબા ને કલઈ ઉપરાંત થોડું જસત અને સીસું પણ હોય છે. સાંચાકામમાં વપરાતા કાંસામાં ૨–૧૦ ભાગ જસત હોય છે. સિલિકોન-બ્રૉન્ઝ ટેલીગ્રાફનાં દોરડામાં વપરાય છે. ફૉસ્ફર-બ્રૉન્ઝ કઠણ અને મજબૂત હોય છે. ડેલ્ટા-મેટલને ઘડી શકાય છે અને તેનો ઉપયોગ બેરીંગ, વાલ્વ તથા વહાણના પ્રોપેલરની બનાવટોમાં થાય છે. મુંત્ઝ-મેટલ કટાતું નહિ હોવાથી વહાણના લાકડાના ભાગને ઢાંકી રાખવા ઉપયોગમાં આવે છે.

જર્મનસિલ્વર તો ખૂબ જાણીતું છે. તેના જેવા ગુણવાળા બીજાં કૉન્સ્ટન્ટન (૪૦ ટકા નિકલ+૬૦ ટકા તાંબું), મેન્ગાનીન (૪ ટકા નિકલ+૮૪ ટકા તાંબું+૧૨ ટકા મેંગેનીઝ) વગેરે તૈયાર કરવામાં આવ્યાં છે. વીજળિક રોધકતા (resistance) વાળાં સાધનો બનાવવામાં આ બંને ખૂબ વપરાય છે. નિકલના સિક્કામાં સામાન્ય રીતે ૭૫ ટકા તાંબું હોય છે; એકલું નિકલ આ કામમાં ઉપયોગી થતુ નથી.

ચિત્રમાં તીરની નિશાની વીજળીના પ્રવાહની દિશા બતાવે છે



કાચની પાછળ લગાડીને અરીસા બનાવવામાં વપરાતી સફેદ સ્પેક્યુલમ મેટલમાં પણ ૨ ભાગ તાંબું અને ૧ ભાગ કલઈ આવે છે. તે કાળું પડતું નથી એટલે તેના પર પૉલિશ સારો ચડે છે.

શુદ્ધ તાંબાનો બારીક ભૂકો તૈયાર કરવો હોય તો મોરથુથાના દ્રાવણમાં જસત નાખવું. આથી જસત ઓગળશે અને તાંબાનો રાતો ભૂકો બનશે. આ ભૂકાને પાણી તથા આલ્કોહૉલ વતી ધોઇને હવા વિનાના વાસણમાં ગરમ કરવાથી તદ્દન શુદ્ધ તાંબાનો ભૂકો તૈયાર થશે. આ ભૂકો રાસાયનિક ક્રિયાઓમાં ઉપયોગમાં લેવાય છે.

તાંબાના ઉપયોગી ક્ષારોમાં મોરથુથુ સૌથી આગળ આવે છે. તાંબાની પાઈરાઇટીઝને બાળીને સલ્ફર ડાયૉક્સાઇડ વાયુ કાઢી લીધા પછી જે ભાગ રહે તેને સલ્ફ્યુરિક ઍસિડ સાથે ભેળવવાથી મોરથુથુ તૈયાર થાય છે. તાંબાના કચરામાંથી પણ મોરથુથુ બનાવાય છે. તેના સ્ફટિકો વાદળી રંગના હોય છે ગરમ કરવાથી તે સફેદ થઈ જાય છે. મોરથુથાના ઉપયોગ અનેકવિધ છે: રંગવામાં, છીંટ છાપવામાં, લાકડા અને ચામડાને સાચવવામાં તથા તાંબાનો ઢોળ ચડાવવામાં તેનો ઉપયોગ થાય છે. એ ઉપરાંત ખેતીના કામમાં પણ તે ઉપયોગી છે. તેને ચૂના યા સોડા સાથે ભેળવીને બોર્ડો મિક્શ્ચર બનાવવામાં આવે છે, જેનો ઉપયોગ બટાટા, દ્રાક્ષ ઇત્યાદિને નુકસાનકારક જંતુઓનો નાશ કરવામાં થાય છે.

તાંબાને હવામાં યા ઑક્સિજનમાં બાળવાથી થતો કાળો ઑક્સાઇડ રાસાયનિક પૃથક્કરણમાં વપરાય છે. તેને જુદાજુદા ઍસિડોમાં ઓગાળવાથી તાંબાના જુદાજુદા ક્ષારો બનાવી શકાય છે. જેમકે સલ્ફ્યુરિક ઍસિડ વડે મોરથુથુ; હાઈડ્રોક્લોરિક ઍસિડ વડે કૉપર ક્લોરાઈડ અને નાઇટ્રિક ઍસિડ વડે કૉપર નાઇટ્રેટ એવા ક્ષારો બને છે. મોરથુથુમાં ઍમોનિયાનું દ્રાવણ નાખવાથી ઘાટા વાદળી રંગનું દ્રાવણ તૈયાર થાય છે. આ દ્રાવણમાં રૂ તથા કાગળ ઓગળી જાય છે અને કૅન્વાસને વૉટર પ્રુફ બનાવવા માટે તેમજ બનાવટી રેશમના ઉદ્યોગમાં તે વપરાય છે. તાંબાના ક્ષારો રંગીન હોય છે અને તેમને બન્સેન બર્નરની જ્યોતમાં ગરમ કરવાથી લીલી જ્યોત પેદા થાય છે.

જીવ-રસાયનના ક્ષેત્રમાં પણ તાંબું મળી આવે છે કેટલાંક પક્ષીઓ અને માછલીઓના લોહીમાં પ્રાણવાયુ-વાહક તરીકે જે પદાર્થ કામ કરે છે તેમાં તાંબું હોય છે. લીલા પદાર્થો, ચાંઉ તથા બટાટામાં પણ અતિ અલ્પ અંશમાં તાંબું હોય છે. પોતાના શરીરની તંદુરસ્તી જાળવવા દરેક મનુષ્યે ખોરાકમાં ૧ મિલિગ્રામ તાંબું લેવું આવશ્યક છે જો કે રોજનું ૧૦૦ મિલિગ્રામ જેટલું તાંબું લેવામાં આવે તો પણ શરીરને ખાસ નુકસાન થતું નથી.

પેશાબમાં સાકરનું અસ્તિત્વ શોધવા માટે વપરાતા ફેહલિંગ સોલ્યુશનમાં મોરથુથુ હોય છે. આ સોલ્યુશન (અનુ૦ પૃષ્ઠ ૩૩૨મે)

મહારાણી લક્ષ્મીબાઇ

માતૃભૂમિને કાજે
જીવન નિછાવર કરનારા
સ્વાતંત્ર્યના શહીદો
[૪]

સત્તાવનના સ્વાતંત્ર્ય-યુદ્ધની અગ્રગામી મહારાણી લક્ષ્મીબાઇનું નામ તો હિંદના ઇતિહાસમાં અજોડ અને અમર બની ગયું છે. પોતાનું ગત સ્વાતંત્ર્ય પાછું મેળવવાં ખેલેલા જંગમાં જે અપૂર્વ શૂરાતન, અપ્રતિમ રણકૌશલ તથા અદમ્ય વીરતા બતાવીને તે સ્વાતંત્ર્ય-સૌદામિની હિંદના ચિદાકાશમાં ચમકી ગઈ તે તેમ. પ્રખ્યાત અંગ્રેજ સેનાપતિ હ્યુ રોઝ પણ મોંમાં આંગળાં નાખી ગયો અને બોલી ઊઠ્યાં કે 'She was the bravest and best man on the side of the mutineers'.

કાશીમાં બાજીરાવ પેશ્વાના ભાઇ ચિમાજી આપ્પાના દીવાન મોરોપંતને ત્યાં બ્રાહ્મણ કુળમાં ઈ. ૧૮૩૫ની ૧૬મી નવેમ્બરે તેમને જન્મ. નાનપણનું નામ મનુબાઇ હોવા છતાં પોતાના આકર્ષક બાંધા અને પાણીદાર સ્વભાવને કારણે તે 'છબિલી' કહેવાતી. પેશ્વાના દત્તક પુત્ર નાનાસાહેબ અને રાવસાહેબના સાથે તે ઊછરેલાં હોવાથી તલવાર-પટા, ઘોડેસવારી, બંદુકબાજી આદિ દરેક મરદાની ખેલમાં તેમણે નૈપુણ્ય મેળવ્યું હતું. ઇ. ૧૮૪૨માં ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે એમનાં લગ્ન થયાં. પણ નસીબમાં સૌભાગ્ય-સુખ લાંબો વખત લખાયું નહોતું. ઈ. ૧૮૫૩માં જ ગંગાધરરાવ ગુજરી ગયા. મૃત્યુ પહેલાં ત્યાંના પોલિટિકલ એજન્ટની હાજરીમાં તેમણે દત્તક પુત્ર લઈ એક સ્પષ્ટ ખલીતો લખી આપ્યો કે મારા મૃત્યુ પછી મારું રાજ્ય આ દત્તકપુત્રને મળે અને તે સગીર વયનો હોય ત્યાંસુધી રાજ્યકારભાર મારી પત્ની લક્ષ્મીબાઇ ચલાવે.

પણ આસુરીસામ્રાજ્ય લાલસા ધરાવનાર ડેલહાઉસીએ તે દત્તક પુત્રને અમાન્ય કરી ઝાંસી ખાલસા કરી લેવાનો તથા રાણીને મહિને માત્ર ૫૦૦૦ રૂપિયાનું પેન્શન આપી મહેલમાં રહેવા જવાનો હુકમ કર્યો. માત્ર ૧૮ વર્ષની વયે વૈધવ્યના મહાશોકમાં ડૂબેલી રાણીને આ હુકમ સાંભળતાં જ કારી ઘા લાગ્યો. તે માત્ર એટલું જ બોલી: **'मेरी झांसी नहि दूंगी.'** આ તેજસ્વી ઉદ્ગારો પાછળ જે અડગ નિશ્ચય હતો તેનો ખ્યાલ તે વખતે કોને હતો? સત્તા તથા પાશવી શક્તિના બળે અંગ્રેજોએ પોતાનું ધાર્યું કર્યું. નિરાધાર રાણીને મન ખાઈ જવા સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. પણ પોતાને થએલા હડહડતા અન્યાય સામે તેના હૃદયમાં જે દાવાગ્નિ ધૂંધવાતો હતો તે સ્ફોટ થવા માટે સત્તાવનનો સુઅવસર આવી પહોંચ્યો.

એ સ્વાતંત્ર્ય-યુદ્ધની પહેલી ચીનગારી ભારતમાં પડતાં જ સમસ્ત દેશમાં ક્રાંતિનો જે દાવાનળ ફાટી નીકળ્યો તેની જ્વાળા ઝાંસીમાં પણ જોરથી ભભૂકી ઊઠી. ત્યાંના અંગ્રેજોને ઠાર કરીને સૈનિકોએ ઝાંસી ઉપર કબજો મેળવ્યો અને લક્ષ્મીબાઇને મહારાણીપદે સ્થાપીને **'खल्क खुदा का, मुल्क बादशाह का और अमल राणी लक्ष्मीबाई का'** એમ પાછળથી વિખ્યાત બનેલો જયઘોષ કરતા દિલ્હી તરફ કૂચ કરી.

માત્ર ૨૨ વર્ષની વયની અબળાને મહારાણી બનીને આવડા મોટા રાજ્ય પર રાજ કરતી જોઈ બે હિજાગુઓની દાનત બગડી અને તેમણે ઝાંસી પર ચઢાઈ કરી. તેમાં એક હતો ગંગાધરરાવનો દૂરનો સગો સદાશિવ અને બીજો પાડોશના ઓરછાં રાજ્યનો દીવાન નથ્થેખાં. પણ રાણીએ કુશળતાથી વ્યૂહરચના કરીને તથા જાતે મોખરે રહીને એ બન્નેને વારાફરતી સજ્જડ હાર આપી અને પોતાની તલવારનો પહેલો સપાટો બતાવ્યો. આમ, આન્તરિક સંકટોને દૂર કરીને રાણીએ રાજ્યમાં ઉત્તમ વ્યવસ્થા સ્થાપી દીધી અને બાહોશીથી રાજ્યકારભાર કરવા લાગી. આમ પૂરા દસ માસ સુધી રાણીની છત્રછાયા નીચે ઝાંસીની પ્રજાએ સ્વાતંત્ર્ય-સુખનો પૂર્ણ આસ્વાદ લીધો.



(એક પ્રમાણભૂત પ્રાચીન ચિત્ર ઉપરથી)

પણ ૧૮૫૮ની ૨૦મી માર્ચે ઝાંસીને ફરી ગુલામ કરવા પ્રખ્યાત અંગ્રેજ સેનાની સર હ્યુ રોઝે એક જંગી કસાએલું લશ્કર તથા દારૂ-ગોળો વગેરે વિપુલ સરંજામ લઈ આવી ઝાંસીને ઘેરો ઘાલી હુમલો શરૂ કર્યો. પુરુષનો વેશ ધારણ કરી રાણીએ જાતે સેનાપતિપદ લીધું. પોતાના સૈનિકો બીનકેળવાએલા અને ઓછા, રણસામગ્રી મર્યાદિત તથા તોપોની સંખ્યા પણ જૂજ, એવી સ્થિતિ હોવા છતાં રાતદિવસ અથાક પરિશ્રમ લઈ રણચંડીની માફક ઘૂમી તે સાક્ષાત સ્વાતંત્ર્ય-લક્ષ્મીએ એવી બહાદુરીથી તથા કુશળતાથી શહેરનો બચાવ કર્યો કે, જેને માત્ર એક જ દિવસમાં જીતી લેવાની હ્યુ રોઝની ધારણા હતી ત્યાં સત્તરસત્તર દિવસનાં વહાણાં વીત્યાં છતાં તે ઝાંસીમાં પગ ન મૂકી શક્યો અને પોતાનો દારૂગોળો ખલાસ થવા આવવાથી પાછા ફરવાનો વિચાર કરવા લાગ્યો. ત્યાં—

હિંદનું કમનસીબ આડે આવ્યું. એક દેશદ્રોહીએ ગુપ્ત માર્ગ બતાવી દેવાથી આખરે ઝાંસી પડ્યું. એ વિકટ પરિસ્થિતિમાં પણ માત્ર બારસો સવાર સાથે એ સ્વાતંત્ર્યદેવી કિલ્લાને વીંટળાએલી અંગ્રેજ સેનાના મહાસાગરને આરપાર વીંધી ચાલી ગઇ. ન કોઈ તેને અટકાવી શક્યું કે ન કોઈ પકડી શક્યું.

ત્યાંથી રાણી કાલ્પી પહોંચી અને રાવસાહેબ પેશ્વા તથા તાત્યા ટોપે સાથે વ્યૂહરચના કરવા લાગી. ઝાંસી જીતીને હ્યુ રોઝ કાલ્પી ચઢી આવ્યો. રાણીને અંગ્રેજ મામાને તેની સલાહ અવગણવાથી તથા સૈન્યે કાયરતા બતાવવાથી કાલ્પી પણ અંગ્રેજોના હાથમાંથી ગયું

યુદ્ધમાં ગલોલી મુકામે અંગ્રેજોની તોપોની સામે ધસી જઈને તોપોનાં મોં બંધ કરી દેવાનું જે અદ્વિતીય કાર્ય રાણીએ કર્યું હતું તેણે તો સૌને મોંમાં આંગળાં પકડાવી દીધાં.

નિરાશ થએલા નેતાઓ હવે ગોપાલપુરમાં ભેગા મળ્યા. કોઈને કશો માર્ગ સૂઝતો ન હતો. તેવે વખતે આ વિચક્ષણ રાણીએ જ ગ્વાલિયરનો કિલ્લો જીતી લઈ ત્યાં બળવાનું મજબૂત કેન્દ્ર સ્થાપવાનો વિચાર સૂચવ્યો અને વિરોધ કરતા સિંધિયાને જેર કરીને ગ્વાલિયરનો મોરાર કિલ્લો જીતવાના કાર્યમાં પોતે અગ્ર ભાગ લીધો.

ગ્વાલિયર જીત્યા બાદ નેતાઓ રાણીની સલાહ ધ્યાન પર ન લેતાં મોજશોખમાં પડી ગયા. ત્યાં પણ બેદરકાર રહ્યા અને લડાઈની કાંઈ જ તૈયારી કરી નહિ. આથી જ્યારે હ્યુ રોઝ ગ્વાલિયર પર પણ ચઢી આવ્યો ત્યારે છેલ્લી ઘડીએ વ્યૂહરચના કરીને રાણીને પૂર્વ ભાગનું રક્ષણ કરવાનું કાર્ય સોંપાયું. માત્ર બે કલાકમાં જ કિલ્લો જીતવાની આશા સેવતી વિરાટ અંગ્રેજ સેનાને, મુઠ્ઠીભર સૈનિકો લઈ વીજળીની માફક ઘૂમતી રાણીએ આખો દિવસ રોકી રાખી.

અને ૧૮ મી જૂન ૧૮૫૮ નો સૂર્ય ઊગ્યો. મોટા સૈન્ય સાથે જનરલ રિગથે જંગી હુમલો શરૂ કર્યો. સાંઢણી સવારો લઈ હ્યુ રોઝ પણ તેની મદદે આવી પહોંચ્યો. રાણીએ પણ પોતાની નાનકી ફોજ દૃઢતાથી દુશ્મન સામે ખડી કરી પણ આટલી વિશાળ સેના સામે રાણીની નાની ફોજ કેટલોક વખત ટકે? રાણીના માણસો ઓછા થવા માંડ્યા. મહિષાસુરમર્દિની દુર્ગાની માફક રાણી મોખરા પર ઝઝૂમતી હતી ત્રેવીસ વર્ષની કાચી ઉમર, પીઠે પોતાનો દત્તક બાળક, બે હાથમાં બે નાગી તલવાર અને મોંમાં ઘોડાની લગામ એ રીતે સજ્જ થએલી રાણીએ તે દિવસે જે અલૌકિક પરાક્રમ બતાવ્યું તેનો જોટો જગતભરના ઇતિહાસમાં મળે તેમ નથી મોજાંરે સમુદ્રનાં ઘૂઘવતાં મોજાંની માફક પથરાએલી સેનામાંથી પણ માર્ગ કાઢીને રાણી છટકી. દુશ્મનો તેની પાછળ પડ્યા. પણ રે કમનસીબ! આડા આવેલા એક વોંકળાને તેનો નવો ઘોડો કૂદી શક્યો નહિ અને ફરી રાણી દુશ્મનોથી ઘેરાઈ ગઈ. ત્યાં પણ તુમુલ યુદ્ધ મચ્યું. એકાકી રાણીને માથે ઘા થયો ને બીજો છાતી પર. એ બેહોશ અવસ્થામાં પણ એ ઘા કરનારને રાણીએ કાપી નાખ્યો. બીજી જ ક્ષણે એ સ્વાતંત્ર્યની સાક્ષાત દેવી જમીન પર ઢળી પડી અને ભારતવાસીઓના હૃદયમાં અમર સ્થાન પ્રાપ્ત કરીને એ 'ઝાંસીવાલી રાની' ચાલી ગઇ.


કલાદૃષ્ટિની કસોટી

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની લેખમાળા 'ચિત્રપરિચય'ને અનુસંધાને

કલકત્તા યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષાનો પ્રશ્નપત્ર : ૧૯૪૧ : બાજુમાં લખેલા આંકડા માર્કની સંખ્યા સૂચવે છે

વિભાગ ૧ : ક્રિયાત્મક

(૧) નીચેની આકૃતિઓ પૈકી ગમે તે એક તેના મૂળ માપ કરતાં બેવડી મોટી દોરો. ૨૦



(૨) સ્મૃતિથી તમારો પાણી પીવાનો પ્યાલો અથવા તમારા જોડા ચીતરો. ૨૦

વિભાગ ૨ : વિવેચનાત્મક

(૩) તમે જે સરસમાં સરસ સ્થાપત્ય (ભવન) જાતે જોયું હોય તેનું નામ આપો અને તમારા શબ્દોમાં તેનું વર્ણન આપો. ૧૦

અથવા

મકાનમાં થાંભલાનું શું કાર્ય કે ઉપયોગ છે તે સમજાવો. ૧૦

(૪) કોઈ પણ ઈમારતને કયા લક્ષણોથી ભવન અથવા સ્થાપત્યમાં ગણી શકાય?

અથવા

એકલું લાકડું વાપરીને સુંદર સ્થાપત્ય સર્જી શકાય? તમારો જવાબ ખુલાસાથી લખો. ૧૦

(૫) તમે જોએલું સર્વોત્તમ હિંદી ચિત્ર કયું છે? તમારા શબ્દોમાં તેનું વર્ણન આપો. ૧૦

અથવા

સારા કે ઊતરતા ચિત્ર વચ્ચે શો ભેદ તે કહો. ૧૦

(૬) નીચેના ચિત્રને તમે સારું કહેશો કે નરસું? પૂરતાં કારણો સાથે ઉત્તર લખો. ૧૦



અથવા ... તમે જોયેલા કોઇ શ્રેષ્ઠ યુરોપિયન ચિત્રનું નામ આપો અને તે તમારા શબ્દોમાં વર્ણવો. ૧૦

અથવા

નીચે આપેલાં ત્રણ ચિત્રોમાંનાં ડાબી બાજુનાં બે ચિત્રો પૈકીનું એક ચિત્ર તમારા જ શબ્દોમાં વર્ણવો. તેના દોષ કયા છે? ૧૦

(૭) સર્વતોભદ્ર (ચોતરફ દેખાતી) આકૃતિ ને ઉપસાવેલી આકૃતિમાં ભેદ શો? ૧૦

અથવા

શોભનશિલ્પનો તમે શો અર્થ સમજો છો? ૧૦

(૮) જમણી બાજુ આપેલી રેખાકૃતિ તમારા પોતાના શબ્દોમાં વર્ણવો. ૧૦

અથવા

નીચે આપેલાં ત્રણ ચિત્રો પૈકી જમણી બાજુનું છેલ્લું ચિત્ર તમને ગમે છે? નથી ગમતું તો શા માટે? તમારા જવાબ માટે કારણો દર્શાવો. ૧૦









કસોટી

(૧) સુરેશ, કનુ, અરવિંદ અને રમણ સીનેમા જોવા ગયા. રમણ કહે, 'મારી પાસે ટિકિટના પૈસા નથી, તેથી મારી ટિકિટ તમે બધા મળીને કાઢો તો સારું.' સુરેશે પોતાની ટિકિટના પૈસા ઉપરાંત ૪ આના કાઢ્યા; કનુએ સવા રૂપિયો કાઢ્યો અને અરવિંદે માત્ર પોતાની જ ટિકિટના પૈસા કાઢ્યા. આ રકમ વડે તેમણે ચાર ટિકિટ લીધી. તો તેમણે કઇ કિંમતની ટિકિટ ખરીદી હશે?

(૨) મારી ૪૦ એકર જમીનને ચારે બાજુ વીંટાળવા ૧ માઈલ લાંબા તારની જરૂર પડે છે. પણ જો મારી પાસે ૨ માઈલ લાંબો તાર હોય તો તે કેટલી જમીનને વીંટાળી શકાશે?

(૩) નીચે હિંદની જાણીતી વ્યક્તિઓનાં નામ તથા તે જે ધંધા યા કાર્યમાં નિપુણ છે તેનાં નામ સેળભેળ આપ્યાં છે. તેમાં કઈ વ્યક્તિ કયા કાર્યમાં નિષ્ણાત અગર પ્રસિદ્ધ છે તે તમે બતાવી શકશો?

૧ મેઘનાદ સાહા	(ક) કવિ
૨ તુષારકાંતિ ઘોષ	(ખ) ઇતિહાસકાર
૩ ગૌરીશંકર ઓઝા	(ગ) એન્જિનિયર
૪ ન. ચિં. કેળકર	(ઘ) સંગીતશાસ્ત્રી
૫ નંદલાલ બસુ	(ચ) પત્રકાર
૬ પૃથ્વીરાજ કપુર	(છ) સાહિત્યકાર
૭ જદુનાથ સરકાર	(જ) વૈજ્ઞાનિક
૮ ઈકબાલ	(ઝ) અભિનયપટુ
૯ વિશ્વેશ્વરય્યા	(ટ) ચિત્રકાર
૧૦ પંડિત ઓંકારનાથ	(ઠ) પુરાતત્ત્વવિદ્

(૪) ૨૦ ફૂટ ઊંડા કૂવામાં એક સાપ પડી ગયો ને બહાર નીકળવા માટે મથવા લાગ્યો. દહાડે તે ૩ ફૂટ ઊંચે ચઢી શકે છે. પણ રાતના બાપડો ૨ ફૂટ લપસી પડે છે આ રીતે કેટલે દિવસે તે કૂવાની બહાર નીકળશે?

(૫) તમારા સામાન્ય જ્ઞાનની કસોટી કરતા નીચેના પ્રશ્નોમાંથી કેટલાના સાચા જવાબો તમે આપી શકશો? (૧) ગુજરાતી અને અંગ્રેજીમાં સૌ પહેલા કોષ રચનાર કોણ હતા? (૨) કાનખજૂરાને કેટલા પગ હોય છે? (૩) રેડક્રોસનો ધ્વજ ધોળી જમીન પર લાલ ચોકડીવાળો શાથી પસંદ કરવામાં આવ્યો? (૪) જગતમાં કૂતરાની કેટલી જાત હશે? (૫) અમેરિકાનું બીજું ને ત્રીજું સૌથી મોટું શહેર કયું? (૬) કોલંબો શહેર સીલોનની પૂર્વ બાજુ આવેલું છે કે પશ્ચિમ બાજુ? (૭) કયા મિનારા પરથી ૧ મણનો પથરો અને નવટાંક વજનનો પથરો બંને એકીસાથે નીચે નાખવામાં આવે તો કયો જમીને વહેલો પહોંચે? (૮) સેકેરિન ખાંડ કરતાં કેટલાગણું ગળ્યું છે અને તે શામાંથી બને છે? (જવાબો : પાછળના પાનાને છેડે)

પારસપીપળો

લેખક · પ્રો. જયંતીલાલ હે. ઓઝા · એમ. એસસી.




સદાકાળ લીલું રહેતું અને ચોમેર પોતાની શાખાઓ ફેલાવી ઘટાદાર રહેતું આ વૃક્ષ પોતાની સદૈવ રહેતી છાયા તથા પુષ્પસમૃદ્ધિને લીધે પવિત્ર ગણાયું છે અને કાયમી છાયા માટે રાજમાર્ગો તથા બગીચાઓ ઉપરાંત દેવમંદિરો પાસે પણ તે ખાસ રોપવામાં આવે છે. આથી જ એનું શાસ્ત્રીય નામ 'થેસ્પેસીઆ પૉપ્યુલ્નીઆ, (Thespesia Populnea Corr.) હશે; કેમકે ગ્રીક ભાષામાં 'થેસ્પેસીઆસ'નો અર્થ 'પવિત્ર' થાય છે. અંગ્રેજીમાં તેને ભેંડી ટ્રી (Bhendi Tree), 'પોર્શિઆ ટ્રી' (Portia Tree) 'ટ્યુલિપ ટ્રી' (Tulip Tree) અગર 'અંબ્રેલા ટ્રી' (Umbrella Tree) પણ કહે છે. તેનાં ઉત્પત્તિસ્થાન હિંદ અને બ્રહ્મદેશના દરિયાકાંઠા પરનાં જંગલો, આંદામાન ટાપુઓ તથા સિલોન ઉપરાંત છેક આફ્રિકા અને પૅસિફિક ટાપુઓ સુધી છે.

પારસપીપળાનું વૃક્ષ સદા યે લીલું અને ૩૦ થી ૪૦ ફીટ ઊંચું થાય છે. તેનું થડ લીસું, ભૂખરું અને સીધું હોય છે અને ચોમેર ફેલાતી તેની ઘટાદાર શાખાઓ પરનાં પાન આંતરે આવેલાં હોય છે. પાન નીચેથી પહોળાં અને હૃદયાકારે, ઉપરથી સાંકડાં થતાં જઈ અણીદાર બને છે. તે લીસાં ૩ થી ૬ ઇંચ લાંબાં ને ૩ થી ૪ ઇંચ પહોળાં હોય છે ને તેમાં ૫ થી ૭ મુખ્ય શિરાઓ હોય છે. દરેક પાનને ૨ થી ૪ ઇંચ લાંબી દાંડી હોય છે ફેબ્રુઆરી માસમાં ઘણાખરાં જૂનાં પાન ચમકતો પીળો રંગ પકડે છે અને દૂરથી વૃક્ષ જાણે નવયૌવનમાં હોય તેવો દેખાવ લાગે છે. તેનાં ફૂલોનો ઉદ્ભવકાળ તો ખાસ કરીને શિયાળાની શરૂઆત. પરંતુ લગભગ આખું યે વર્ષ તેના ઉપર ફૂલો આવે છે. એ રંગે પીળાં, કદમાં મોટાં અને વ્યાસમાં ૩ થી ૪ ઇંચ હોય છે. શાખાઓ પર તે એકાકી અગર જોડકામાં આવેલાં હોય છે અને તેની અંદરની બાજુએ ફૂલમણિની પીળી પાંખડીઓ ઉપર, તળિયે ઘેરા જાંબુડા રંગના ચાંદલા હોય છે. આ ફૂલો ખૂબ સુંદર દેખાય છે. તે જ્યારે સુકાવા માંડે છે ત્યારે ધીમેધીમે ગુલાબી રંગ પકડતાં જાય છે અને આખરે ઝાંખા જાંબુડા રંગનાં થાય છે. તેનું ફળ ગોળાકાર પરંતુ ઉપરના ભાગમાં ચપટું હોય છે. તેમાં પાંચ કોષ હોય છે અને દરેક કોષમાં ૧ થી ૩ ઇંડા આકારનાં બી હોય છે. ફળ શરૂઆતમાં તો લીલું હોય છે, પરંતુ પાછળથી ભૂરું અને અંતે કાળાશ પડતું બને છે. આ વૃક્ષ બીજ વડે અગર કાપકલમથી ઉગાડવામાં આવે છે અને તે જલદીથી વધે છે.

પારસપીપળાની છાલમાંથી મજબૂત રેસા નીકળે છે; માટે જ તેને અંગ્રેજીમાં 'ભીંડી ટ્રી' કહે છે. એકે હિંદમાં તેનો બહુ જૂજ ઉપયોગ થાય છે, પણ બ્રહ્મદેશમાં તો તે દોરીદોરડાં બનાવવામાં તથા ડ્રિમેરરમાં કૉફી ભરવા માટે થેલા બનાવવામાં વપરાય છે. તેનું બહારનું લાકડું પોચું હોય છે, પરંતુ અંદરનું લાકડું મજબૂત અને ટકાઉ હોઈ દક્ષિણ હિંદ તેમજ બર્મામાં તે બંદૂકના હાથા, ગાડીગાડાંનાં પૈડાં, ખેતીનાં ઓજારો તેમજ ફર્નિચર બનાવવામાં વપરાય છે. તેનાં ફળ અને ફૂલોમાંથી પીળો રંગ મળે છે.

તેનાં સર્વ અંગો ઔષધ તરીકે ઉપયોગી છે. તેની છાલમાંથી લાલ રંગ મળે છે અને તે મોરીશિયસ ટાપુમાં રક્તશોધક તરીકે તથા હરસ અને મરડાની દવામાં વપરાય છે. તેની છાલનો ઉકાળો ચામડીનાં દર્દોમાં દર્દવાળા ભાગને ધોઈ સાફ કરવા માટે વપરાય છે. તેના બીમાંથી ઘેરા લાલ રંગનું ઘટ્ટ તેલ નીકળે છે, જેનો ઉપયોગ ખસ તથા બીજા ચામડીનાં દર્દો પર ચોપડવામાં થાય છે. કોંકણમાં પણ તેનાં ફૂલોનો ઉપયોગ ખસ ખુજલીનાં દર્દોમાં થાય છે. તેનાં પાન દુકાળમાં ઢોરો માટે કીમતી ચારો બની રહે છે. સોજા અને ગડગુમડ પર તેનાં પાન પોટીસ તરીકે પણ વપરાય છે. તેના અંદરનાં લાકડાંમાંથી લાલ તેલ મળે છે ને તે પિત્તપ્રકોપ, પેટશૂળ તથા પાંસળીઓના ચસકનાં દર્દોમાં ઔષધ તરીકે મલાયામાં પ્રખ્યાત છે. તેનું મૂળ શક્તિવર્ધક ગણાય છે.



ઉપર–અનુક્રમે: (૧) પારસપીપળાના ફળનો આડો છેદ (૨) તેના ફૂલનો ઊભો છેદ (૩) બીજાંડકોષનો ઊભો છેદ દર્શાવતાં આલેખનો.

કસોટીના જવાબો: (૧) બાર આનાની; (૨) ૧૬૦ એકર; (૩) ૧-ઘ, ૨-ચ, ૩-ડ, ૪-છ, ૫-ટ, ૬-ગ, ૭-ખ, ૮-ક, ૯-ગ, ૧૦-ધ; (૪) ૧૮ દિવસ; (૫) (૧) નર્મદાશંકર અને જ્હૉન્સન (૨) લગભગ ૩૦ (૩) ડાયુક રેટક્રૉસની સ્થાપના સ્વિટ્ઝર્લૅન્ડમાં થએલી હોવાથી સ્વિટ્ઝર્લૅન્ડનો જે લાલ જમીન પર ધોળી ચોકડીવાળો ધ્વજ હતો તેના રંગો ઉલટાવીને તેમણે પોતાનો ધ્વજ બનાવ્યો (૪) ૨૦૦ (૫) શિકાગો અને ફિલાડેલ્ફિયા (૬) પશ્ચિમ બાજુએ (૭) બંને સાથે પહોંચશે (૮) ૩૦૦ ગણું ગળ્યું હોય છે અને ડામરમાંથી બને છે.



મધુકરી

ચંબાળુ ગગડે જ્યારે કરે સ્પંદનસ્પંદને,
ને બે-કાંઠ સુવાનીનાં ધપે પૂર રગેરગે,
સીમાઓ-ક્ષિતિજો તૂટે વેધુદૃષ્ટિ સમીપથી
ને પૃથ્વીનો મહાગોળ બને પગદડા સમો,
ત્યારે તે કોણ એવો, જે રોપાઇ વૃક્ષની સમો
સ્વસ્થાને ખૂંપી રહે ભૂલી દિશાઓનું નિમંત્રણ?

—ઉમાશંકર જોષી

'શેરે કાશ્મીર' શેખ અબ્દુલ્લા

પૃથ્વી પરના સ્વર્ગ ગણાતા રૂપસુંદર કાશ્મીરમાં આજે કટોકટીભરી સ્થિતિ પેદા થઈ છે. પંજાબ અને ઉત્તર હિંદમાં પ્રવર્તી રહેલા કોમી કલહના દાવાનળ દરમ્યાન શાંત રહેલા કાશ્મીર પર સરહદ પ્રાંતની પઠાણ ટોળીઓએ પાકિસ્તાન પ્રદેશમાં થઇને વ્યવસ્થિત લશ્કરી સંચાલનથી યોજિત આક્રમણો કર્યાં છે અને કાશ્મીર આજે રણક્ષેત્ર બન્યું છે. આવી અણધારી વિકટ પરિસ્થિતિમાં ત્યાંની પ્રજાનો એકમેવ આધાર છે શેખ અબ્દુલ્લા. શેરે કાશ્મીરના પ્રજાલાડીલા નામથી ઓળખાતા ત્યાંના એ રાષ્ટ્રીય લોકનેતાએ કાશ્મીર પર આ અણધારી આફત ઊતરી આવતાં જ પ્રજામાંથી શસ્ત્રસજ્જ સ્વયંસેવકદળ ઊભું કરી સજ્જડ સામનો કર્યો; અને પ્રચંડ આંધીમાં સપડાએલી નૌકા પર જેમ તેનો નાખુદા શાંતિ તથા આત્મશ્રદ્ધાથી નાવનું સુકાન પકડી બેસે તેમ આજે એ કાશ્મીરની નાવને ચલાવી રહ્યા છે.

ઈ. ૧૯૦૫માં કાશ્મીરના એક શાલના વેપારીને ત્યાં તેમનો જન્મ થએલો. ત્યાંની આરોગ્યપ્રદ પહાડી આબોહવામાં ઊછરવાને કારણે તેમના શરીરનો બાંધો મજબૂત અને ભવ્ય હતો અને ઉત્તમ શરીર-સ્વાસ્થ્યની સાથે કુશાગ્ર બુદ્ધિમત્તા પણ તે ધરાવતા હતા. ૧૯૩૦માં તેમણે એમ. એસસી.ની પરીક્ષા પસાર કરી. પણ આવી ઉચ્ચ પદવી તથા તેજસ્વી મેધા ધરાવવા છતાં રાજ્યના ભેદભાવવાળા વલણને કારણે તેમના જેવા શક્તિશાળી માણસને કાશ્મીરમાં કોઈ નોકરી મળી શકી નહિ. આ અન્યાયી નીતિનો સામનો કરવાનો તેમણે નિશ્ચય કર્યો અને રાજ્યમાં લાયકાતવાળા મુસલમાનોને યોગ્ય નોકરીઓ મળે તે માટે જેહાદ શરૂ કરી. તેમાં તેમને મૌલવીઓ તથા બીજા મુસલમાન નેતાઓનો પણ સાથ મળ્યો અને અલ્પ કાળમાં જ તેમણે પ્રજામાં એવી વ્યાપક જાગૃતિ આણી કે ૧૯૩૧માં તેમને જેલમાં પૂરવામાં આવ્યા. પણ સરકારી દમન છતાં પ્રજાનો વિરોધ એવો મક્કમ હતો કે આખરે રાજ્યને તેમની માગણી કબૂલ રાખવી પડી. જેલમાંથી બહાર આવેલા શેખ અબ્દુલ્લાએ રાજ્ય યોગ્ય સુધારા કરે છે કે નહિ તે જોવા માટે એક 'મુસ્લિમ પરિષદ' સ્થાપી આમ એમણે મુસલમાનોના નેતા તરીકે જાહેર જીવન શરૂ કર્યું.

ત્યાર બાદ તેમણે કાશ્મીરના જીવનનો સૂક્ષ્મ અભ્યાસ શરૂ કર્યો. તેમણે જોયું કે રાજ્યમાં કેટલાક મુસલમાનોને ઊંચી નોકરીઓ મળવા છતાં સમસ્ત પ્રજા તો તદ્દન ગરીબ અવસ્થા ભોગવતી હતી અને ભયંકર શોષણનીતિનો ભોગ બની હતી. એક તરફ અજોડ એવું સૃષ્ટિ સૌંદર્ય, રસાળ ભૂમિપ્રદેશ, અખૂટ ખનીજ-દ્રવ્ય, અનગળ વીજળિક બળ અને શ્રેષ્ઠ કલાકારીગીરી હતાં, જ્યારે બીજી બાજુ આ જીવનનું કેન્દ્ર જે પ્રજા તે જ અસાધારણ નિકૃષ્ટ જીવન જીવતી હતી. માનવામાં નહિ આવે, પણ સરેરાશ દરેક હિંદીની જે આવક હતી તેથી પાંચમા ભાગની આવક દરેક કાશ્મીરીની હતી. આ ભીષણ વિષમતાએ શેખ અબ્દુલ્લાની આંખ ઉઘાડી નાખી અને આમ પ્રજાની લોકપ્રિય સરકાર જ સત્તા પર હોવી જોઇએ એ જ તેના પર એકમાત્ર ઉપાય છે એમ તેમને લાગ્યું.

તે ધ્યેય સિદ્ધ કરવાના વ્યાપક કાર્યમાં કાશ્મીરમાં વસતા દરેક કોમના માણસોનો —મુસલમાન, હિંદુ, શીખનો સહકાર મળે તે માટે તેમણે ઇ. ૧૯૩૯માં મુસ્લિમ પરિષદને

આ માસનું પંખી : ૨૩

દીવાળીઘોડો



આપણા શ્રીમંતોની જેમ કેટલાંક પંખીઓ પણ ઉનાળામાં કોઇ ઊંચા ઠંડા પ્રદેશમાં હવા ખાવા જવાનો શોખ ધરાવે છે. એવા નિયમિત શોખવાળું પંખી તે આ 'દીવાળીઘોડો'. આખો શિયાળો આપણે ત્યાં રહેતું આ પંખી ઉનાળો બેસતાં જ કાશ્મીર તથા હિમાલય બાજુ ચાલ્યું જાય છે; કેટલાક તો છેક યુરોપ, મધ્ય એશિયા અને સાઇબિરીયા ચાલ્યા જાય છે અને ફરી નવરાત્ર તથા દીવાળી ટાણે પાછું દેખા દે છે.

ચકલી જેવડા કદના આ પંખીની રંગભેદે ત્રણ જાત છે: (૧) રાખોડિયો દીવાળીઘોડો, જેનો ઉપરનો ભાગ રાખોડિયા રંગનો અને પેટ વગેરે પીળા રંગનું હોય છે; (૨) કાળા-ધોળા ચટાપટાવાળો દીવાળીઘોડો, જે કદમાં થોડો મોટો હોય છે; (૩) ઉપર જેનું ચિત્ર આપ્યું છે તે ધોળો દીવાળીઘોડો. આ ત્રીજો દીવાળીઘોડો આપણે ત્યાં સામાન્યરીતે વ્યાપક છે. ધોળા શરીર પર માથે તથા ગળાના ભાગમાં કાળા ડાઘા, પીઠ અને પૂંછડી રાખોડી રંગનાં અને લાંબી પૂંછડી વારંવાર ઊંચીનીચી કરવાની ખાસિયત, એ આ પંખીને ઓળખવાનાં નિશાન. પૂંછડીના આ હલનચલનને કારણે તેને અંગ્રેજીમાં 'વૅગ ટેઈલ' (Wag tail) કહે છે. આ નાનકડા પંખીની ઉડ્ડયન-શક્તિ જબરી છે. કેટલાંક તો આખો આટલાંટિક મહાસાગર ઓળંગી જઈ શકે છે!

નાનાં જીવડાં તથા ઈયળ વગેરે જંતુઓ તેનો ખોરાક. ખેતરોમાં, તળાવકાંઠે, ઝાડીમાં અને શહેરોમાં ઘાસવાળાં મેદાનોમાં પોતાની લાંબી પૂંછડી પટપટાવી જીવડાં શોધતું આ પંખી ઘણીવાર નજરે પડે છે.

શિયાળામાં તો હિંદભરમાં દેખાતા આ પંખીનો ગર્ભાધાન કાળ છે મે થી જુલાઈ. તે કાળે આ પંખીઓનો સાદો રંગ ભભકદાર બની જાય છે. તેનું માળો બાંધવાનું, ઈંડાં સેવવાનું ઇત્યાદિ કાર્ય ઉનાળામાં જ્યારે તે હવા ખાવા જાય છે ત્યારે હિમાલય પર ૬ થી ૮ હજાર ફૂટની ઊંચાઇએ ચાલે છે. તે એકી વખતે ૪થી૬ લંબગોળ લીલાશપડતાં ઇંડાં મૂકે છે.



રાષ્ટ્રીય પરિષદ(National Conference)માં ફેરવી નાખી. આથી શીખો તથા હિંદુઓ પણ તેમાં આગળપડતો ભાગ લેવા માંડ્યા. આમ રાષ્ટ્રીય પરિષદ કાશ્મીરની 'કોંગ્રેસ' બની. આ પરિષદ મારફતે શેખ અબ્દુલ્લાએ રાજ્ય આગળ જવાબદાર રાજ્યતંત્રની માગણી કરી. આ રાષ્ટ્રીય દૃષ્ટિબિંદુ ગ્રહણ કર્યા પછી તે હિંદની કૉંગ્રેસ સાથે તથા પંડિત જવાહરલાલ નેહરૂ સાથે ગાઢ સંપર્કમાં રહેવા લાગ્યા અને હિંદી કૉંગ્રેસની બેઠકો વખતે હાજરી પણ આપવા લાગ્યા.

શેખ અબ્દુલ્લાના સંઘટનાકૌશલ, યોગ્ય માર્ગદર્શન તથા ધીર નેતાગીરી નીચે રાષ્ટ્રીય પરિષદનું બળ એવું તો વધ્યું કે કાશ્મીરના મહારાજા પણ હવે તેનાથી ડરવા લાગ્યા.

છેવટે ૧૯૪૧ના મે માસમાં શેખ અબ્દુલ્લાની રાષ્ટ્રીય સભાએ મહારાજા સામે લડત પોકારી. રાજ્યતંત્રમાં જે નામમાત્ર સુધારા મહારાજાએ કર્યા હતા તેનાથી રાષ્ટ્રીય પરિષદને સંતોષ કેવી રીતે થાય? અને કૅબિનેટ મિશનની મુલાકાત બાદ સમસ્ત હિંદ જ્યારે આઝાદ થઈ રહ્યું હોય તેવે વખતે કાશ્મીરની પ્રજા મધ્યયુગીન રાજાશાહીના જુલમ હેઠળ કચડાયા કરે તે પણ કેમ બને? આથી 'હિંદ છોડો'ની માફક શેખ અબ્દુલ્લાએ ત્યાંના મહારાજા માટે 'કાશ્મીર છોડો'નો આખરી નાદ જગાવ્યો. પ્રજાએ પણ ઉત્સાહભેર પોતાના માનીતા નેતાનો આ દેશ ઝીલી લઈ લડતનાં મંડાણ કર્યા

તે વખતના નાગરીન દીવાન પંડિત રામચન્દ્ર કાકે આ 'કાશ્મીર છોડો'ની ચળવળ સખ્ત હાથે દાબી દેવાનો પ્રયત્ન કર્યો. તેણે પંડિત જવાહરલાલને મળવા માટે દિલ્હી જતા શેખ અબ્દુલ્લાને ૧૯૪૬ની ૨૧મી મેએ કેદ પકડ્યા અને બીજા ૩૦૦ જેટલા કાર્યકર્તાઓની પણ એકસામટી ધરપકડ કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા. શેખ અબ્દુલ્લાને મળવા માટે આવેલા જવાહરલાલ નેહરૂ પર પણ રાજ્યમાં દાખલ થવાનો પ્રતિબંધ મૂકીને તેમને પણ પકડવાથી તો આખા જગતમાં ખળભળાટ મચી ગયો. શેખ અબ્દુલ્લાને ત્રણ વર્ષની સજા ફરમાવવામાં આવી. છતાં લડત તો ચાલુ જ રહી.

ત્યાર પછી હિંદના રાજકારણમાં ઝડપી પલટો આવ્યો. હિંદ સ્વતંત્ર બન્યું ને કાશ્મીરની સરહદ પર જ પાકિસ્તાન નિર્માણ થયું. પાસેના જ પંજાબ અને સરહદ પ્રાંતમાં કોમી દાવાનળે ઇતિહાસમાં કદી નહિ નોંધાએલી એવી ભયંકર ખાનાખરાબી કરી નાખી; અને જો શેખ અબ્દુલ્લાની રાષ્ટ્રીય પરિષદે કોમી એખલાસ માટે તનતોડ પ્રયત્નો ન કર્યા હોત તો કાશ્મીર પણ તે કોમી કલહાગ્નિમાં ભસ્મીભૂત થયા વિના ન રહ્યું હોત.

આખરે રાષ્ટ્રીય પરિષદની વધતી જતી તાકાત તથા પાકિસ્તાની હાકના સતત ભયને કારણે કાશ્મીરના મહારાજાએ શેખ અબ્દુલ્લાને મુક્ત કર્યા. પોતાના લોકલાડીલા નેતાને પ્રજાએ અપૂર્વ સ્વાગતથી વધાવી લીધા. છૂટતાં વેંત જ રાજ્યમાં અમૃતસર અને લાહોરની પુનરાવૃત્તિ ન થાય તે માટે તેમણે ખાસ કાળજી લેવા માંડી.

એવામાં સરહદના પઠાણોએ કાશ્મીર પર સાર્વત્રિક હુમલો શરૂ કર્યો. આ આક્રમણથી કાશ્મીરને બચાવવા મહારાજાએ શેખ અબ્દુલ્લાની મદદ માગી. બીજી બાજુ કાશ્મીરને હિંદ સંઘમાં જોડવાની માગણી કરીને હિંદ સરકાર પાસેથી પણ સહાય માગી અને હિંદી સંઘે પણ કાશ્મીરના બચાવ માટે લશ્કર મોકલ્યું. અબ્દુલ્લા મુખ્ય પ્રધાન નીમાયા અને તેમણે તેમનું સ્વતંત્ર પ્રધાનમંડળ પણ રચ્યું. આજે કાશ્મીરની જનતા શેખ અબ્દુલ્લાની પાછળ છે અને ઉત્સાહભેર આક્રમણનો સામનો કરી રહી છે. બધું થાળે પડ્યા પછી કાશ્મીરે હિંદી સંઘમાં જોડાવું કે પાકિસ્તાનમાં તે નક્કી કરવા સાર્વત્રિક મતનોંધણી થવાની છે. તે વખતે શેખ અબ્દુલ્લાના નેતૃત્વ નીચે ત્યાંની પ્રજા હિંદી સંઘમાં જોડાવાનું પસંદ કરશે એમ લાગે છે.

૬ ફુટ ૪ ઇંચ ઊંચાઈની ભવ્ય કાયા ધરાવતા શેખ અબ્દુલ્લાનું વ્યક્તિત્વ ઘણું પ્રભાવી છે. ત્યાંની પ્રજા તેમનામાં ગાંધીજી, જવાહરલાલ તથા મહંમદ પયગંબર એ ત્રણેનું સુભગ મિશ્રણ થએલું જુએ છે. ગાંધીજીની માફક પ્રજાની નાડ પારખવાની તેમની તાકાત, જવાહરલાલની જેમ પ્રજાની સ્થિતિ સુધારવાની અખંડ ધગશ તથા મહંમદ પયગંબરની માફક સર્વ લોકો પ્રત્યે સમાન વર્તન રાખવાનો તેમનો આદર્શ જોતાં તે વાત ખોટી પણ નથી. (સંક્ષિપ્ત)

કાંગારૂ



જગતનું સૌથી વિચિત્ર મનાતું આ પ્રાણી આમ તો આપણી ગાય ભેંસ જેવું ચોપગું, આંચળવાળું જ પ્રાણી છે પણ જગતમાં તે પ્રખ્યાત થયું છે તે તો તેના પેટના બહારના ભાગ સાથે જોડાએલી રહેતી ઝોળીને કારણે. આ ઝોળીમાં તે પોતાનાં નાના બચ્ચાંને ઉછેરે છે.

કાંગારૂનું મૂળ વસતિસ્થાન ઑસ્ટ્રેલિયા. જોકે ન્યૂગિનિ તથા અમેરિકામાં પણ તે થોડા પ્રમાણમાં મળી આવે છે. આપણે ત્યાં જેમ ગાય, ભેંસ તથા ઘેટાં-બકરાં આબાલવૃદ્ધ સૌના પરિચયનાં હોય છે, તેમ ઑસ્ટ્રેલિયામાં કાંગારૂ સર્વપરિચિત પ્રાણી છે. એ જ ઑસ્ટ્રેલિયાનું મુખ્ય ચોપગું પ્રાણી છે, અને તેથી આજે તે ઑસ્ટ્રેલિયાનું રાષ્ટ્રીય પ્રતીક બન્યું છે.

કાંગારૂની અનેક જાતો છે. સૌથી મોટી જાતનું કાંગારૂ ૪-૫ ફુટ ઊંચું હોય છે, જ્યારે સૌથી નાનું ઉંદર જેટલું હોય છે તેમની રહેણીકરણી પણ જુદીજુદી હોય છે. કેટલાંક સપાટ મેદાનમાં રહે છે તો કેટલાંક ખિસકોલીની માફક ઝાડ પર રહે છે. કેટલાંક માંસાહારી હોય છે તો બીજાં તદ્દન વનસ્પત્યાહારી હોય છે.

મોટા કાંગારૂની રહેણીકરણી તો આપણા ઢોરો જેવી જ હોય છે. લીલોતરી તથા કુંળું ઘાસ એ તેમનો ખોરાક. ઘાસ તો તેમને એટલું ભાવે છે કે બીડનાં બીડ તે ખાઇ જાય છે. આથી ઑસ્ટ્રેલિયાના ખેડૂતોને તેમનો બહુ ઉપદ્રવ થાય છે. વળી તે એકલું ફરતું કરતું નથી, પણ સમૂહમાં રહે છે. જોકે આ સમૂહ બહુ મોટા હોતા નથી.

આ પ્રાણીની એક વિશિષ્ટતા એ છે કે તેના પાછળના પગ ઘણા મોટા તથા મજબૂત હોય છે, જ્યારે આગળના પગ નાના તથા નિર્બળ હોય છે. તેનો ઘણોખરો વ્યવહાર પાછલા પગ પર જ ચાલે છે. આગળના પગ તો માત્ર જમીન ઉપરનું ઘાસ ચરતી વખતે તથા દોડતી વખતે થોડોક આધાર લેવાના કામમાં આવે છે; બાકી તો આપણા હાથ પ્રમાણે તે કામે જ હોય છે.

કાંગારૂની બીજી વિશિષ્ટતા છે તેની પૂંછડી. પાંચ ફૂટ ઊંચા કાંગારૂની પૂંછડી સાધારણતઃ ૪ ફૂટ જેટલી લાંબી અને ઘણી મજબૂત હોય છે. આ પૂંછડીનો ઉપયોગ તેને બે રીતે થાય છે: એક તો બેસવા માટે અને બીજું ફલાંગો મારતી વખતે શરીરને સમતોલ રાખવા તથા 'પોલજમ્પ' (વાંસકૂદકા) માફક લાકડી જેવો આધાર લેવામાં. એ પ્રાણી આપણાં ગાયબળદની માફક બેસતું નથી, પણ ખિસકોલી અથવા વાંદરાની જેમ, પોતાના બે પગ તથા પૂંછડીના આધારે ત્રણ પાયાની ખુરશી બનાવીને આસાનીથી બેસે છે. પૂંછડીના સ્નાયુ બળવાન હોવાથી તે મોટીમોટી ફલાંગો સહેલાઈથી મારી શકે છે. તેનો સાધારણ કૂદકો જ આઠથી નવ ફૂટ જેટલો હોય છે અને જ્યારે તે દોડે છે ત્યારે તો ૩૦–૩૦ ફૂટ લાંબી ફાળ તે ભરે છે. આ રીતે તે થાક્યા વગર વીસ માઈલનો પંથ કાપી નાખે છે.

તેની ત્રીજી અને સૌથી આશ્ચર્યજનક વિશેષતા એટલે પેટના ભાગ પર આવેલી તેની થેલી. પાંચ ફૂટ ઊંચા કાંગારૂનું બચ્ચું જ્યારે જન્મે છે ત્યારે તદ્દન અવિકસિત અને માત્ર દોઢ ઇંચ લાંબું હોય છે! જન્મથી માંડીને મોટું થતાં સુધી માતા તેને પોતાની પેલી થેલીમાં ફેરવે છે. શરૂઆતમાં તો તે બચ્ચું બાપડું દૂધ પણ પી શકતું નથી. આવે વખતે માતા પોતે જ પોતાના પેટના સ્નાયુઓ દાબીને દુગ્ધગ્રંથિમાંથી દૂધ બચ્ચાના મોંમા પડે તેમ કરે છે. આમ બચ્ચું ધીમેધીમે મોટું થઈ માતાની આસપાસ રમવા લાગે છે, પણ ભયનો ઇશારો મળતાં જ તે માની કોથળીમાં આવીને છુપાઈ જાય છે. કાંગારૂની એ થેલી આ રીતે ત્રણ જાતનું કાર્ય કરે છે : એક તો અવિકસિત બચ્ચું તેમાં વિકાસ પામે છે માટે તે એક જાતનું ગર્ભાશય છે. બીજું, બચ્ચાંની સંભાળ, સંગોપન તેમાં જ થતાં હોઈ તે ઘર અથવા ઘોડિયા રૂપ છે. અને ત્રીજું, સંકટ વખતે તેમાં પેસી માના છત્ર નીચે નિર્ભય બની શકે છે માટે તે આસરાનું સ્થાન છે

તેના આગલા પગે પાંચપાંચ તથા પાછલા પગે ચારચાર આંગળાં હોય છે. પાછલા પગની ચોથી આંગળી ઘણી મજબૂત હોય છે અને તેને એક મોટો તીક્ષ્ણ નખ હોય છે. દુશ્મન સામે લડવાનું આ જ તેનું હથિયાર. લડતી વખતે પાછલા પગ ઉપર ઊભું રહી પોતાના શરીરનું વજન એક પગ તથા પૂંછડી પર સમતોલ રાખી, બીજા પગના આ નખ વડે તો દુશ્મનને લોહીલુહાણ કરી મૂકે છે. તેની લાત ગધેડાની માફક પાછળ નહિ પણ આગળની બાજુ જ તે મારે છે. કૂતરાં અને મનુષ્યો એ બે આ પ્રાણીનાં શત્રુઓ. માણસો તો ઘોડા પર બેસીને તેનો શિકાર કરે છે.

ઘેટાં જેવડું નાનું મોં, કાળાશ પડતી બદામી આંખો, વારંવાર આગળ પાછળ થતા મોટા ગોળ કાન તથા લાલ, રાખોડી તથા કાળા રંગની રૂંવાટીવાળી ઊન જેવી ચામડી ધરાવતા આ પ્રાણીનું વજન સાધારણતઃ ૧૫૦ રતલ જેટલું હોય છે. દર વખતે તે માત્ર એક જ બચ્ચાંને જન્મ આપે છે.

કાંગારૂ ફક્ત ઑસ્ટ્રેલિયામાં જ મળી આવે છે તથા તેનું બચ્ચું જન્મે છે ત્યારે તદ્દન અવિકસિત હોય છે, આ બે બાબતો પરથી વિદ્વાનો એવા અનુમાન પર આવ્યા છે કે પૃથ્વીના આદિ કાળમાં થએલાં ઈંડાં મૂકનારાં પ્રાણીઓની ઉત્ક્રાંતિ થતાંથતાં તેમાંનાં કેટલાંક પ્રાણીઓ સંપૂર્ણ વિકસિત બચ્ચાંઓને જન્મ આપવા લાગ્યાં, જ્યારે કેટલાંક તેમની પાછળ રહી ગયાં અને અવિકસિત બચ્ચાંને જન્મ આપતાં રહ્યાં. આ પાછળ રહી ગએલું પ્રાણી તે કાંગારૂ. પ્રાણીઓની ઉત્ક્રાંતિમાં કાંગારૂ પણ વિકાસ કરે તે પહેલાં પૃથ્વી પર એવા મોટા ભૌગોલિક ફેરફારો થયા કે જેથી ઑસ્ટ્રેલિયા ખંડ એશિયાના મુખ્ય ભૂમિભાગથી છૂટો પડી ગયો. આ કારણે સાચવી રાખ્યા પ્રમાણે કાંગારૂ તે પ્રદેશમાં જ મળી આવે છે.

સ્વભાવ તથા આરોગ્ય નિદર્શક નખ

હાથની રેખાઓ તથા દેખાવ પરથી ચારિત્ર્ય અને ભૂતભવિષ્ય–વર્તમાન જોવાનું હસ્તરેખાનું જેમ એક ખાસ શાસ્ત્ર છે, તેવી રીતે માનસશાસ્ત્ર અને વૈદ્યકીય દૃષ્ટિએ પણ આંગળીઓના નખ ઉપરથી માણસના સ્વભાવ તથા આરોગ્ય વિષે ઘણુંઘણું કહી શકાય છે.

માનસશાસ્ત્રની દૃષ્ટિએ નખ ઉપરથી જેમ માણસ ઝાંઝી, જલ્દી ઉશ્કેરાઈ જાય તેવો કે તકરારી હોય તો તે તરત જણાઈ આવે છે તેમ વૈદ્યકીય દૃષ્ટિએ પણ તેની ઉપરથી વ્યક્તિનું આરોગ્ય કેવું છે તથા તે કયા દરદથી પીડાય છે તે જાણી શકાય છે. લાંબા અને મૂળમાંથી અંડાકૃતિ જેવા નખ રક્તક્ષય અને ફેફસાંનાં દરદોના સૂચક છે. ટૂંકા અને સાંકડા નખ શરીરમાં કૅલ્શિયમની ન્યૂનતા બતાવે છે. ટૂંકા, સપાટ, મૂળમાંથી સાંકડા અને છેડાઓથી પહોળા નખ જલદી ઉશ્કેરાઈ જનાર માણસના સ્વભાવના નિદર્શક છે.

નખના મૂળ આગળ ધોળા રંગની અર્ધગોળાકાર આકૃતિ ઘણાંને હોય છે તેને આપણે 'ચન્દ્ર' કહીએ છીએ અને એવો ચન્દ્ર હોય તે માણસને 'નસીબદાર લેખવામાં આવે છે. પણ એ જાણવા જેવું છે કે ટૂંકા નખ પર એવો ચન્દ્ર હોય તો તે લોહીના ભ્રમણમાં મંદતા દર્શાવે છે. નખ ઉપર જો ધોળાંધોળાં ટપકાં હોય તો તે ઝાંઝી અને તકરારી સ્વભાવનું પ્રદર્શન કરતાં હોય છે. નાનાં છોકરાંના નખ ઉપરનાં આવાં ટપકાં કવખતનું ખાધા કરવાનું કે જ્ઞાનતંતુઓ ઉશ્કેરી મૂકે તેવી વાર્તાઓ કે વાતાવરણમાં ઊછરતાં હોવાનું દર્શાવે છે.

તંદુરસ્ત શરીરમાં નખ ગુલાબી રંગના, સુંવાળા અને ચમકતા હોય છે. ફિક્કા રંગના નખ લોહીનું ઓછાપણું દર્શાવે છે. બગડેલા રુધિરાભિસરણમાં નખ ઝાંખા રંગના હોય છે. નખમાં ઊભા લીટા કે આડા રોગાવસ્થા બાદ શરીર વધતું અટકી જવાની નિશાની રૂપ છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સ્વતંત્ર હિંદની ટપાલની ટિકિટો

ટપાલની નાનકડી ટિકિટ દેખાય છે તો મામૂલી; પણ કેવું અદ્ભુત કાર્ય કરવાનું સામર્થ્ય તેનામાં રહેલું હોય છે! જગતભરના દરેકે દરેક દેશમાં તે મુક્ત રીતે જઈ શકે છે અને જ્યાં જાય છે ત્યાં પોતાના દેશની કોઈ વિશિષ્ટ ભાવનાનો સંદેશ પહોંચાડવાનું કાર્ય તે કરે છે. આમ, કાગળની એ નાની ચબરખી દેશના પ્રતિનિધિ-રૂપ છે. દેશના મહાપુરુષોની પ્રતિમા, સૃષ્ટિસૌંદર્યનાં સ્થળો, ઐતિહાસિક સ્મારકો, શકવર્તી બનાવો, મુક્તિનો મહાસંદેશ ઇત્યાદિ પોતાના વક્ષઃસ્થળ પર અંકિત કરી લઈ તે દેશવિદેશના ટિકિટ-શોખીનો આગળ હાજર થાય છે અને પોતાના દેશની સંસ્કૃતિ તથા ઉચ્ચતમ ભાવનાને મૂર્તિમંત કરે છે.

આ જ કારણસર ટિકિટ પર કોઈ નૂતન ભાવના યા પ્રસંગનો ભણકાર જણાતાં જ ટિકિટ-સંગ્રહના શોખીનો તે ટિકિટ મેળવવાની પડાપડી કરે છે. આવી ટિકિટોનો મોટો ભાગ તો ટિકિટસંગ્રહ કરનારા જ ખરીદી લેતા હોવાથી સરકારને પણ ખૂબ ફાયદો થાય છે.

ગયે વર્ષે અમેરિકામાં સવા ત્રણ લાખ ડૉલર જેટલી જંગી રકમની ટિકિટો એકલા ટિકિટના શોખીનોએ જ ખરીદી હતી.' અમેરિકાના ટિકિટખાતાના સુપરિન્ટેન્ડન્ટ શ્રી રૉબર્ટ ફેલોઝ કહે છે: 'ટપાલ-ખાતામાં અમને જે નફો થાય છે તેનો ૮૫ ટકા ભાગ તો ટપાલની ટિકિટો દ્વારા જ થાય છે. લગભગ ૧ કરોડ જેટલા ટિકિટ સંગ્રાહકોના આલ્બમમાં આવી ટિકિટો સંઘરાય છે. યાદગાર પ્રસંગોએ બહાર પાડવામાં આવતી ટિકિટોમાંથી લગભગ ૮૫ ટકા ટિકિટો આ ટિકિટના શોખીનો જ ખરીદે છે, એટલે કે એટલી ટિકિટો પત્રવ્યવહારના ચલણમાં વપરાતી જ નથી.'

ખાસ ટિકિટો બહાર પાડવાનું હમણાં જાહેર થયું છે. નવેમ્બરની આખર સુધીમાં આવી ત્રણ જાતની ટિકિટો બહાર પડશે: (૧) દોઢ આનાની ટિકિટ. દેશના આંતરિક વ્યવહાર માટેની આ ટિકિટ પર અશોક સ્તંભના સિંહાંકિત શિખરની આકૃતિ હશે. તેની ઉપરની બાજુએ 'જયહિંદ' અને '૧૫ મી ઑગસ્ટ' એ લખાણ તથા નીચેના બે ખૂણાઓમાં અંગ્રેજી અને હિંદીમાં ટિકિટની કિંમત લખેલી હશે. આ ટિકિટની ૨॥ લંબાઈ હશે. (૨) સાડા ત્રણ આનાની ટિકિટ. આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટેની આ ટિકિટના મધ્યમાં વાદળી જમીન પર હિંદનો રાષ્ટ્રધ્વજ તેના અસલ રંગોમાં રજૂ થશે તથા જમણી

સંસારનાં શહેરો

૧૨-સીડની

ઑસ્ટ્રેલિયા ખંડનું 'લંડન' ગણાતું દક્ષિણ ગોળાર્ધનું મોટામાં મોટું આ શહેર વસતિ, વેપાર, ઉદ્યોગધંધા તથા લશ્કરી દૃષ્ટિએ જગતનું એક અગત્યનું નગર ગણાય છે.


આ શહેરનો ઇતિહાસ એટલે આખા ઑસ્ટ્રેલિયા ખંડનો અર્વાચીન ઇતિહાસ એમ કહીએ તો ખોટું નહીં. આજથી બસો વર્ષ પહેલાં તો આ સ્થળે માત્ર થોડાક આદિવાસીઓ આનંદથી રહેતા હતા. પણ ઈ. ૧૭૭૦ ની એક સવારે પ્રખ્યાત શોધસફરી કૅપ્ટન કૂક આ સ્થળે ઊતર્યો અને ઇંગ્લંડ વતી તે પ્રદેશ પર તેણે પોતાનો અમલ બેસાડ્યો. શરૂમાં તો ત્યાં ઇંગ્લંડમાંથી દેશનિકાલ થએલા ગુનેગારોને વસાવવામાં આવતા. પણ થોડા જ વખતમાં ત્યાંના સુંદર કુદરતી વાસને લીધે તથા તંદુરસ્ત ઠંડી આબોહવાને લીધે ગોરા લોકોનાં ધાડેધાડાં ત્યાં ઊતરવા લાગ્યાં અને તેની વસતિ કૂદકે ભૂસકે વધવા લાગી. ઈ. ૧૮૯૧માં ૧ લાખ, ૧૯૦૧માં ૫ લાખ, ૧૯૨૧માં ૧૦ લાખ અને ૧૯૪૩માં ૧૪ લાખ ઉપર આંકડો પહોંચી ગયો! આજે તો પરાં સાથે તેનો વિસ્તાર ૬૮૫ ચોરસ માઈલ છે.

તેની શ્રેષ્ઠ કુદરતી બંદરગાહને કારણે સીડની ઑસ્ટ્રેલિયાનું પહેલા નંબરનું મોટું બંદર છે. દેશનો મોટા ભાગનો વેપાર આ જ બંદર મારફતે ચાલે છે. ઑસ્ટ્રેલિયાની મુખ્ય પેદાશ ઊન તેનું સૌથી મોટું વેચાણ-સ્થળ પણ આ જ શહેર. હુન્નરઉદ્યોગ તથા કારખાનાંઓનું આ કેન્દ્રસ્થાન ન્યૂ સાઉથ વેલ્સ પ્રાંતની રાજધાની છે.

પણ સીડની એક રીતે જગવિખ્યાત બન્યું છે તે તો તેના અદ્ભુત લોખંડના પુલને કારણે. પૉર્ટ જૅકસન અખાતના બે છેડાને જોડતો આ જંગી પુલ જગતનું એક આશ્ચર્ય ગણાય છે. ૩૭૭૦ ફૂટ (લગભગ પોણો માઈલ) લાંબો આ 'હાર્બર બ્રિજ' જગતનો મોટો પુલ ગણાય છે. તેના પર બે પગરસ્તા, એક ૫૭ ફૂટ પહોળો મોટર રસ્તો અને ૪ વીજળિક ટ્રેનો એકસાથે દોડી શકે તેવી રચના છે. તેની મુખ્ય કમાનના માળાની જ લંબાઈ ૧૬૫૦ ફૂટ છે. વળી પાણીની સપાટીથી ૧૫૦ ફૂટ જેટલે ઊંચે તે બાંધવામાં આવેલો હોવાથી મોટીમોટી સ્ટીમરો પણ તેની નીચેથી સહેલાઈથી પસાર થઈ શકે છે.

ત્રણે બાજુથી લીલાછમ નાનાનાના પહાડોથી ઘેરાએલું આ શહેર ઘણું રમણીય લાગે છે. તેની પાસેનો 'બ્લ્યૂ માઉન્ટ' તો આપણા હિમાલયની માફક ઑસ્ટ્રેલિયનો માટે અનેરું આકર્ષણ છે. વરસ દરમિયાન સતત થોડોથોડો વરસાદ, શિયાળામાં ઉત્સાહદાયક ઠંડી ને ઉનાળામાં સાધારણ ગરમી; એવી માફક આબોહવાને કારણે યુરોપિયનોને તે સ્થાન બહુ પસંદ પડે તે સ્વાભાવિક છે. વળી વરસમાં ૬૫૦૦ કલાક ત્યાં સૂર્યનાં દર્શન થતાં હોવાથી સૂર્યઘેલા ગોરા લોકો તેને 'સિટી ઑવ સનશાઇન' કહે છે.


સીડની એ યુરોપિયન સંસ્કૃતિનું જ ફરજંદ છે. યુરોપિયન ઢબનાં ઊંચાં આલીશાન મકાનો તથા દેવળો, ટ્રામટ્રેનની આધુનિકતમ સગવડ, ઠેકઠેકાણે મોટા બાગબગીચા તથા રમતનાં મેદાનો અને ગોરા લોકોની વસ્તીને કારણે તે લંડનની જ બીજી આવૃત્તિ બનાવ છે.




હિંદ પાસે પણ ટિકિટો અંકિત કરવા માટેની ગજબની સામગ્રી પડી છે. જગતભરમાં લાંબામાં લાંબા તેના ઇતિહાસમાં થઈ ગએલી પ્રભાવશાળી માનવવિભૂતિઓ, રમ્યપ્રચુર નિસર્ગદૃશ્યો, વૈવિધ્યપ્રચુર પ્રાણીસમૃદ્ધિ અને મહાન ઘટનાઓથી ભરેલા તેના વૈભવશાળી ભૂતકાળમાંના અગત્યના બનાવો ચિત્રિત કરતી ટિકિટો કાઢવા માટે આપણી પાસે ઓછી સમૃદ્ધિ નથી.

૧૫ મી ઑગસ્ટે હિંદને સ્વાતંત્ર્ય મળ્યું એ શકવર્તી બનાવને ટિકિટ પર અંકિત કરી આપણી મુક્તિનો એ મંગળ-સંદેશ દેશદેશમાં પહોંચાડવાની તક તાત્કાલિક સરકારને મળી ન શકી, પણ હવે તેની

બાજુના ખૂણામાં 'જયહિંદ' લખેલું હશે. (૩) પરદેશમાં વિમાને માર્ગે ટપાલ મોકલવા માટે બાર આનાની ટિકિટ. વાદળી રંગની આ ટિકિટ પર વચ્ચે વિમાનનું ચિત્ર, ઉપર ડાબા ખૂણામાં 'જયહિંદ' અને નીચે ડાબા ખૂણા પર ટિકિટની કિંમત આલેખાએલાં હશે. સિક્યોરિટી પ્રિન્ટિંગપ્રેસ તરફથી યોજાએલી ટિકિટોની આ માળિકા થોડાક સમય સુધી જ ચાલુ રહેશે. સ્થાયી સ્વરૂપની ટિકિટોની ક્રમિક માળિકા માટે કલાકારો પાસેથી તેમનાં ડિઝાઇન મંગાવી તેમાંથી પસંદ કરીને પછી બહાર પાડવામાં આવશે. શ્રેષ્ઠ ડિઝાઇન મોકલનારને ખાસ ઈનામો અપાશે








કલાકાર નારાયણ શ્રીધર બેન્દ્રેનાં ત્રણ ચિત્રો

આ અંકમાં અન્યત્ર આપેલા એમના પરિચયમાં જણાવ્યા મુજબ, કુદરતના સીધા સંપર્કમાંથી (આજ સુધીમાં લગભગ ૮૦૦૦ ઉપરાંત જેટલાં ચિત્રો સર્જવા જેટલી પરિશ્રમપૂર્વકની સાધના બાદ) તેમણે જેમ અજબ સુમેળ સાધતી ભભકભરી રંગસિદ્ધિ હસ્તગત કરી છે, તેમ ખૂબી-વંત ચિત્રસંયોજનાના પણ તે સ્વામી છે. અહીં મથાળે (જમણી તરફ) આપેલા 'ઘેર નજીની ગ્રામ રમણીઓ'ના ચિત્ર તથા પૃ. ૩૧૮ પર આપેલી 'જંગલમાં કરગઠિયાં વીણતી ગ્રામ સ્ત્રીઓ'ના ચિત્રની ઊભી તકતીઓમાંનાં પ્રમાણ-ભારવાળાં દૃષ્ટિમધુર સંયોજનો તેની સાખ પૂરશે. ડાબી બાજુ–મોદભર્યા ગૃહજીવનનાં બે દૃશ્યો: મથાળે–'ચાલણગાડી પર પહેલાં પગલાં'; નીચે–'રંગધૂપેરો.'



ભૂખમરો

ફોટો: ચીનુભાઈ પટેલ

બેંગલોરના અખિલ હિંદ ફોટોગ્રાફિક પ્રદર્શનમાં સુવર્ણપદક મેળવનાર આ કૃતિ 'ટેબલ-ટૉપ ફોટોગ્રાફી'ની એક પ્રશસ્ય કૃતિ છે. 'કુમાર'ના ગયા વર્ષના ડિસેમ્બર અંકના પૂઠા ઉપર અમે આ જ કલાપ્રકારનો એક નમૂનો આપ્યો હતો, તે વેળા આપેલી તેને સમજાવતી નોંધ નવા વાચકો માટે ફરી ઉતારીએ: 'ટેબલ-ટૉપ ફોટોગ્રાફી' એટલે એકાદ ટેબલના મથાળા ઉપર કે એવી કોઈ સપાટી ઉપર રમકડાં, ખોખાં, પૂઠાં અને એવી નાનીનાની મામૂલી વસ્તુઓની સુયોજિત રચના કરી તેમાંથી કુદરતી સૃષ્ટિનો સજીવ આભાસ ઉત્પન્ન કરી બતાવતી ફોટોગ્રાફીની કળા. એ બહુ મુશ્કેલ કળા છે અને સજીવ રચના-સૌન્દર્ય સાધવાની વિશિષ્ટ શક્તિ માગી લે છે. આ ચિત્રમાં તો એવી સજીવતા ઉપરાંત વિશેષતઃ પ્રતીક રૂપ પણ આપવામાં આવ્યું છે. બંગાળના ભૂખમરામાંથી સ્ફૂરેલા એ વિચારને મૂર્ત કરવા, હિંદના નકશા પર બંગાળ બાજુએથી ધસ્યે આવતા મૃત્યુના પ્રતીક રૂપ એ જ સ્થળે મૂકેલી માનવ ખોપરી, એ જ વિચારને બલવત્તર કરતા પર્ણહીન વૃક્ષને સ્થાને ગોઠવેલી કુદરતી ઝાડની ડાળી, હાડપિંજર બનેલા ક્ષુધાર્તનું રચેલું પૂતળું તથા હિંદનો નકશો, એ સર્વ મામૂલી વસ્તુઓમાંથી એક હૃદયસ્પર્શી સર્જન કરવામાં આવ્યું છે.

ઑક્ટોબર-તવારીખ

તા. ૨ મુંબાઈનું માધવબાગનું જાણીતું મંદિર હરિજનો માટે ખુલ્લું મુકાયું.

તા. ૬ પશ્ચિમ પંજાબમાંથી ૪ લાખ હિન્દુ-સ્તાનીઓનો સૌથી મોટો કાફલો હિંદ આવ્યો.

તા. ૧૦ પાકિસ્તાનની સત્તા નીચે મુકાએલા ચિતાગોંગના પહાડી પ્રદેશના લોકોએ પાકિસ્તાનની સત્તા સ્વીકારવાની ના પાડી.

તા. ૧૪ મરાઠી ભાષાના 'સાહિત્ય સમ્રાટ' ગણાતા મહારાષ્ટ્રના શ્રેષ્ઠ પત્રકાર તથા પીઢ નેતા શ્રી નરસિંહ ચિંતામણ કેળકરનું મૃત્યુ.

તા. ૧૮ મુંબાઇ સરકારે હાઇસ્કૂલના પહેલા, બીજા અને ત્રીજા ધોરણમાંથી અંગ્રેજીનો અભ્યાસ રદ કરવાનો ઠરાવ કર્યો.

તા. ૨૩ હિંદ સરકારે જૂનાગઢના તાબા હેઠળના માણાવદર રાજ્યનો કબજો લીધો.

તા. ૨૪ જૂનાગઢની આરઝી હકૂમતે છાપો મારીને જૂનાગઢના ૧૦ ગામ કબજે કર્યા.

તા. ૨૫ દક્ષિણ ચિતાગોંગ અને કૉકૂસ બજાર વિસ્તારમાં વાવાઝોડાથી ૩૦૦ ચો. માઈલ વિસ્તારમાં લોકો ઘરબાર વગરના થઇ ગયા.

તા. ૨૬ સરહદ પ્રાંત તરફના હુમલાખોરોએ (પાકિસ્તાની આંખમીંચામણાં નીચે ?) કાશ્મીર પર આક્રમણ શરૂ કર્યું.

તા. ૨૭ કાશ્મીરે હિંદી સંઘમાં જોડાઇ મદદ માગતાં હિંદે વિમાનમાર્ગે લશ્કર મોકલ્યું. કાશ્મીરના લોક નેતા શેખ અબ્દુલ્લાના સ્વયંસેવકોએ બારામુલ્લાનો પુલ ઉડાવી દઇ શ્રીનગર બચાવી લીધું. શેખ અબ્દુલ્લાને વડા પ્રધાન નીમવાનો મહારાજાનો પ્રસ્તાવ.

તા. ૨૯ માંગરોળ અને બાબરીઆવાડ પર હિંદી સંઘે કબજો મેળવ્યો.

તા. ૩૧ શેખ અબ્દુલ્લાએ કાશ્મીરના વડા પ્રધાન તરીકે સોગંદ લીધા.

આ માસનો પ્રસંગ-વિશેષ: **સુએઝની નહેર ખુલ્લી મુકાઈ:** ભૂમધ્ય સમુદ્ર અને રાતા સમુદ્રને જોડતી ૧૦૧ માઈલ લાંબી આ મહત્ત્વની નહેર ખોદવાનું જંગી સાહસ ફ્રેન્ચ ઇજનેર ફર્ડિનાન્ડ દલેસેપ્સે ફ્રાન્સ તથા ઇજિપ્તની મદદથી ઈ. ૧૮૫૮માં ઉપાડેલું ૧૦ વર્ષની કાળજાતૂટ મહેનત તથા ૧૭૦ લાખ પાઉન્ડના ખર્ચ પછી ઈ. ૧૮૬૯ના નવેમ્બરની ૧૭મીએ તે ખુલ્લી મુકાઈ ત્યારે યુરોપ અને એશિયા વચ્ચેનો તે સૌથી ટૂંકો જળમાર્ગ બન્યો દુનિયાની કરોડ રજ્જુનો અગત્યનો મણકો તથા બ્રિટિશ સામ્રાજ્યની ધોરી નસ ગણાતી આ નહેરની શરૂમાં તો બ્રિટને ઉપેક્ષા કરેલી. ૬ વર્ષ બાદ તેણે તેના શેર ખરીદેલા.

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં

તા. ૨ પોતાના પ્રતાપથી અંગ્રેજોને ધ્રુજાવનાર પંજાબ કેસરી રણજીતસિંહનો જન્મ, ૧૭૮૦.

તા. ૫ પાણીપતના યુદ્ધમાં હારેલા વીર સેનાપતિ હેમુનો બહેરામખાને વધ કર્યો, ૧૫૫૬.

તા. ૭ પુરાવિદ્યાના જગતખ્યાત ગુજરાતી પંડિત ભગવાનલાલ ઇંદ્રજીનો જન્મ, ૧૮૩૯.

તા. ૧૦ શિવાજીને પકડવા નીકળેલા અફઝલખાનનો શિવાજીએ વધ કર્યો, ૧૬૫૯.

તા. ૧૨ બનારસની વિખ્યાત હિંદુ યુનિવર્સિટીના સંસ્થાપક, આર્ય સંસ્કૃતિના મહાન જ્યોતિર્ધર, ભારતભાગ્ય પંડિત મદનમોહન માલવીયનું અવસાન, ૧૯૪૬.

તા. ૧૩ ઇંગ્લંડના ૩૩ ટકા ઘરોનો નાશ કરનાર જર્મન વિમાની હલ્લાની શરૂઆત, ૧૯૩૯.

તા. ૧૪ લંડનની વિખ્યાત બી. બી. સી. નો પહેલો પ્રોગ્રામ વાયુમાં વહેતો મુકાયો, ૧૯૨૨.

તા. ૧૫ ગુજરાતમાં બાળશિક્ષણના આદ્ય યુગપ્રવર્તક શ્રી ગિજુભાઇ બધેકાનો જન્મ, ૧૮૮૫.

તા. ૧૯ સુએઝની નહેર બાંધનાર પ્રખ્યાત ઈજનેર ફર્ડિનાન્ડ લેસેપ્સનો જન્મ, ૧૮૦૫.

તા. ૨૪ ડાર્વિને પોતાનો પ્રાણીઓનો ઉત્ક્રાન્તિનો સિદ્ધાંત પ્રસિદ્ધ કર્યો, ૧૮૫૯.

તા. ૨૬ અંગ્રેજ સત્તા સામે વીરતાથી ઝૂઝનાર મ્હૈસુરના વાઘ ટિપુ સુલતાનનું મૃત્યુ, ૧૭૯૯.

તા. ૨૮ બ્રિટિશોએ માંડલે શહેર કબજે કર્યું, ૧૮૮૫.

તા. ૩૦ હિંદના પ્રતિભાવાન વિચક્ષણ વૈજ્ઞાનિક શ્રી જગદીશચન્દ્ર બોઝનો જન્મ, ૧૮૫૮.



આ માસની વ્યક્તિવિશેષ : **સુરેન્દ્રનાથ બૅનરજી**

હિંદના રાજકીય જાગૃતિના ઉદયકાળે પોતાની સિંહ સમી ત્રાડોથી સમસ્ત દેશને ખળભળાવી મૂકનાર આ મહાન દેશભક્તનો જન્મ ઈ. ૧૮૪૮ ની ૧૦ મી નવેમ્બરે શ્રી દુર્ગાચરણ બૅનરજી નામના એક બંગાળી ડૉક્ટરને ત્યાં થયો હતો. ઊંચે નંબરે બી. એ. પાસ કરી તે ઇંગ્લંડ જઈ આઇ. સી. એસ. થયા. પરંતુ બને તેટલા ઓછા હિંદીઓને અમલદાર બનાવવાની નીતિને અનુસરી સરકારે તેમની નાની ઉંમરનો બાધ કાઢી તેમને ચૂંટ્યા નહિ. આ સામે એ નીડર અને સ્વમાની યુવાને ત્યાંની અદાલતમાં કેસ ચલાવી હિંદુ રીત પ્રમાણે પોતાની વય કાયદેસર હોવાનું પુરવાર કર્યું અને સિલ્હટ જિલ્લાના મેજિસ્ટ્રેટ તરીકે હિંદને કિનારે પગ મૂક્યો. પણ બે વર્ષની એમની કારકિર્દીમાં મામૂલી દૂષણો કાઢી સરકારે તેમને બરતરફ કર્યા. એ અન્યાય ટાળવા તે વિલાયત ગયા. પણ ત્યાં સર્વ મહેનત ફોગટ જવાથી બૅરિસ્ટરનો અભ્યાસ કર્યો. પરંતુ બરતરફ થએલા સરકારી અમલદારને બૅરિસ્ટરનો 'કાળો ઝભ્ભો' અપાતો નથી એ રૂએ એમની એ પરીક્ષા પણ એળે ગઇ. આ બીજા કારી ઘાએ તેમને સરકાર સામે લડીને દેશને થતા અન્યાય દૂર કરવાના દેશદાઝભર્યા માર્ગે વાળ્યા.

શરૂમાં શિક્ષણના ક્ષેત્રમાં પડીને તેમણે કલકત્તાની એક શાળા પોતાને હસ્તક લીધી. પોતાના આકર્ષક વ્યક્તિત્વ તથા અશ્રાંત પરિશ્રમ વડે થોડા જ વખતમાં તેમણે એ શાળાનું પ્રખ્યાત 'રિપન કૉલેજ'માં રૂપાંતર કર્યું અને એ દ્વારા, તથા પોતે સ્થાપેલા 'બંગાળી' પત્ર દ્વારા, યુવાન બંગાળામાં ઉચ્ચ દેશપ્રેમ ઉત્પન્ન કરવાનું અદ્વિતીય કાર્ય તેમણે કર્યું.

હિંદી રાષ્ટ્રીય મહાસભાની ભૂમિકા તૈયાર કરવામાં તથા તેની સ્થાપનામાં તેમનો જ અગ્રભાગ હતો. ઈ. ૧૮૯૫ માં પૂનામાં અને ૧૯૦૨ માં અમદાવાદમાં મરાએલી કૉંગ્રેસોના પ્રમુખપદેથી તેમણે આપેલાં ભાષણો મહાસભાના ઉજ્જવળ સીમાસ્તંભ સરખાં છે. પણ એમની ચડતીનો મધ્યાહ્નકાળ તો હતો બંગભંગ. લૉર્ડ કર્ઝને પાડેલા બંગાળના ભાગલા સામે તેમણે વિરોધનો એવો તો પ્રચંડ દાવાનળ પ્રગટાવ્યો કે ફક્ત બંગાળ જ નહિ પણ સમસ્ત હિંદ એથી જાગી ઊઠયું અને આખરે સરકારને બંગભંગ પાછો ખેંચી લેવો પડ્યો.

પરંતુ પછીથી યુવાનોને ઉગ્ર-પ્રવૃત્તિના માર્ગે વળેલા જોઇ તે નરમ વિચાર રજૂ કરવા લાગ્યા અને ૧૯૦૮માં તો તે વિનીત પક્ષમાં જોડાયા. આથી તેમની લોકપ્રિયતાનો જુવાળ ઓસરવા લાગ્યો. પછીથી તો તે બંગાળ ધારાસભામાં ગયા ને સ્થાનિક સ્વરાજ્ય ખાતાના સરકારી પ્રધાન બન્યા. ૧૯૨૧માં સરકારે તેમને સરનો ઇલ્કાબ આપેલો. હિંદના આ શ્રેષ્ઠ દેશભક્તનું ૭૭ વર્ષની પાકટ વયે ઈ. ૧૯૨૫ની ૬ ઠ્ઠી ઑગસ્ટે અવસાન થયું.

ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ એ હાક જાગો મુજ રોમરોમ
હા દેશ મારો મુજ દેશભક્તિ એ દેશ સાટે મુજ સર્વ શક્તિ

—ચન્દ્રવદન મહેતા

શરણે આવેલા જહાંગીરના પુત્ર ખુર્રમને શીખોના ગુરુ અર્જુનદેવે આશરો આપતાં જહાંગીરે તેમને પકડી મંગાવ્યા ને પૂછ્યું, 'સંત થઈને રાજશત્રુને આશરો કેમ આપ્યો?' ગુરુએ નિર્ભયતાથી જવાબ આપ્યો, 'એ રાજશત્રુ હો કે ગમે તે હો, મારો તો તે શરણાગત હતો, દુઃખી હતો; મદદ ન કરું તો જગત મને ક્રૂર અને ડરપોક કહે'. અને તે ગુના માટે ગુરુ હસતે મુખે પાશવી જુલમો સહન કરીને મૃત્યુને ભેટ્યા.

~

કહેવતોના અર્થ : 'અજવાળી તો પણ રાત.' સ્ત્રીઓ ગમે તેવી શક્તિ કે પ્રતિભા ધરાવે, છતા તે અબળા હોવાને કારણે પુરુષની તોલે તો ન જ આવે એવી માન્યતા દર્શાવવા માટે વપરાતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે રાત ગમે તેવી પ્રકાશમાન હોય, તોપણ દિવસના જેટલો પ્રકાશ નથી જ આપી શકતી. એને મળતી બીજી ઉક્તિઓ: 'ડાહ્યું તો પણ પશુ' (તેનો વિશ્વાસ ન થાય.)

ગાડો તો ય ગરાસિયો, ડાહ્યો તો યે ઢૂંઢ,
ભૂંડો તો યે ભગતડો, રૂડું તો યે પુચ્છ.

~

અનેકાર્થી શબ્દ: કાંટો=કેટલીક વનસ્પતિ પર ઊગતો કઠણ અણીદાર અંકુર, શૂળ; એવા આકારની કોઈ પણ વસ્તુ (ઘડિયાળનો કાંટો, માછલી પકડવાનો કાંટો); પાશ્ચાત્ય રીતે જમનારાઓમાં વપરાતી એક વાંકી, અણીદાર દાંતાઓવાળી પકડ; તોલ કરવાનું યંત્ર; નાકે પહેરવાનું સ્ત્રીઓનું એક ઘરેણું; પોપટના ગળામાં થતો એક રોગ; રોમાંચ; નડતર; અંટસ યા કીનો; વહેમ કે શંકા; જુસ્સો કે પાણી; ટેક યા ગમત.

~

ગણિત-ગમ્મત : કોઈ પણ પાસેપાસેની બે રકમોના ઘનફળ(ઘન)નો તફાવત, તે મૂળ બે રકમોના વર્ગના સરવાળા કરતા, તે બે રકમોના ગુણાકાર જેટલો વધારે છે. દા. ત. $૪^3-૩^3=૪^2+૩^2+(૪×૩)$.—નોતમ વખારિયા

~

દુનિયાભરમાં જેટલી ચા વપરાય છે તેનો અડધો હિસ્સો એકલું ઇંગ્લંડ જ ઉડાવે છે.

~

પાણી અને તેલ એકઠાં થતાં નથી; તેલ પાણી પર તર્યાં કરે છે. પણ જો તેમને એકઠાં કરવાં હોય તો એક સાબુનો કકડો નેમાં છૂટો મૂકી દેજો.



પંદરમી સદીમાં દિલ્હીના છેલ્લા પઠાણ બાદશાહો નબળા પડતા હિંદના વિવિધ પ્રાંતો (માળવા, બંગાળ, ગુજરાત વગેરે)માંના તેના સુબાઓએ સ્વતંત્ર થઈને પોતપોતાનાં રાજ્યો સ્થાપી દઈ તેમાં ચલાવવા માટે પોતાના અલાહેદા સિક્કાઓ પણ પાડ્યા. તે પૈકી બીજાપુરના આદિલશાહના બે ચેનજ વિચિત્ર આકારના સિક્કાની બંને બાજુનાં ચિત્રો ઉપર આપ્યાં છે. જેમાં એક તરફ 'આદિલશાહ' અને ત્રણ સીધાલીટા પાડેલા છે અને બીજી બાજુ તદ્દન ઘસાઈ ગઈ હોવાથી વાંચવું બની ગઈ છે.

~



આ વર્ષના ઑક્ટોબરમાં ઊજવાયેલી ઍની બેસંટ જન્મ-શતાબ્દી-જયંતીનું સ્મરણ આંકતી બિનન્ટાની ટિકિટ.

~

માખીને નથી હોતું મોઢું કે નથી હોતા દાંત. તો તે પોતાનો ખોરાક કેવી રીતે ખાતી હશે એવો ઘણાને પ્રશ્ન થાય. પ્રોબોસિસ નામની એક નળી વડે તે ખોરાક ચૂસે છે.

~

પૃથ્વીના $\frac{1}{4}$ ભાગમાં ફક્ત રણ આવેલું છે.



કલાકણિકા : ૧૮મી સદીની દક્ષિણ હિંદની એક પિત્તળની દીવીનું સુશોભન.

આવક પર કર લેવાની પદ્ધતિ (Income tax) સૌ પહેલી ઇ. ૧૭૯૮માં ઇંગ્લંડમાં શરૂ થઈ હતી. તે વખતે યુદ્ધને કારણે થોડા સમય માટે તે કર નાખવામાં આવ્યો હતો.

~

એવી ગણતરી કરવામાં આવી છે કે દરેક માણસના શરીર પર લગભગ ૨૦ લાખ છિદ્રો હોય છે. સરાસરી દર ચોરસ ઇંચે ૫૦૦ છિદ્રો થાય. પણ હાથ અને પગ ઉપર દર ઇંચે ૨૦૦૦ છિદ્રો છે. આ દરેક છિદ્ર નીચે પરસેવાની એકએક ગ્રંથિ હોય છે. ઉનાળાના સાધારણ દિવસમાં સામાન્ય માણસનું શરીર એક ક્વાર્ટ પરસેવો ઉત્પન્ન કરે છે.

~

કેટલાક હીરાઓ આકાશમાંથી પૃથ્વી પર પડ્યા છે એમ વૈજ્ઞાનિકો માને છે. આકાશમાંથી ખરતા તારાઓ (ઉલ્કાઓ)માંનું પીગળેલું લોખંડ એકદમ જો ઠંડું પડે તો તેમાંના કાર્બન તત્ત્વની ઘનતામાં મોટો ફેરફાર થાય છે ને તેથી હીરા બને છે. દક્ષિણ આફ્રિકામાં કિમ્બર્લીની હીરાની ખાણો આવા ખરતા તારાઓને આભારી છે એમ વૈજ્ઞાનિકો માને છે.

~

ગ્રીનીચની વેધશાળાનાં ઘડિયાળો એવાં સંપૂર્ણ છે કે તેને એકાદ મિનિટ આગળ-પાછળ થવા માટે પણ ૧૬૫ વર્ષ લાગે!

~

બ્રિટિશ સામ્રાજ્યમાં શૂરાતન માટે અપાતા જાણીતા 'વિક્ટોરિયા ક્રૉસ' વીરપદકની ખરી કિંમત માત્ર છ આના જ છે!

~

તમે જાણો છો?

દરેક ઘરને નંબર આપવાની પદ્ધતિ સૌ પહેલી નેપોલિયને અમલમાં આણી ● મોટર બનાવવામાં ૧૭૦૦ જુદાજુદા ભાગોની અને વિમાન બનાવવામાં ૭૦૦૦ ભાગની જરૂર પડે છે. ● હિટલર, મુસોલિની અને નેપોલિયન ધૂમ્રપાન કરતા નહોતા. ● દુનિયાના ત્રણચતુર્થાંશ ભાગના કાગળો અંગ્રેજી ભાષામાં લખાય છે. ● હિંદુસ્તાનમાં રવિવારે રજા પાળવાનો રિવાજ ૧૮૪૩માં અંગ્રેજોએ દાખલ કર્યો.